કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું વર્તમાનપત્ર

# વાવડ

વર્ષ – ૩૨/અંક –૬૧

E-mail-vavadad1@sancharnet.in, - kutchvavad@yahoo.com RNI No. 27550/74

**તંત્રી**
રામ કરશનદાસ ઠક્કર
મો. ૯૪૨૬૨ ૬૫૨૨૫

**વિશેષાંક સંપાદક**
દર્શનકુમાર ઠક્કર
૯૮૭૯૭ ૬૫૨૨૫

**મુદ્રણ સ્થાન**
જાહ્નવી ઓફસેટ
લોટસનગર ભુજ.

**પ્રકાશન સ્થળ**
અક્ષરધામ, ૧૦૪/એ,
લોટસનગર ભુજ.

**અંક સજાવટ**
મનીષ ઠક્કર
(નિલકંઠ પ્રિન્ટીંગ પ્રેસ)
શ્યામ ચારણ 'પપ્પુ'

ફોન : ૨૫૦૮૬૫,
: ૨૫૦૨૬૫,
મુદ્રક, પ્રકાશક અને માલિક
રામ કરશનદાસ ઠક્કર

# સંઘર્ષમય પત્રકારત્વની સુવાસ

દૈનિક 'વાવડ'ના તંત્રી અને મારા પિતા રામ કરશનદાસ ઠક્કરને રાજ્યપાલ નવલકિશોર શર્માના હસ્તે ફુલશંકર પટ્ટણી એવોર્ડ અપાનાર છે.

દૈનિક 'વાવડ'ના કાર્યકારી તંત્રી તરીકે મને જવાબદારી સોંપનાર મારા પિતા રામભાઈ ઠક્કર 'વાવડ'ની સ્થાપના ૧૯૭૪ નખત્રાણાથી કરી હતી એ પહેલાં તેઓ ૧૪ વર્ષની વયથી પત્રકારત્વ ક્ષેત્રે સંઘર્ષમય જીવન શરૂ કર્યું હતું. હાલના અદ્યતન ટેકનોલોજી યુગમાં અખબારી જગતને સમાચારો માટે ઝઝુમવું નથી પડતું. અગાઉ ટેકનોલોજીના અભાવે અનેક સંઘર્ષો વચ્ચે શૂન્યમાંથી સર્જન કરનારા અને એવોર્ડ માટે નોમિનેટ થયેલા મારા પિતા રામભાઈ સાદુ અને સરળ જીવન પસાર કરવાનું વધુ પસંદ કરે છે. મારી અનેક વખતની જીદ છતાં કોઈ પણ મહત્વાકાંક્ષી કે ભભકા વિનાનું જીવન પસંદ કરે છે. મારા દાદાજીના વખતની એક ટેબલ અને સાદી ખુરશી હજુ તેમની ઓફિસમાં કાયમ રાખી છે. તંત્રી અને અખબારના માલિક હોવા છતાં તેઓ સમારંભ કે કવરેજમાં જવાનું જાતે પસંદ કરે છે અને રીપોર્ટર કે અન્ય તંત્રી વચ્ચે કોઈ ભેદ વિના સૌને મળે છે. રીપોર્ટરો સાથે બેસીને પણ કવરેજ કરવામાં ક્યારેય ક્ષોભ અનુભવતા નથી. તંત્રી કે અખબારના માલિક તરીકેનો ક્યારેય અહમ્ જીવનમાં લાવ્યા નથી.

અખબારી અહેવાલો કે તંત્રી લેખમાં નૈતિક, મૂલ્યનિષ્ઠ સિદ્ધાંતોની બાંધછોડ વિના જ નેક પત્રકારત્વને જાળવી રાખ્યું છે. આકાશવાણી પર પ્રથમ કચ્છી વાર્તા લખેક તરીકેનું માન પણ તેમણે પ્રાપ્ત કર્યું છે. પીળા પત્રકારત્વના વિરોધ સાથે ધીમી છતાં લાંબી પ્રગતિરૂપ આજે દૈનિક 'વાવડ' માટે સાધનો ઉભા કર્યા છે. આજ સિદ્ધાંતોના કારણે કચ્છના અખબારી જગતમાં 'વાવડ' કે 'રામ'ના નામનું વજન પડે છે. આ વજનના કારણે જ આજે આ એવોર્ડ માટે તેઓની પસંદગી થઈ છે એ પંથ ઉપર દૈનિક 'વાવડ'ને ઉત્તરોત્તર પ્રગતિ તરફ લઈ જવા માટે હું પ્રતિબદ્ધ છું.

–દર્શનકુમાર ઠક્કર

For Air Tickets & Sea

Gram : Gita, Fax : 2262 55 40

Telephones : 2342 3681/86, 2261 5551/53
E-mail : Velkanji@bom8.vsnl.net.in

**KANJI JADHAVJI & CO.**

**Freight Brokers and Landing Contractors to the Scindia Steam Navigation Company Limited**

***TRAVELAGENT/BOOKINGAGENT*SHIPPIN CORPORATION OF INDIA LTD*VARUN SHIPPIN CO. LDT.**

***MUMBAI PORT TRUST*ASSOCIATED CEMENT COS. LTD.*AIR INDIA & AIRLINES**

Masjid Bridge,
Mumbai 400 009

Admn. off. : 2,
Janmadhoomi Charnbers.
Ballard Estate,
Mumbai 400 001

Storage Warehousing at Reasnable Rates

વાવડના તંત્રી રામ કરશનદાસ ઠક્કરને
ફુલશંકર એવોર્ડ મળવા બદલ
હાર્દિક શુભેચ્છા......

# નખત્રાણા તાલુકા પંચાયત

**શ્રીમતી કાન્તાબેન નારાણ દાફડા**
પ્રમુખ

**લાલજીભાઈ હંસરાજ રામાણી**
ઉપપ્રમુખ

**તાનસેન શાહ**
કારોબારી ચેરમેન

**એ.આર. વ્હોરા**
તાલુકા વિકાસ અધિકારી

**એવમ્ સર્વ પંચાયત ગણ સદસ્યશ્રી અધિકારી ગણ**

# કચ્છના આજીવન ભેખધારી પત્રકાર : ફુલશંકર પટ્ટણી

કચ્છના સૌથી જુના વર્તમાનપત્ર 'જયકચ્છ'ના સ્થાપક સ્વ. ફુલશંકર પટ્ટણીનું કચ્છના જ નહિં ગુજરાતના આજીવન ભેખધારી જાંબાઝ પત્રકારોમાં નામ છે. એ વખતે જયારે રાજાશાહી હતી ત્યારે અખબાર ચલાવવું એ ખાંડાની ધાર હતી ત્યારે અનેક ઝંઝાવાતો સહન કરી તકલીફો વેઠી સિધ્ધાંતને વળગી રહી કલમ ચલાવનારા સ્વ. પટ્ટણીના જીવનની આછેરી ઝલક માણીએ અને શતાબ્દિ વંદના કરીએ.



કચ્છના આઠ દાયકાના જાહેર જીવન પર નજર નાખીએ છીએ ત્યારે સાદગી, સિધ્ધાંતનિષ્ઠા, વતનપ્રેમ તથા પત્રકારત્વ માટે ભેખ ધરનારા સદ્‌ગત ફુલશંકરભાઈનું જીવન અનેરી પ્રેરણા પુરી પાડે છે. ભુજમાં પાંચમી ઓગષ્ટ ૧૯૦૬માં જન્મેલા ફુલશંકરભાઈનો ઉછેર માસા માસીએ કર્યો. માત્ર ૧૦ માસમાં જ માતાજીનું સુખ ગુમાવ્યું અનેકઠિન જીવન યાત્રા શરૂ થઈ. અંજાર તથા ભુજમાં પ્રાથમિક શિક્ષણ તેમજ મુંબઈની જી. ટી. હાઈસ્કુલમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું. ગાંધીજીની અસહકારની લડતને કારણે શાળા છોડી રાષ્ટ્રીય શાળામાં જોડાયા અને ગુજરાત વિદ્યાપીઠની વિનીતની પરીક્ષા કે જે મેટ્રીક સમક્ષ ગણાય છે તે પસાર કરી.

**લે. ચન્દ્રવદન પટ્ટણી (ભુજ)**

મુંબઈમાં વિદ્યાર્થીકાળમાં તે સમયે પ્રતિબંધીત કોંગ્રેસ બુલેટીન છુપી રીતે ઘેરઘેર વેચાણ કરતા, કયારેક પકડાય ત્યારે પીઠમાં ગેંડાની સોટીના ફટકાનો માર પણ સહન કરતા. મુંબઈમાં વેપારી પેઢીમાં રહ્યા પણ તબીયત લથડતાં કચ્છ આવ્યા તથા વાંકુ, કોટડા (રોહા) અને કોટડી (મહાદેવપુરી)માં શાળાના શિક્ષક તરીકે સેવા આપી હતી. શિક્ષણ સાથે પત્રકારત્વ ક્ષેત્રે બી.એન. મહેશ્વરીના તંત્રી પદ હેઠળનાં 'સ્વદેશ' છગનભાઈ મહેતાના ' કચ્છ વર્તમાન', 'વતન' અને 'નૂતન ગુજરાત'ના પ્રતિનિધી તરીકે સેવાઓ આપી હતી. ૧૯૩૦માં અંજારમાં કચ્છી પ્રજાકીય પરીષદના અધિવેશનના પ્રચારક તરીકે ગામેગામ ફર્યા. 'કચ્છ વર્તમાન'ના મદદનીશ તંત્રી તથા 'કચ્છ પ્રજા મંડળ પત્રિકા'ના સંપાદક પદે પત્રકારત્વનો અનુભવ મેળવ્યો. ૧૯૩૪માં મુંબઈથી 'જયકચ્છ' શરૂ કર્યુ.

'જયકચ્છ'માં પ્રસિદ્ધ થતા રાજયતંત્ર વિરૂધ્ધના પોલીસ જુલ્મો, અમલદારોનો ત્રાસ, અન્યાયી વહીવટ સામે હિમતભેર કલમ ચલાવી એથી તેમને ડરાવવા સિંધમાં નગરપારકર, કરાચી વગેરે સ્થળે બદનક્ષીના કેસો થયા. જે લડવા રણની કપરી યાત્રા કરી એ વિશે લખવું હોય તો એક પ્રકરણ થાય એમ છે.

૧૯૩૪માં કચ્છી પ્રજાકીય પરીષદનાં અધિવેશનમાં રાજય પ્રત્યે વફાદારી દર્શાવતા ઠરાવનો તેમણે જોરદાર વિરોધ કર્યો. ૧૯૩૯માં જવાબદાર રાજતંત્રની લડતમાં તેમણે ભાગ લીધો.


તે સમયે કચ્છ રાજયે 'જયકચ્છ'ના લખાણો બેદીલી ફેલાવતા હોવાનો આક્ષેપ કરી કચ્છમાં તેના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો તેથી નવાનવા નામે પત્રો શરૂ કરી કચ્છમાં મોકલતા રહયા તે દરેક પત્રો પણ બંધ કરાયાં. અંતે 'જીએરા' પર પ્રતિબંધ લદાયો નહિં. ૧૯૫૨માં 'જયકચ્છ' માંડવીથી પ્રસિધ્ધ થતું એ પછી ભુજથી પ્રસિધ્ધ થઈ રહયું છે.

'જયકચ્છ'ના માધ્યમથી સંનિષ્ઠ, નિડર પત્રકાર તરીકે તેમણે કરેલું પ્રદાન કચ્છના પત્રકારત્વના ઈતિહાસમાં કયારેય વિસરાશે નહિં. તેમનાં ધર્મપત્ની સ્વ.જયોત્સનાબેને પણ આઝાદીના જંગમાં સ્ત્રી જાગૃતિ માટે અનેરૂં કાર્ય કર્યું હતું. જયોત્સના બેન કચ્છના પ્રથમ સંસદસભ્ય સ્વ. ગુલાબશંકરભાઈ ધોળકીયાના પુત્રી થાય. સ્વ ફુલશંકરભાઈ ૧૯૫૭માં ભુજ નગરપાલિકામાં ચુંટાયા અને ઉપપ્રમુખ બન્યા હતા. મુંબઈમાં અખિલ કચ્છ સંમેલને ૧૯૮૦માં તેમનું જાહેર સન્માન કર્યુ હતું. ૧૯૯૨ની ૮મી ડિસેમ્બરે તેમણે ચિરઃ વિદાય લીધી. આજે તેમનું જીવન પત્રકારત્વ માટે ઉદાહરણરૂપ બને તેમ છે.

# સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રનો એક વીરલ જીવ એટલે જયંતભાઈ સચ્ચદે

'કચ્છમિત્ર' દૈનિકના પૂર્વ મદદનીશ તંત્રી જયંતભાઈ સચ્ચદેની 'ફુલશંકર પટ્ટણી એવોર્ડ-૨૦૦૫' માટે પસંદગી થઈ છે. કરાચીમાં જન્મેલા ૮૦ વર્ષીય જયંતભાઈ સચ્ચદે ખાનગી વેપારી પેઢીઓમાં કામ કરતાં કરતાં યોગાનુયોગ પત્રકારત્વની કેડી પર ચઢી ગયા હતા. શરૂમાં કરાચીના 'અમન ચમન' સાપ્તાહિકમાં સહતંત્રી તરીકે જોડાયા હતા. ૧૯૪૭માં ભાગલા બાદ થોડો સમય રાપર તાલુકાના ભુટકીયા (ભીમાસર)માં રહી. મુંબઈ પાસે આવેલા પનવેલ નામના ગામમાં ગયા. ત્યાં થોડો સમય વેપારી પેઢીમાં નોકરી કરી પણ પત્રકારનો જીવ ત્યાં ટક્યો નહીં. એટલે મુંબઈ ગયા. ત્યાં તે સમયના ખૂબ જાણીતા 'ગુજરાતી' સાપ્તાહિકમાં સહતંત્રી તરીકે જોડાયા.

૧૯૪૯થી ૧૯૫૨ સુધી મુંબઈથી પ્રસિદ્ધ થતા 'કચ્છ ટાઈમ્સ' સાપ્તાહિકમાં તંત્રી તરીકે કામ કર્યું તે બંધ થતાં વચ્ચે એક વર્ષ ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કર્યો. છેવટે ૧૯૫૪ના મે માસમાં ભુજ ખાતે 'કચ્છમિત્ર' દૈનિકમાં જોડાયા. સહતંત્રીથી શરૂઆત કરી છેલ્લે મદદનીશ તંત્રી તરીકે ૧૯૮૫માં નિવૃત થયા પણ તેમની સેવાઓ



'કચ્છમિત્ર'ના માલિકો તે પછી પણ ૯ વર્ષ ચાલુ રાખી.

વાઉચર ઉપર તંત્રી વિભાગમાં ૯ વર્ષ કામ કર્યા પછી જયંતભાઈએ સંપૂર્ણ નિવૃતિ લીધી. લગભગ ૪૮ વર્ષ સુધી જયંતભાઈ સચ્ચદેએ પત્રકારત્વ ક્ષેત્રે કામ કરવાની સાથે સાહિત્ય ક્ષેત્રે પણ સારૂં ખેડાણ કર્યું છે. તેઓ એક સારા કવિ છે. 'કંસુબી' તખલ્લુસથી દોઢસો જેટલાં કાવ્યો લખ્યા છે. ૨૦૦ ટૂંકી વાર્તાઓ, ત્રણ નવલકથાઓ ઉપર પણ તેમણે હાથ અજમાવ્યો છે. જુદા જુદા સામાયિકો-માસિકો-અખબારોમાં તેમની વાર્તા-કવિતાઓ છપાઈ છે. આકાશવાણી પર પણ તેમની રચનાથી પ્રસારિત થતી રહી છે. તેમની નવલકથા 'પ્રણય યાત્રા' એક કાવ્ય સંગ્રહ 'કસુંબો' અને જીવનચરિત્ર 'જય જલારામ' પ્રગટ થઈ ચૂકયા છે. ચોથું પુસ્તક 'રવિભાણ સંપ્રદાય' હાલે પ્રેસમાં છે અને એક કાવ્ય સંગ્રહ પ્રસિદ્ધ કરવાની તૈયારીમાં છે.

'કલમ મંડળ' અને 'રંગ' જેવી સાહિત્યકારોની સંસ્થાઓના સ્થાપનાકાળથી સંકળાયેલા જયંતભાઈ આજે પણ ભુજના દાદા દાદી પાર્કમાં દર શુક્રવારે યોજાતા કવિ સંમેલનમાં ભાગ લે છે. લોહાણા જ્ઞાતિના મુખપત્ર 'રઘુવંશી પરિવાર' માસિકમાં આજે પણ તંત્રી તરીકે તેમનું નામ જોવા મળે છે. પત્રકાર કદિ નિવૃત થતો નથી તે જયંતભાઈના જીવન પરથી દેખાઈ આવે છે. મૃદુભાષી જયંતભાઈ નાના સાથે નાના અને મોટા સાથે મોટા બની અન્યોના સુખદુ:ખમાં હમેશા ભાગીદાર બને છે. મુલ્યનિષ્ઠ પત્રકારત્વ તેમનો જીવનમંત્ર રહ્યો છે. પત્રકારત્વને તેમણે નાણા બનાવવાનું સાધન નહી બનાવતાં તેને આજીવિકાનું પવિત્ર સાધન બનાવ્યું હતું અને આજ વીકન સંધ્યાએ તેઓ તેનાથી સંતુષ્ઠ હોવાનું કહે છે.



# પત્રકારત્વની આકરી કેડી પર રામ ઠક્કરના કદમ

કચ્છના જૂની પેઢીના મુલ્યનિષ્ઠ પત્રકાર સ્વ. ફુલશંકર પટ્ટણીની સ્મૃતિ માટે અપાતા એવોર્ડ માટે પસંદ થયેલા દૈનિક 'વાવડ'ના તંત્રી રામ કરશનદાસ ઠક્કરને તેમના ષષ્ઠી પૂર્તિ વર્ષમાં આ એવોર્ડ મળશે. એવોર્ડની અર્પણ વિધિ ગુજરાતના રાજ્યપાલ નવલકિશોર શર્માના વરદહસ્તે ૨૭મી ડિસેમ્બર ૨૦૦૫ના કરવાનું જાહેર થયું છે.

૧૪ વર્ષની ઉંમરથી જ પત્રકાર બનવાના સપના જોનાર રામ ઠક્કરે ૧૭ વર્ષની ઉંમરથી વિવિધ સામયિકોમાં લખવાનું શરૂ કર્યું હતું. ૧૯૬૨ની ચુંટણીમાં કચ્છમાં સ્વતંત્ર પક્ષે કચ્છની પાંચે પાંચ બેઠકો કોંગ્રેસ પાસેથી આંચકી લીધી તેની સમીક્ષા મુંબઈથી તત્સમયે પ્રસિદ્ધ થતા સુપ્રસિદ્ધ દૈનિક જનશક્તિમાં છપાઈ હતી. અમદાવાદથી પ્રસિદ્ધ થતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખપત્ર 'સાધના' અને હિન્દુ મહાસભાના 'હિન્દુ' તેમજ હૈદ્રાબાદમાંથી પ્રસિદ્ધ થતા 'હિન્દુ વિજય' સાપ્તાહિકમાં કચ્છમાંથી સમાચારો અને કચ્છનો પત્ર મોકલવાનું રામભાઈ શરૂ કર્યું હતું. ખાસ કરીને 'સાધના'માં તે સમયે છપાયેલા તેમજ લેખાંકોમાં કરાયેલી આગાહી પ્રમાણેના બનાવો પાછળથી બનતાં 'સાધના'માં એ અહેવાલોનો ખાસ ઉલ્લેખ કરાયાનું અનેક વાર બન્યું છે. રામ ઠક્કર અને 'પુષ્કર નખત્રાણવી'ના નામે 'કચ્છનો પત્ર'માં કચ્છની સરહદી પરિસ્થિતિ વિશે ચોંકાવનારી આગાહીઓ થઈ હતી.

૧૯૬૭માં કચ્છ જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં સુપરવાઈઝરની નોકરી છોડી રામ ઠક્કર મુંબઈમાંથી શરૂ થયેલા જ્ઞાતિપત્ર 'લોહાણા દર્શન'માં તંત્રી તરીકે જોડાયા હતા. આ પાક્ષિક પત્ર માટે મેનેજરની જગ્યા ખાલી હોવાની જાહેરાત વાંચી તેમણે કરેલી અરજીના જવાબમાં 'લોહાણા દર્શન'ના માલિક-પ્રકાશક કેશવલાલ સેલાણીએ લખ્યું હતું કે તમારી અરજીનું લખાણ વાંચ્યા પછી મને લાગે છે કે 'લોહાણા દર્શન'ના તંત્રી તરીકે મારે બદલે તમે જવાબદારી સંભાળો તો મેનેજરની જવાબદારી હું સંભાળીશ. બેંકની નોકરી કરતાં પગાર ઓછો હોવા છતાં પત્રકારત્વ ક્ષેત્રે જવાની ઉત્કંઠામાં રામ ઠક્કરે આ ઓફર સ્વીકારી લીધી હતી, જો કે 'લોહાણા દર્શન' ૪ માસથી વધુ ચાલ્યું નહીં અને મુંબઈમાં બેકારનો દરજ્જો મળી ગયો. દરમિયાન 'જન્મભૂમિ' જૂથના કચ્છી કાર્ટુનિષ્ટ શ્રી 'રૂપમ'ની ભલામણથી શ્રી શંકરભાઈ કોટકે (સ્વ. વજુભાઈ કોટકના ભાઈ) ફિલ્મી સાપ્તાહિક 'પારસ'ના તંત્રી બદ્રી કાચવાલાની મુલાકાત કરાવી આપી. કાચવાલાએ લેખિત ઈન્ટરવ્યુ લીધા પછી રામભાઈને ભેટીને બીજા દિવસથી કામ પર ચઢી જવાનો આદેશ આપી દીધો. જો કે તેમના આસીસ્ટંટના સ્વભાવના કારણે આ નોકરી એક જ દિવસમાં સ્વમાની સ્વભાવના રામ ઠક્કરને છોડવી પડી હતી.



રામભાઈ ઠક્કરને 'ફુલશંકર પટ્ટણી એવોર્ડ' જાહેર થયો તેના સંદર્ભમાં ભુજ લોહાણા મહાજન દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. મહાજનના પૂર્વ પ્રમુખ શ્રી હરજીવનભાઈ પોપટ રામભાઈને સન્માનપત્ર અર્પણ કરી રહ્યા છે. વચ્ચે મહાજનના વર્તમાન પ્રમુખ શ્રી શશીકાંતભાઈ રૂપારેલ ઉભા છે.

૧૯૬૯માં રાજકોટથી પ્રસિદ્ધ થતા જનસંઘ (ભાજપ)ના મુખપત્ર 'તરૂણ સૌરાષ્ટ્ર'માં સહતંત્રી તરીકે જોડાઈ તેમણે લગભગ તંત્રી તરીકેની જવાબદારી સંભાળી હતી. ૧૯૭૧ના સપ્ટેમ્બર માસમાં ગુજરાત પ્રદેશ જનસંઘના પ્રમુખ કેશુભાઈ પટેલે રામભાઈને કચ્છમાં જનસંઘના સંગઠન મંત્રી તરીકે મોકલવાનું સૂચન કર્યું ત્યારે તેઓ નખત્રાણામાં પ્રિન્ટીંગ પ્રેસ શરૂ કરવાનું વિચારતા હતા. કેશુભાઈ પટેલના આગ્રહથી ૧૯૭૨ની ચુંટણી સુધી ૬ મહિના માટે સંગઠનમંત્રી તરીકેની જવાબદારી સંભાળવાનું સ્વીકાર્યું અને ૧૯૭૨ના ઓક્ટોબર મહિનામાં નખત્રાણામાં શ્રીજી પ્રિન્ટર્સ નામથી કોમર્શિયલ પ્રેસ શરૂ કર્યું. બે વર્ષ બાદ ૧૯૭૪માં પશ્ચિમ કચ્છના મુખ્ય મથક જેવા નખત્રાણા ખાતેથી તેમણે સૌ પહેલીવાર 'વાવડ' નામથી સાપ્તાહિક પત્ર શરૂ કર્યું. આ પહેલાં તેમણે લગભગ ૪૨ નામ નોંધણી માટે એક પછી એક પ્રેસ રજીસ્ટારને દિલ્હી મોકલ્યા હતા. મોટાભાગના નામો એક પછી એક અપ્રાપ્ય થતા ગયા. છેવટે પહેલું એક નામ 'રામ સંદેશ' મંજુર થયું પણ ગુજરાત પ્રદેશ જનસંઘના મહામંત્રી નાથાલાલ ઝગડાએ આ નામ ધાર્મિકમાં ખપી જશે એમ કહી હજુ રાહ જોવા સલાહ આપી. છેવટે 'વાવડ' નામ પાસ થઈ આવતાં ૧૯૭૨માં વિજયા દસમી તા. ૨૫-૧૦-૧૯૭૪થી 'વાવડ'નો જન્મ થયો. નામ વેરીફિકેશન માટે નોટીસ આપવાનું શરૂ કર્યું ત્યારબાદ પૂરા નવ મહિના અને ત્રણ દિવસે આ પ્રકાશન શક્ય બન્યું હતું તેથી 'વાવડ'ને પૂરા દિવસના બાળક

તરીકે પહેલાં અંકમાં ઓળખાવ્યું હતું.

૧૯૭૫માં ૨૬મી જુનના ઇંદિરા ગાંધીએ કટોકટી લાદી તે પછી ૧૯૭૬ની ૯મી જુલાઈના અંકમાં કટોકટીને એક વર્ષ પૂરો થાય તેના ઉપલક્ષમાં ૨૬મી જુલાઈના દરેક નાગરિક પોતાના ઘરમાં એક દિવસનો ઉપવાસ કરી ભગવાન સરકારને સદ્બુદ્ધિ આપે એવી પ્રાર્થના કરવા જનસંઘના નામે એક અપીલ છાપી. જનસંઘના આગેવાનો ત્યારે જેલમાં બંધ હતા. પ્રદેશ કાર્યાલય મંત્રી બચુભાઈ ઠાકર સાથે સલાહ કરી આ અપીલ છાપી અને સરકારની ખફગી વ્હોરી લીધી. શુક્રવારે 'વાવડ' બહાર પડયું. શનિવારે સાંજે ભુજમાં માહિતી ખાતાની કચેરીમાં અને કલેકટર કચેરીમાં પોસ્ટથી મળ્યું. યોગાનુયોગ તત્કાલિન આરડીસી જોશી અને સહાયક માહિતી નિયામક વિનય ઠક્કરે રવિવારે પોતાના ઘેર 'વાવડ' વાંચ્યું. બન્ને ભડકયા. પરસ્પર ફોનથી વાત કરી. રવિવાર હોવા છતાં ઓફિસ ખોલી અને ગુજરાતના સેન્સર અધિકારીને પત્ર લખી 'વાવડ'ની સરકાર વિરોધી 'ગુસ્તાખી'ની જાણ કરાઈ. એ દિવસોમાં અખબારોમાં સેન્સરશીપ અમલમાં હતી. સેન્સર અધિકારીને બતાવ્યા વિના - પાસ કરાવ્યા વિના કંઈ પણ છાપવાની મનાઈ હતી. કલેકટર કચ્છમાં સેન્સર અધિકારી હતા, નખત્રાણાથી સેન્સર માટે મોકલાયેલા સમાચાર પંદર દિવસ કરતાં ય વધુ સમય પછી સેન્સર થઈ છાપવા માટે મંજુર થતા હતા. છેવટે 'વાવડ'ની વિનંતીથી નખત્રાણાના તત્કાલિન મદદનીશ કલેકટરને સેન્સરની સત્તા અપાઈ. કચ્છમાં મીસા હેઠળ થતી ધરપકડોના સમાચાર એક માત્ર 'વાવડ'માં જ છપાયા હતા.

દરમિયાન સેન્સરમાં થતા વિલંબને કારણે સ્વૈચ્છિક સેન્સરશીપ અપનાવી છાપવાનું શરૂ કર્યું અને તેમાં ૯મી જુલાઈ ૧૯૭૬ના અંકમાં જનસઘની અપીલ છાપી નાખી. પરિણામે પ્રેસ જપ્તીની કાર્યવાહી શરૂ થઈ પણ તેની બાતમી મળી જતાં રાતોરાત પ્રેસ વેચી કાઢી ભુજમાં નવા નામથી પ્રેસ શરૂ કર્યું અને 'વાવડ'નું પ્રકાશન ભુજ ખસેડયું. રામ મુદ્રિકા નામથી શરૂ થયેલા નવા પ્રેસમાં શરૂઆતમાં પ્રિન્ટીંગ મશીન જ નહોતું. માત્ર ટાઈપ હતા. સપ્ટેમ્બરથી ડિસેમ્બર સુધી 'વાવડ'ના પેઈજ તૈયાર કરી કયારેક અંબાપ્રસાદ ત્રવાડીની સહજાનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં કે કયારેક મહેશભાઈ ગઢવીની ડાયલ પ્રિન્ટીંગ પ્રેસમાં 'વાવડ' છપાતું. ત્રવાડી અને ગઢવીએ ૪ માસ સુધી મફત છાપી આપ્યું. કેટલાક અંકો ગૂચાવ્યા પણ ખરા. ડિસેમ્બરમાં એક જુનું ખખડેલું મશીન રાજકોટથી ખરીદી લીધું પણ મોટરનો મેળ ન પડયો. બે મહિના મશીન હાથે ચલાવીને છાપ્યું ને પછી એક જુની મોટર મળી.

લગભગ સાડા ચાર વર્ષ ૯x૧૦ની ઓરડીમાં આ પ્રેસ ચાલ્યું. ૧૯૮૦ના ઓગસ્ટ મહિનામાં સ્ટેશન રોડ પર અંડર ગ્રાઉન્ડમાં ભાડાની મોટી જગ્યામાં સ્થળાંતર થયું પણ ત્યાં ચોમાસામાં પાણી આવવાની તકલીફ થતાં એ જગ્યા કાઢી ૧૯૯૩માં ચંદ્રલોક એપાર્ટમેન્ટમાં ૩૦૦ ફુટની માલિકીની જગ્યા ખરીદી.૧૯૯૮માં સીટફીડ ઓફસેટ મશીન આવ્યું અને ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં એ જગ્યા અને પ્રેસની નુકશાની થઈ. ફરી નવેસરથી એકડો ઘુંટતાં રાજ્ય સરકારની સબસીડી અને પંજાબ નેશનલ બેંકની લોનથી વેબ ઓફસેટ વસાવ્યું. આજે 'વાવડ' આ મશીન પર ફુલ સાઈઝમાં આઠ કોલમમાં છપાય છે.

સ્વ. ફુલશંકર પટ્ટણી 'વાવડ'ના તંત્રી માટે હંમેશા એક માર્ગદર્શક રહ્યા હતા. તેમના સૂચનો આજે પણ ઉપયોગી થાય છે.

મૂલ્ય નિષ્ઠા જાળવવામાં પણ આ મુરબ્બીમાંથી પ્રેરણા મળતી રહે છે. ખોટા રસ્તે નાણાંકીય લાભની ઓફરો અનેકવાર ઠુકરાવીને 'વાવડ'ને ચલાવ્યું છે. પથ સરળ જરૂર બન્યો છે પણ કઠણાઈઓ સંપૂર્ણપૂણે નાબુદ નથી થઈ. તેનો અફસોસ પણ નથી. કેમ કે કસોટી વિના સફળતાઓનો સ્વાદ મીઠો પણ લાગતો નથી હોતો.

**-દર્શનકુમાર ઠક્કર**

## આ એવોર્ડ શું છે...પાના ૯નું ચાલુ

રહેલા મારા એવોર્ડનું સાચું મુલ્યાંકન કર્યું આ એ એવોર્ડનું મુલ્ય છે.

મને અભિનંદન આપનારા અને શુભેચ્છા કે આશિર્વાદ પાઠવનારા સૌ કોઈના નામોનો ઉલ્લેખ આ લેખને બહુ લાંબો કરી નાખે તેમ છે અને કોઈ નામોલ્લેખ શરતચૂકથી રહી જાય તો પણ યોગ્ય ગણાય નહીં કેમ કે લેખિત કરતાં ટેલીફોનિક સંદેશા દ્વારા કે રૂબરૂ જાતે આવીને શુભેચ્છા-આશિર્વાદ પાઠવના-રાઓની સંખ્યા ઘણી મોટી છે. તેમની કોઈ નોંધ નહોઈ આવી ચૂક થઈ જવાનો ભય રહે છે એટલે બધાના નામોનો ઉલ્લેખ કરતો નથી, તેથી તે સૌ આપ્તજનોની મારી પ્રત્યેની લાગણીમાં કોઈ ફરક નહીં પડે એવો મને વિશ્વાસ છે. મેં અહીં જેમનો નામોલ્લેખ કર્યો છે અને જેમનો નામોલ્લેખ નથી કરી શક્યો તે સૌનો ઋણ સ્વીકાર કરૂં છું. મને શુભેચ્છા અને અભિનંદન પાઠવનારાઓમાં પત્રકારો, સાહિત્યકારો, રાજકારણીઓ, સામાજિક અગ્રણીઓ, મારા સગા સંબસધીઓ-સ્નેહીઓ, મિત્રો તેમજ હું જેમને વ્યક્તિગત રીતે ન ઓળખતો હોઉં તે સહિતનાઓનો સમાવેશ થાય છે.

જો કે મને આ એવોર્ડ મળી રહ્યો છે તે અંગે મને સૌ પ્રથમ ફોન સ્વ. એડવોકેટ કિશોરચંદ્રભાઈ બુચ અને તેમના સુપુત્ર દર્શકભાઈ બુચનો આવ્યો હતો તેનો ઉલ્લેખ ખાસ જરૂરી છે. સ્વ. બુચ સ્વ. ફુલશંકર પટ્ટણી સ્મારક સમિતિમાં મહત્વનું સ્થાન ધરાવતા હતા અને તેમણે જ મારા નામની દરખાસ્ત મૂકી હતી તેવું મને જાણવા મળ્યું છે. એટલે તેમનો નામોલ્લેખ અને ઋણ પ્રાગટય ખાસ જરૂરી છે.

એવોર્ડ કોઈ મહાનુભાવની સ્મૃતિ છે અને લેનાર માટે તે પ્રેરણા-પ્રોત્સાહન શ્રોત છે તેથી તેનું મુલ્ય રૂપિયા-આના-પાઈમાં આંકી શકાય નહીં.

એવોર્ડ વ્યક્તિને પોતાના કાર્યોને વધુ પવિત્ર બનાવવા માટેની પ્રેરણા-પ્રોત્સાહન જ આપે છે, એટલું જ નહી તેનાથી વ્યક્તિની ઓળખાણોની ક્ષીતિજો પણ વિસ્તરે છે. આ પણ એક મોટું મુલ્ય છે.

હું આભારી છું એ પ્રવક્તા આગેવાનનો જેમણે મને પ્રશ્ન કરીને આ એવોર્ડના મહત્વને ઓળખવાનો પ્રયાસ કરવાની મને તક આપી છે.

# નહીં કિસી સે દોસ્તી નહીં કિસી સે

લોહાણા, વેપારી જ્ઞાતિ હોવાથી વ્યવહારમાં તેઓ પાકા અને ગણત્રીબાજ હોય છે, વ્યક્તિ સાથેના સંબંધોમાં પણ તેઓ લાંબા ગાળાના નફા નુકશાનનો વિચાર કરે છે અને પોતાના ફાયદા માટે સમય સંજોગ પ્રમાણે સોદાબાજી કરી લેવામાં ખોટું માનતા નથી.

ઈશ્વર દરેક ક્ષેત્રમાં અપવાદ સર્જે છે. લોહાણામાં પણ આવું બની શકે. મારા માનનીય મિત્રો શ્રી જયંતભાઈ સચ્ચદે અને શ્રી રામભાઈ ઠક્કર લોહાણા સમાજના અપવાદ છે.

આખો દિવસ આઠ-દસ આનાવાળાં પડીકાં બાંધવાનું તેમને બચપણથી જ ફાવ્યું નહીં. આખી જીંદગીમાં પોતાના લાભ માટે કોઈથી સોદો કરતાં પણ શીખ્યા જ નહીં. તેથી લોહાણા જ્ઞાતિને તેઓ ફાવ્યા નથી. કાગડાની સભામાં તેઓ મોર જેવા લાગતા હતા. જ્ઞાતિએ તેમને કન્યાઓ આપી પણ સામાજીક માન્યતા આપવા માટે મહાપરિષદની મંજૂરી માગી.



**મહેશ ગઢવી**
**પ્રતિનિધિ : યુએનઆઈ**

લોહાણા જ્ઞાતિના જીન તેમના લોહીમાં હોવાથી બન્ને જથ્થાબંધ વેપારી બન્યા પરંતુ જડ પદાર્થોને બદલે વાણીના વેપારી થયા. પરંતુ ગુંગળાઈને સ્વમાન ખાતર તેમણે પણ સમાજ પરિવર્તન કરવાનો નિર્ણય લીધો.

જીવનમાં પૈસા કરતાં સિદ્ધાંતો અને નીતિમતાને વધુ મહત્વની માનતા હોવાથી પ્રથમ તબક્કે તેમણે શિક્ષણ સમાજમાં પ્રવેશ મેળવવાનો પ્રયાસ કર્યો.

બન્ને મિત્રોમાં એક વાતનું સામ્ય છે. સતત બોલતાં રહેવામાં બેમાંથી એક પણ પાછા પડે તેવા નથી. આ યોગ્યતાના કારણે શિક્ષણ સમાજ તેમને સ્વીકારવા તૈયાર થયો પણ કોઈ ચુગલીખોરે એવી ચાડી ખાધી કે, એ બન્ને જણ સતત બોલે છે તેમ સતત લખે પણ છે. આ વાંધો માન્ય ગણીને તેમનો જાતિ પ્રવેશ અટકાવવામાં આવ્યો કારણ કે, શિક્ષણ સમાજમાં શિક્ષકો કદિ કંઈ લખતા નથી. (આવડતું પણ નથી) તેથી આ ભાર તેઓ હંમેશા વિદ્યાર્થીઓ પર નાખે છે.

ત્રીજા વિકલ્પ તરીકે તેમણે પત્રકાર સમાજના બારણે ટકોરા માર્યા. આવી બાબતોમાં અમારો સમાજ કાયમ ઉદાર રહ્યો છે. એ હિન્દુ હોટલ જેવો છે, જેમાં નાતજાત કે યોગ્ય-અયોગ્યતા જોયા વિના સહુને પ્રવેશ આપવામાં આવે છે. કોઈ પ્રત્યે કદિ પૂર્વગ્રહ કે પક્ષપાત રાખ્યા વિના હંમેશા તટસ્થ રહેવું એ આ સમાજના પાયાનો સિદ્ધાંત છે.

શિક્ષકોના સામાજીક ગુણધર્મો કરતાં પત્રકારોના ગુણધર્મો બિલકુલ ઉલ્ટા છે. અહીં બોલવાનું ઓછું અને લખવાનું વધુ હોય છે તેથી આ બન્ને મિત્રોનો પત્રકાર સમાજમાં પ્રવેશ મુશ્કેલ જરૂર હતો છતાં તટસ્થતાની નજર તેમનો સહર્ષ સ્વીકાર કર્યો તેથી જયંતભાઈ અને રામભાઈ જન્મે લોહાણા હોવા છતાં કર્મે લોહાણા બન્યા.

મને કચ્છમિત્રમાં જયંતભાઈના સાથી કર્મચારી તરીકે કામ કરવાનો અવસર સાંપડયો છે. હું જાણું છું ત્યાં સુધી જીવનની અનેક કડવી વાસ્તવિક્તાઓ તેમણે સહજભાવે પચાવી છે, તે નિલકંઠની જેમ ગળામાં સંઘરી રાખી છે. તેમણે જીવનભર અનેક મુશ્કેલીઓ સામે સંઘર્ષ કર્યો છે, છતાં કોઈ નબળી ક્ષણે પણ મેં તેમને કદિ નિરાશ કે ગંભીર જોયા નથી. સતત હસતા હોય એને જ જયંતભાઈ કહેવાય. તેઓ બાળક જેવા નિષ્કપટ છે, ઈશ્વરે આપેલી જીવનની તમામ ચિંતાઓનો ઉકેલ પણ ઈશ્વર પર છોડી દેનારા યોગિ જેવા સ્થિતપ્રશ છે.

જયંતભાઈનો અક્ષર કદિ અર્ધા ઈંચથી નાનો થયો નથી. કચ્છમિત્રના અમારા એ સમયના મેનેજર તેમની આ કુટેવ માટે હંમેશા કતરાતી નજરે જોતાં. એક કોલમના સમાચાર લખવા માટે હું બે પાના વાપરતો ત્યાં જયંતભાઈને છ પાનાની જરૂર પડતી. મેનેજરની દૃષ્ટિએ એ બગાડ હતો, તેથી જયંતભાઈ તેમના હિતના ભોગે પણ મને સારો કહેવડાવતાં.

જયંતભાઈએ કસુંબી ઉપનામ પસંદ કર્યું ત્યારથી સરકારે અફિણ (કસુંબો) પરના પ્રતિબંધ અતિ કડક બનાવી દીધાં તેથી જયંતભાઈએ સૌરાષ્ટ્રવાસીઓની જેમ કાયમ ગલોફામાં પાન ભરાવીને મોં લાલ રાખ્યું છે.

હસતા હસતા પાન ચાવવું એ ખાવા અને ભસવા જેવું અઘરૂં કામ છે, તોય જયંતભાઈ બન્ને ક્રિયાઓ સહજપણે કરી શકે છે તેમ છતાં હું તેમનાથી વાતો કરૂં ત્યારે સલામત અંતર રાખીને બેસતો એ તેમના પ્રત્યે મારો અવિશ્વાસ અને ડર હતો.

કચ્છમિત્રના એ સમયના 'ઉઘાડપગા' રિપોર્ટર શ્રી દેવરામભાઈ વરૂ તેમના ખડખડાટ હાસ્ય માટે મશહૂર હતા પણ જયંતભાઈ કચ્છમિત્રમાં જોડાયા ત્યારથી દેવરામભાઈને તેમનો મજબૂત હરિફ આવ્યો હોવાનો સતત ડર સતાવતો હતો અને જયંતભાઈ હસે ત્યારે દેવરામભાઈ બીકના માર્યા ગંભીર થઈ જતા.

જયંતભાઈ તો પાછા કવિતાના ચાળે ચડયા. વ્રજ ગજકંધ, પબુ ગઢવી, દેવજી વાઘેલા, ઘાયલ, સમીર, ધિરેન્દ્ર મહેતા, શેઠભાઈ અને પોમલ તેમના કવિમિત્રો હતા. આ મિત્ર મંડળી કાવ્ય સંવર્ધન કરતાં પોતાના કાવ્યો બીજા કોઈ ન સાંભળે તો ફરજીયાત એકબીજાને

સંભળાવવાના અંગત ઉદેશથી રચાઈ હતી અને આ રીતે તેઓ પોતાનું ફુલેલું પેટ હળવું કરતા. ચાલીસ વરસની પત્રકારિત્વની લાંબી કારકિર્દીમાં જયંતભાઈએ ૨૦૦ નવલિકાઓ અને ચાર નવલકથાઓ પણ લખી છે અને પોતાની જાતને બીજા કવિમિત્રોથી ઉંચી સાબિત કરી છે.

આડેસરથી અકરી સુધી જયંતભાઈના ગ્રામ્ય સંપર્કો હંમેશા જીવંત રહેતા. તેથી ગ્રામિણ પત્રકારત્વને તેમણે વિશેષ પ્રકાશિત કર્યું હતું. નહિં કીસી સે દોસ્તી નહીં કીસી સે બૈર વાળી સંત કબિરની સલાહ જયંતભાઈએ પોતાના જીવનમાં આત્મસાત્ કરી છે.

શ્રી જયંતભાઈને કવિ બનવાનો શોખ હતો તેમ શ્રી રામભાઈને રાજકારણી બનવાનો મોહ હતો. તેઓ સફળ પત્રકાર ન થયા હોત તો જરૂર નિષ્ફળ રાજકારણી બન્યા હોત, કારણ કે રાજકારણીની એક પણ આવડત અને યોગ્યતા તેઓ ધરાવતા નથી. ટુંક સમયમાં જ તેમને આ સત્ય સમજાઈ ગયું. તેમનો મોહભંગ થયો તેથી લોકોને એક સિદ્ધાંતનિષ્ઠ પત્રકાર પ્રાપ્ત થયા.

રાજકારણ માટે રામભાઈએ સમય પણ ખોટો પસંદ કર્યો હતો. એંસીના દાયકામાં કોંગ્રેસનો સુરજ મધ્યાહને તપતો હતો ત્યારે જનસંઘનો દીપક લઈને તેઓ ધોળા દહાડે સુરજને ડરાવવા નીકળ્યા હતા. જો કે એ સમયે તેમનો આ પ્રયાસ બાલીશ લાગતો હતો પણ હવે સમજાય છે કે રામભાઈ સાચા હતા. સુરજ ડૂબી ગયો અને પછી દીપક જ કામ આવ્યો. તેઓ રાજકોટમાં જનસંઘના મુખપત્ર તરૂણ સૌરાષ્ટ્રના સહતંત્રી હતા અને પાછળ કચ્છમાં જનસંઘના સંગઠનમંત્રી બનાવાયા હતા.

ફુલશંકરભાઈની માફક રામભાઈએ પણ પત્રકારત્વને કદિ સોદાનું સાધન બનાવ્યું નથી. દંભ, દેખાડો અને દબાણના વર્તમાન પત્રકારત્વમાં તેમણે સત્ય, સ્વમાન અને પ્રમાણિક્તાનું કોડીયું જલતું રાખ્યું છે.

શ્રી જયંતભાઈએ બીજાના છાપામાં નોકરી કરીને પત્રકારત્વ ખેડયું હતું પણ રામભાઈએ તો ત્રીસ વરસ સુધી તેમના છાપાના જ તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક રહ્યા છે. તેઓ નીચલી કક્ષાએ જઈને અઢળક નાણા એકત્ર કરી શકયા હોત પણ તેઓ કદિ પ્રલોભનને વશ થયા નહીં તથા સસ્તા બન્યા નહીં.

હોંકારો દેવાની હિમ્મત હોય તો રામભાઈ કલાકો સુધી જ્ઞાન ગંગાનો પ્રવાહ વહેતો રાખવાની ક્ષમતા ધરાવે છે. નરેન્દ્ર મોદી રામભાઈ પર ગુસ્સે નહીં થાય એવી અપેક્ષા સાથે હું જાહેર કરૂં છું કે શ્રી કેશુભાઈ પટેલ સાથે રામભાઈના અંગત સંબંધો છે. સીતેરના દાયકાના છેલ્લા વર્ષોમાં રાજકોટમાં કેશુભાઈ રામભાઈને સાંજે ચણા ખવડાવે એ શરતે શ્રી રામભાઈ સવારે કેશુભાઈને ફાફડા ખવડાવતા.

કેશુભાઈ મુખ્યમંત્રી થયા ત્યારે અમને સહુને હતું કે રામભાઈ હવે તરી જશે. એમનો દર્શન હવે સોનાના ઘોડે દોડશે. કેશુભાઈએ વિદાય લીધી પછી દર્શન તો વાવડ જ છાપતો રહ્યો. એક દિવસ મેં એમને ખાનગીમાં અમારી આ માન્યતા અંગે પૂછયું તો રામભાઈએ કહ્યું કે 'આપણે કંઈ માંગીએ તો એ આપેને' કેશુભાઈ મળતા ત્યારે કાયમ પૂછતા 'કેમ રામભાઈ કેમ ચાલે છે ?' ત્યારે હું કહેતો 'બધું સારૂં ચાલે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા છે.'

શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે તેમને એટલો પ્રેમ છે કે સવારે રશ્મિ ભાભીનું મોઢું જોયું ન હોય તો ચાલે પણ જુના મંદિરે ઘનશ્યામ મહારાજની મૂર્તિના દર્શન વિના ન ચાલે.

રામભાઈનું દૈનિક વાવડ પણ ૩૦ વરસની સફર કાપીને હવે પ્રૌઢ બની ગયું છે. સમાચારો ઉપરાંત વાવડમાં અગ્રલેખ અને લેખના વિચારો સ્પષ્ટ, તટસ્થ અને મનનીય હોય છે. છાપામાં ભાષાની ગરિમાને કદિ નીચે ઉતારી નથી. વાવડ મોટું ન થાય તો વાંધો નહીં પણ વાવડનો માલિક કયારે ય કોઈ પાસે નાનો ન થવો જોઈએ.

એક વ્યક્તિ તરીકે રામભાઈ ક્ષમાશીલ, સ્વાવલંબી અને સદ્ગુણી છે. મેં તેમને કોઈ પ્રત્યે કડવા થતાં જોયા નથી. પત્રકારનું પીછું કદિ તેમના મુકુટમાં ખોશીને ફર્યા નથી.

એક પત્રકાર તરીકેની ખુમારી, સાદગી તટસ્થતા, બિનપક્ષપાતી અને દંભ વિનાનો વ્યવહાર વગેરે બાબતોમાં શ્રી ફુલશંકરભાઈ અને શ્રી રામભાઈ વચ્ચે ઘણી સમાનતા છે. કચ્છના પત્રકારત્વને સંબંધ છે ત્યાં સુધી રામભાઈ ફુલશંકરભાઈના પથ પર જ ચાલ્યા છે. તેઓ જ ફુલશંકરભાઈના સાચા વારસદાર અને પારિતોષિકના હક્કદાર છે.

તેમનો બન્નેનો એક જ જીવનમંત્ર હતો. તારી હાક સુણી કોઈ ના વે તો તું એકલો જાને રે, એકલો જાને રે.

આદરણીય સ્વ. ફુલશંકરભાઈ, શ્રી જયંતભાઈ અને શ્રી રામભાઈની કલમ નવેશીને અંતરના ઓવારણા.


ચા-દૂધ કોફી અને ઠંડા પીણાની અનેરી લિજ્જત માણવા એકવાર મુલાકાત લ્યો.




હોટલ સન

જનરલ હોસ્પિટલ સામે, ભુજ

# આ એવોર્ડમાં છે શું ?

-રામ કરશનદાસ ઠક્કર

ચોંકશો નહીં, આ પ્રશ્ન મને એક આગેવાને કર્યો હતો. તાજેતરમાં એક લગ્ન સમારંભમાં મળી ગયેલા આ આગેવાને પ્રશ્નાર્થ ચિન્હ લગાવ્યા વિના આડકતરી રીતે મને પૂછયું હતુ. તેમણે કહ્યું હતું કે, ''મને કોઈએ કહ્યું કે આ એવોર્ડમાં કંઈ છે નહીં'' આમ કહ્યા પછી મારી સામે મારા પ્રત્યાઘાત જાણવા માગતા હોય તેમ તેમણે નજર કરી હતી તેથી મને લાગે છે કે તેઓ મને પૂછી રહ્યા હતા કે ''આ એવોર્ડમાં છે શું ?''

હા, હું વાત કરી રહ્યો છું સ્વ. ફુલશંકર પટ્ટણી એવોર્ડની. કચ્છના પત્રકારો પૈકી કોઈને દર બે વર્ષે અપાતો આ એવોર્ડ ૨૦૦૪ના વર્ષ માટે મને આપવાની જાહેરાત થઈ છે.

એની વાત નીકળતાં મને આ પ્રશ્ન કરાયો હતો. મને નથી લાગતું કે પ્રશ્નકર્તાને સ્વ. ફુલશંકરભાઈ પ્રત્યે કે મારા પ્રત્યે કોઈ અભાવ હશે. તેમને કોઈએ કહ્યું હશે તેથી અનાયાશે તેમનાથી આ શબ્દો મારી સામે મૂકાઈ ગયા હશે. હું કોઈ પણ વાતને પોઝીટીવલી લેવામાં માનું છું.

આ એવોર્ડમાં છે શું એવો પ્રશ્ન કેમ થયો એ મને સમજાતું નથી. એવોર્ડમાં શું હોય ? એવોર્ડ આપવા પાછળ મારી દૃષ્ટિએ બે હેતુ હોય છે. એક તો કોઈ વ્યક્તિની સ્મૃતિ જાળવવી અને બીજાું એ વ્યક્તિમાંથી બીજાઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા.

સ્વ. ફુલશંકરભાઈ પટ્ટણી જાુના જમાનાના પત્રકાર હતા. કયાંક કેટલાક પત્રકારો કરે છે તેમ તેમણે ધાર્યું હોત તો પોતાની કલમના બળે ઘણા નાણાં ઓકાવી શકયા હોત. પણ તેઓ પોતાના સિદ્ધાંતોમાં મસ્ત રહ્યા. તેમણે કલમને આજીવિકા બનાવી પણ કલમની વેશ્યાગીરી ન કરી. આ દૃષ્ટિએ તેઓ મારા માટે હમેશા પ્રેરણાશ્રોત રહ્યા છે. તેમની પાસેથી મને કઇંક શીખવા મળ્યું છે.

એક મુલ્યનિષ્ઠ વ્યક્તિના નામનો એવોર્ડ મને મળી રહ્યો છે તે માટે હું ગૌરવ અનુભવું છું. સામાન્ય રીતે એમ સમજવામાં આવે છે કે એવોર્ડ અમુક હજાર કે અમુક લાખ રૂપિયા સાથેનો જ હોય. પણ રૂપિયા કરતાં ભાવના મોટી છે. એક પ્રમાણપત્ર, સન્માનપત્રનું મુલ્ય નાણાંથી આંકી શકાય નહીં. સન્માનપત્ર ભીત પર ટીંગાળી પેઢીઓ સુધી સાચવી શકાય. નાણાં ટીંગાળી શકાય નહીં. એમાં નાણાં નહીં હોવાથી એવોર્ડનું મુલ્ય ઘટી જતું નથી. એવોર્ડ જેના નામથી અપાય છે તેની કિંમત છે. જેને અપાય છે તેની પણ કિંમત સ્વીકારાય છે.

ગત વર્ષની શરૂઆતમાં મને એવોર્ડ જાહેર થયો ત્યારે હું બે દિવસ સુધી અભિનંદનના ટેલીફોન લેતો રહ્યો. દિવસો સુધી અભિનંદનોની ટપાલો વાંચતો રહ્યો. હું જયાં જન્મ્યો છું તે નખત્રાણાથી લોહાણા મહાજન, યુવક મંડળ, ગ્રામ વિકાસ મંડળ, વેપારી મંડળ (ચેમ્બર), ગ્રામ પંચાયત, ખરીદ વેંચાણ સંઘ, તાલુકા પંચાયત નખત્રાણા જનજાગૃતિ મંડળના પદાધિકારીઓ ઓધવજીભાઈ પલણ, માવજીભાઈ કેશરાભાઈ પટેલ, કિશોરભાઈ શામજીભાઈ પલણ, હેમેંન્દ્રભાઈ કંસારા, વગેરેએ મને અભિનંદન આપતા સંદેશા મોકલ્યા. જે માટીની સુગંધ મારા રૂંવાડામાંથી હું આજે પણ અનુભવું છું ત્યાંથી ટપાલ અને ટેલીફોનથી આવેલા આ સંદેશાઓમાં મને એજ સુગંધ માણવા મળી. મને મળેલા એવોર્ડની આ કિમત છે.

મારા લંગોટીયા મિત્ર એડવોકેટ કાંતિલાલ ડી. ઠક્કરના એ શબ્દો ''તમારી પ્રગતિ મને હમેશા ખુશી આપતી રહેશે''માં મારા એવોર્ડનું અદકેરૂં મુલ્ય સમાયેલું છે.

કચ્છના અનેક ગામોથી મને અભિનંદનના સંદેશા મળ્યા. ઘણાને હું ઓળખતો હતો તો કેટલાકને ઓળખતો નહોતો. મને તેઓ ઓળખતા હતા એ જ મને મળેલ એવોર્ડની કિંમત છે.

નાશીકથી કિશોરભાઈ દાવડાએ ''ભાઈ બાલુ''ના (મારૂં બાળપણનું હુલામણું નામ) સંબોધન સાથે મને પત્ર લખી મને અભિનંદન પાઠવ્યા અને મને એવોર્ડ મળ્યા બદલ આનંદ વ્યક્ત કર્યો. આટલે દૂર બેઠે મારા બચપણને ઝણઝણાવ્યું તેમાં જ આ એવોર્ડનું મહામુલ્ય છે.

અમદાવાદના બુઝર્ગ એડવોકેટ મુ. યોગેશચંદ્રભાઈ માંકડે મને અભિનંદન સાથે આશિર્વાદ પાઠવ્યા તે મને મળી રહેલા એવોર્ડનું મુલ્ય છે.

અમદાવાદથી પ્રસિદ્ધ થતા 'ચંદન' સામયિકના તંત્રી ભોલાભાઈ ગોળીબાર અને નજમાબેન ગોળીબારને હું કદિ મળ્યો નથી, છતાં તેમના તરફથી મને અભિનંદનનો સંદેશ મળ્યો ''આપ અત્યારે ઉંચાઈના જે શિખરો પર બિરાજી રહ્યા છો, એથી પણ વધુ ઉંચા ને ઉંચા શિખરો સર કરો તેવી અલ્લાહ પાસે દુઆ છે'' તેવા તેમના શબ્દોમાં મને જાહેર થયેલા એવોર્ડનું મુલ્ય છે.

શ્રી સ્વામિનારાયણ મંદિરના સંખ્યાબંધ સંતોએ મને એવોર્ડ મળી રહ્યાના સમાચાર જાણી મને આશિર્વાદ આપ્યા તે પણ એવોર્ડનું મુલ્ય બતાવે છે.

કોઈએ પોતાના અલ્લાહને તો કોઈએ પોતાના ઈશ્વરને મારી ઉન્નતી માટે પ્રાર્થના કરી તે મને જાહેર થયેલા એવોર્ડનું મુલ્ય છે.

મુંબઇ સ્થિત જાણીતા કચ્છી કાર્ટુનિષ્ટ 'રૂપમ'એ 'કચ્છમિત્ર'મા 'ભીંત ફાડીને ઉગ્યો પીપડો ' એ શિર્ષક હેઠળ મારા વિશે લેખ લખ્યો તેમાં આ એવોર્ડની કિમત દેખાય છે.

મનુષ્યનો પરિવાર તેના પત્ની બાળકો, ભાઈ-બહેનો, માતા પિતાથી તો બને જ છે. પણ જ્ઞાતિ એક એથી મોટો પરિવાર છે. પરિવારમાં પહેલાં પોતાની ઓળખ સ્થાપિત ન થઈ હોય અને બહાર ગમે તેટલી કદર થાય, તેનું મુલ્ય પુરૂં ગણાતું નથી. મને સ્વ. ફુલશંકર પટ્ટણી એવોર્ડ જાહેર થયો એટલે મારી જ્ઞાતિ-ભુજ લોહાણા મહાજને મારૂં એથી ય પહેલાં સન્માન કર્યું અને બહાર મળી

(વધુ માટે પાના ૬)

## હેપ્પી બર્થ-ડે પ્રિન્ટ મીડિયા

# ૪૦૦ વર્ષની વયે અખબારો યુવાનીના ઉંબરે

ઈલેક્ટ્રોનિક્સ માધ્યમોનો વ્યાપ વધવા છતાં વર્તમાનપત્રનું સ્થાન પહેલાં હતું એના કરતાં ય મજબુત બન્યું છે. વહેલી પ્રભાતે નાસ્તાના ટેબલ પર ચાની ચુસ્કી લેતાં લેતાં વર્તમાન પત્ર વાંચ્યા વિના ચેન પડતું નથી. ગામડામાં પણ ઓટલે બેસીને કે બસ સ્ટેશને ટોળે વળીને ગ્રામજનો છાપું વાંચે તો જ મજા આવે એવી પ્રભાવી પરિસ્થિતિ અખબારોની છે. આજે અખબારનું મહત્વ એટલું વધી ગયું છે દૈનિક વગરના વિશ્વની કલ્પના કરવી પણ દુષ્કર છે. ત્યારે આખા વિશ્વમાં છવાયેલા આવા અખબારોએ યાને કે પ્રિન્ટ મીડિયાએ ૪૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે. ૨૦૦૫નું વર્ષ અખબારી ચતુર્થ શતાબ્દિનું વર્ષ છે.



લેખક

**શાંતિલાલ સોની**

**માહિતી ખાતું ભુજ.**

વર્લ્ડ એસોસિએશન ઓફ ન્યુઝ પેપર્સ (ડબલ્યુ એ એન) દ્વારા થયેલી છાનબીન મુજબ તેમને એવા પ્રમાણો પ્રાપ્ત થયા છે કે, પહેલું અખબાર ઈ.સ. ૧૬૦૫માં પ્રગટ થયું હતું. જો કે ઘણાં વિદ્વાનોએ ૧૬૦૯માં પ્રથમ છાપું પ્રગટ થયું હતું એવા અહેવાલો રજૂ કર્યા હતા. પરંતુ, જર્મનીમાં ગુટનબર્ગ ખાતે આવેલા વિશ્વના અગ્રીમ પ્રિન્ટીંગ મ્યુઝીયમે આપેલા આધારોને પાયાની હકીક્ત સ્વીકારી વિશ્વ અખબાર સંઘે ૧૬૦૫ને માન્યતા આપી છે. વાનના પ્રમુખ બાલ્ડિંગ એટલે જ અખબારને તેના ૪૦૦માં વર્ષે હેપી બર્થ-ડે કહી અભિનંદન આપ્યા છે.

વાન એટલે કે વર્લ્ડ એસોસિએશન ઓફ ન્યુઝ પેપર્સની એક્ઝીક્યુટીવ કમિટિએ તેની સંપુર્ણ ચકાસણી કર્યા પછી જ આ નિર્ણય લીધો છે. વાનના સંશોધન અને ઉપલબ્ધ માહિતી તેમજ ઈતિહાસકારોના મતે જોહન કાર્લિયર્સે પહેલું અખબાર પ્રસિદ્ધ કર્યું હતું. શરૂઆતમાં તે હસ્ત લિખિત પેપર બહાર પાડતો. ૧૬૦૫માં તેણે પ્રિન્ટીંગ મશીનમાં છાપું બહાર પાડયું. એવું પણ કહેવાય છે કે કાર્લિયર્સે સ્ટ્રેબર્ગ સીટી કાઉન્સિલને એવો અનુરોધ કર્યો કે આની નકલ ન થાય તે માટે કાઉન્સિલ ધ્યાન રાખે કદાચ કોપીરાઈટનો કાયદો ત્યારથી અમલમાં આવ્યો છે. ત્યાર પછી અખબારોની શરૂઆત થઈ અને તેની સંખ્યા વિશ્વમાં એટલી વધી ગઈ કે એક બિલિયન એટલે એક અબજ લોકો રોજ અખબારો વાંચે છે.

## વિશ્વમાં રોજ એક અબજ લોકો છાપા વાંચે છે

વાનના પ્રમુખ બાલ્ડિંગના મતે અખબારો ૪૦૦ વર્ષ જૂનાં નહીં પણ યુવાન વયે પહોંચ્યા છે. આજે તેની તંદુરસ્તી જોતાં હજુ તેને ઘણાં વર્ષો સુધી આગળ વધવાનું છે. પેરિસમાં આવેલી વાન સંસ્થા આજે વિશ્વમાં ૧૮ હજાર અખબારનું પ્રતિનિધિત્વ કરે છે. તેના ભાથામાં રાષ્ટ્રીય દૈનિકોના ૭૨ સંગઠનો છે. ૧૦૨ દેશના અખબારો વ્યક્તિગત સભ્યો છે. ૧૦ સમાચાર સંસ્થાઓ છે અને ૧૦ પ્રાદેશિક તેમજ વિશ્વ વ્યાપી પ્રેસ ગ્રુપ છે.

ગુજરાતમાં દેશી રાજ્યોએ પણ પત્રો શરૂ કર્યા હતા. જે માસિકના રૂપમાં પ્રગટ થતાં. ત્યાર પછી ૧૮૭૧માં જૂનાગઢથી સૌરાષ્ટ્ર દર્પણ, ૧૮૬૮માં રાજકોટથી વિજ્ઞાન વિલાસ આમાં એક જમાનાનું ભાવનગરનું મનોરંજન રતન પણ હતું ત્યાર પછી ૧૮૫૨માં સુરતમાં પરહેજગાર, ૧૮૫૦માં ગુજરાતીમાં પાંચ જેટલા પત્રો નીકળતાં જે મોટા ભાગના પારસી માલિકીના હતા. રાસ્ત ગોફતાર, સત્યવક્તા, સત્ય પ્રકાશ, વર્તમાન વિગેરે આ બધા પત્રો જૂના હતા. એવી જ રીતે સૌરાષ્ટ્રમાં સૌરાષ્ટ્ર શરૂ થયું દક્ષિણ ગુજરાતમાં નર્મદનો ડાંડીયો શરૂ થયો.

દેશની વાત કરીએ તો ભારતમાં અંગ્રેજોનું શાસન શરૂ થયું તે પહેલાં વર્તમાનપત્રો નહોતા પરંતુ કેટલાક રાજ્યોમાં ખબરખાતાંઓ હતા. જેના મારફત સમાચારો મેળવવાનો વ્યવસ્થિત પ્રબંધ કરાતો માટે, મોટા રાજ્યો અને મોટા વેપારીઓ તરફથી ચોક્કસ સ્થળે ખબરપત્રીઓ રાખવામાં આવતા.

કચ્છ જીલ્લાને સંબંધ છે ત્યાં સુધી આ વિસ્તારમાંથી પણ અખબારો પ્રગટ થાય છે. હાલ આઠ દૈનિકો પ્રસિદ્ધ થાય છે જેમાંથી ત્રણ સાંધ્ય દૈનિકો છે. ૨૭ જેટલા સાપ્તાહિકો ચોપડે ચડેલા છે. ૧૮ જેટલા પ્રસિદ્ધ થાય છે. એ સાથે બે પાક્ષિકપત્રો પણ આ જિલ્લામાંથી પ્રસિદ્ધ થાય છે. આ ઉપરાંત વિવિધ જ્ઞાતિઓ પણ તેમના મુખપત્ર માસિક યા તો પાક્ષિકના સ્વરૂપે બહાર પાડે છે. જેનો ફેલાવો કચ્છ ઉપરાંત બૃહદ કચ્છમાં પણ છે.



# શ્રી હરિ વચન

સાધુએ મનનો વિશ્વાસ ન કરવો. કેમ કે મન કયારેક વનમાં જવાનો સંકલ્પ કરે છે તો કયારેક ઘરમાં જવાનો સંકલ્પ કરે છે. સુવું હોય ત્યારે શરીર લાંબું કરવું પણ ઉંઘનો સંકલ્પ લઈને સુવું નહીં. જે કંઈ ક્રિયા કરવી તે સંકલ્પ જોઈને કરવી. સંકલ્પ ઉપર નજર રાખવી એટલે અવસ્થા બદલાઈ જાય તે જીવ દેહથી જુદો ગણાય.

★★★★

હમીરસરને કાંઠે મરિચિ, ગર્ગ, ગૌત્તમ, વશિષ્ઠ, વિશ્વામિત્ર અત્રિ, પુલસ્ત્ય, વિભાંડક, અવન શોનક, શૃંગી, ભારદ્વાજ, ભાગુરી, જૈમિની, સૌભરી, મૈત્રૈય, શંખ, લિખિત, દવળ, યાજ્ઞવલક્ય, વૈશંપાયન, કણાદ, કરભાજન, પાણિની, ભૃગુ, હારિત આદિ અનંત બ્રહ્મ ઋષિઓ, નિરંતર નિવાસ કરીને રહે છે અને નવ યોગેશ્વર તથા ચાર સનકાદિક, શુકજી અને બીજા પણ અનેક સિદ્ધો તથા મહર્ષિઓ નિયમપૂર્વક આ સરોવરમાં સ્નાન કરવા આવે છે. ઈંદ્ર, ચંદ્ર, કુબેર, બૃહસ્પતિ, આદિ અધિપતિ દેવો પણ આ સરોવરના નિત્યે દર્શન કરવા આવે છે. આ સરોવરના મહિમાનો શેષ પણ પાર પામવાને સમર્થ થાય તેમ નથી.

**ભગવાન શ્રી સ્વામિનારાયણે વિવિધ પ્રસંગોએ કહેલા ઉપદેશમાંથી કણિકાઓ શોધીને આ શૃંખ્લા તૈયાર કરી છે. કચ્છ લીલા અર્થાત શ્રી પુરૂષોત્તમ લીલામૃત, સત્સંગી જીવન આદિ ધર્મ પુસ્તકોમાંથી તેનું અવતરણ કર્યું છે. શ્રી હરિએ કહેલી વાતોને શ્રી હરિ વચન એવું નામ આપ્યું છે. મુમુક્ષુ જનોના કલ્યાણ અર્થે આ સાર સંગ્રહ અહીં પ્રસ્તુત છે.**

**-સંપાદક**

હમીરસરોવરને કાંઠે જે કોઈ પુરૂષ શ્રાદ્ધ કરીને પિંડદાન આપે છે તો તેના પિતૃઓ વૈકુંઠ ધામને પામે છે. આ સરોવરને જોઈ નમસ્કાર કરનાર મનુષ્ય પણ સ્વર્ગ લોકને પામે છે. સો જોજન દૂર રહીને પણ આ સરોવરનું નામ ઉચ્ચારણ કરે છે તો તે જન આધિ વ્યાધિ નાશ પામી જતા ચક્રવતિ રાજા જેવું સુખ બીજા જન્મે પામે છે. આ સરોવરમાં ગંગા, યમુના, સરસ્વતિ, ગોદાવરી, કાવેરી, પુષ્કરરાજ આદિ અનેક તિર્થો નિરંતર નિવાસ કરીને રહે છે.

હમીર સરોવરની મૃતિકાનું અજાણમાં પણ કોઈ તિલક કરે અથવા સ્પર્શ પણ કરે તો તેને યમપુરીના દર્શન કોઈ દિવસે થતા નથી. સવારમાં ઉઠીને આ સરોવરનું મનમાં સ્મરણ કરવા માત્રથી સો જન્મના પાપ નાશ પામે છે. આ સરોવરની જે કોઈ પ્રદક્ષિણા કરે તેને પગલે પગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે છે. આ સરોવરમાં સ્નાન કરી, મારૂં નામ લઈ ગમે તેવો અધમ પુરૂષ શ્રાદ્ધ કરી પિંડ આપશે તો તે પિત્રી તત્કાળ શ્રાદ્ધ ગ્રહણ કરશે.

હમીરસરોવર બંધાવનાર મારા બ્રહ્મધામનો અધિકારી છે. આ સરોવરમાં દ્રવ્ય (મહેનતાણું) લઈને મહેનત કરનાર પણ દેહના આયુષ્યના અંતે મારા ગોલોક ધામને પામશે. જે પશુ આ સરોવરની મૃતિકા ઉપાડીને બહાર કાઢવામાં નિમિત્ત બનશે તે પણ દેહત્યાગ પછી બદ્રિકાશ્રામ ધામને પામશે. એવો ઘણો આ સરોવરનો મહિમા છે.

★★★★

જો તમારે મારા એકાંતિક ભક્ત થાવું હોય તો કોઈની પાળ કે વંડી વગેરે જેવા કોઈપણ સ્થાનમાં છીંડું પાડવું નહીં. જો તમારૂં ભલું ઈચ્છતા હો તો કોઈનું પારકું તાળું ઉઘાડવું નહીં. એ કામ ચોરનું છે, ભક્તનું નથી. ધણીયાતી જગ્યાએ ધણીની મરજી વિના અમારા સત્સંગીએ ઉતારો કરવો નહીં અને ધણીયાતી વસ્તુ તેના ધણીની રજા વગર ઉપાડવી નહીં.

★★★★

સાંખ્યયોગી, બ્રહ્મચારી, પરમહંસ વગેરે બાઈઓ સાથે વાત કરતા હોય અથવા જાણીને બાઈઓ સામે જોતા હોય કે જાણીને બાઈઓને અડતા હોય એવું સત્સંગમાં જણાય તો તેને સત્સંગમાંથી બહાર કાઢી મૂકવો. તપાસ કરાવીને જાણીને નહી કાઢે તેમને સમસ્ત પરમહંસોને મારવાનું પાપ છે. જે સાંખ્યયોગી ભાઈમાં આવો ફેર જણાય તો પ્રથમ તેને સત્સંગમાંથી કાઢી મૂકવો અને જો તેનો સત્સંગમાં અનિવાર્ય થપ હોય તો પણ વરસ દહાડા પછી પ્રાયશ્ચિત કરાવીને તેને સત્સંગમાં લેવો. પરંતુ બ્રહ્મચારી કે પરમહંસને જાણીને આવો ફેર પડે તો તેને સત્સંગમાં પાછો લેવો નહીં.

★★★★

વ્યવહાર કાર્યમાં ત્યાગી અમાંગલિક છે માટે ધર્મવાળા ગૃહસ્થોને વહેવાર કાર્યમાં ભેળવવાથી કામ સિદ્ધ થશે.

★★★★

ભગવાનના ભક્તને ભગવાન ઓળખાણા ત્યારે ભગવાનનું ભજન કરવું, સ્મરણ કરવું તથા માનસી કરવી, પટ પૂજા કરવી ને ખાતાં પીતાં તેમજ કામકાજ કરતાં ભગવાનને સંભાળવા. બેસતાં ઉઠતાં જો ભક્ત ભગવાનને સંભાળે તો તેને ભગવાન જોઈ રહ્યા છે.

પારધિ જેમ મૃગલાને હણે છે અને ટીમર જેમ માછલાને હણે છે તેમ ધનના ખપવાળા જનો ધનાઢય પુરૂષને નિશ્ચય હણવા ઈચ્છે છે અને અર્થ (દ્રવ્યાદિ પદાર્થ) અનર્થથી ભરેલો છે માટે બુદ્ધિવાળા પુરૂષોએ અર્થને પ્રાણનો ક્ષય કરનારો માન્યો છે.

★★★★

નિર્લોભી એવા પુરૂષના સમાગમ થકી લોભ રૂપી શત્રુનું દુષ્ટપણુ મનમાં જાણીને ત્યાગ કરે છે તે જન શાંતિ પામે છે અને મુક્ત તથા બદ્ધ એવા સર્વક્ષેત્રજ્ઞનો સ્વામી એવા મારા પ્રત્યે પ્રીતિને પામે છે.

★★★★

સાંભળવા માત્ર કરીને ઉત્પન્ન થનારો કામ નામે જે શત્રુ છે તે પાતાળ જેમ જળે કરીને ભરાય નહીં તેમ વિષય ભોગે કરીને પૂર્ણ થાય તેમ નથી. તે દુઃખે કરીને પણ જીતવાને શકય નથી. કામ અનેક પ્રકારના દુઃખનો સ્થાન ભૂત છે.

★★★★

હડકાયા કુતરાની લાળ જેને અડે તે જન જીવે નહીં તેમ કામી પુરૂષ અને કામી પુરૂષનો સહવાસ કરનારો કલેશને પામી નિશ્ચેય મૃત્યુને પામે છે. જેમ વનનો અગ્નિ વનમાં રહેલા પ્રાણિના સમુહને બાળે છે તેમ અતિ નિર્દય અને પ્રાણધારીના મનને અતિશય પાપને પમાડતો કામ પ્રાણધારીને બાળે છે.

★★★★

નાના પ્રકારના રસાસ્વાદ થકી મનુષ્યોને સર્વ પ્રકારે કામની વૃદ્ધિ થાય છે. કેમ કે ક્ષુધાએ કરીને અતિ દુર્બળ પ્રાણીને વિષે કામનું ઓછાપણું કેમ છે એમ અનુમાન કરીએ છીએ. માટે મનુષ્ય પોતાને ઘટિત હોય તેમ સંકોચપૂર્વક રસાસ્વાદને સેવે કેમ જે રસને વિષે આસક્તિએ કરીને મૃત્યુ થાય છે એમ ડાહ્યા પુરૂષ કહે છે.

★★★★

કોઈ પાસે સાત માળની હવેલી હોય તો પણ એ મહીપતિને પોતાને બેસવા સુવામાં ખપ આવે એટલી જમીન જ તેની પોતાની છે. જળના

ભરેલા હજારો ઘડા હોય તો પણ એ જળમાંથી ખપમાં આવ્યું તેટલું જ જળ પોતાનું છે. અન્ન-ધન બધું જ કંઈ ખપમાં આવ્યું તેટલું પોતાનુંછે.

★★★★

શ્રી કૃષ્ણ ભગવાનનું શ્રવણ કરવું, કિર્તન કરવું, સ્મરણ કરવું, ચરણ સેવન કરવું, પૂજન કરવું, વંદન કરવું, દાસપણું કરવું, સખાપણું કરવું અને આત્મનિવેદન કરવું એ નવધા ભક્તિના લક્ષણ છે. એમાં જ એક લક્ષણને પણ જે આશરે તે જન ભૂક્તિ અને મૂક્તિને પામે છે.

★★★★

પ્રત્યેક ભક્તિના નવ નવ ભેદો છે તામસી, રાજસી અને સાત્વિક અને એ ત્રણેમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ભેદ છે. શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિના પણ દરેકના આવા નવ નવ ભેદ છે. આમ ૮૧ ભેદ છે. બ્યાસીમી પ્રેમલક્ષણા ભક્તિ છે. ભક્તના મનની ગતિ ભગાવનમાં જ રહે છે. તેને નિર્ગુણ ભક્તિ કહે છે અથવા તો તેને પ્રેમ લક્ષણા ભક્તિ કહી છે.

★★★★

સર્વ ઈચ્છા માત્રનો ત્યાગ કરીને જે ભક્તિ કરે છે તેને નિષ્કામ ભક્તિ કહી છે અને ભક્તને તે સિદ્ધિઓ આદિ કોઈપણ વિઘ્ન કરી શકતા નથી. જે ભક્ત અખંડ ભગવાનના ચરણારવિંદમાં પોતાના મનને લીન રાખે છે અને ભક્તિ કરે છે તે હરિભક્ત નિર્ગુણ કહેવાય છે અને તેને એકાન્તિક પણ કહે છે.

★★★★

વિના પ્રયત્ને અને વિના પ્રયાસે ભગવાનની ભક્તિ કર્યાથી અવિદ્યાનો નાશ થાય છે. પ્રગટ ભગવાનની ભક્તિ કર્યા વિના કયારેય જન્મ-મૃત્યુનો કલેશ ટળતો નથી અને સંત પુરૂષના સંગ વિના ભગવાનની મોટપ કયારેય જીવમાં જણાતી નથી.

★★★★

આકાશ ચારે ભૂતમાં રહ્યો છે પણ ચારે ભૂતો આકાશ જેવા નિર્લેપ તથા અસંગી થવાને સમર્થ નથી તેમ જ પુરૂષોત્તમ ભગવાન સર્વના આત્મા છે તો પણ અક્ષર પર્યન્ત કોઈ પણ પુરૂષોત્તમ ભગવાન જેવા સમર્થ થવાને સમર્થ થતા નથી. અતિશય સૂક્ષમપણું, અતિશય અસંગીપણું, અતિશય પ્રકાશે યુક્તપણુ અને અતિશય ઐશ્વર્યયુક્તપણુ તે ભગવાનની મૂર્તિને વિશે નિર્ગુણપણુ છે.

★★★★

સ્વધર્મી હોય કે પરધર્મી પણ તે ભૂખ્યો કે દુખ્યો જણાય તો તેનું દુઃખ જોઈને શક્તિ પ્રમાણે અન્ન જળ આદિએ કરીને શાંતિ પમાડવો. તે ગમે તેવો હોય તો પણ રાંધેલા અન્ન વડે તેનું દુઃખ ટાળવું તે સદ્ગૃહસ્થનો ધર્મ છે. સુવર્ણાદિ દાન કરતાં પણ અન્નદાન શ્રેષ્ઠ છે. જ્ઞાનદાન તેથીય શ્રેષ્ઠ છે.

★★★★

સદ્દાચાર એક મોટો કિલ્લો છે. તે જો ન તૂટે તો તેનો ધર્મ કોઈ દિ લોપાય નહીં. જેમ હાથીના પગમાં સાંકળ બંધન કરનારી છે તેમ લાજ ચિતને રોકનારી છે. લાજે કરીને ચિતમાં માયિક પંચ વિષયનું ચિંતવન કરી શકાતું નથી. કુસંગીને પણ મનમાં લાજ હોય તો તે પણ અધર્મને માર્ગે ચાલતાં ડરે છે.

★★★★

લોકો લાજે કરીને ધર્મ પાળે છે અને લાજે કરી અધર્મનો ત્યાગ કરે છે. લાજવાળાની લાજ ગઈ તો મરવાનો ઉપાય છે. લાજે કરી ક્ષત્રિય રણસંગ્રામમાં લડી મરે છે અને લાજે કરી જગતમાં લોભી પુરૂષો પણ ધન વાપરે છે. કોઈએ કોઈનું ધન લીધું હોય તો તે લાજે કરીને પાછું આપે છે. બધો વહેવાર લાજે કરીને ચાલે છે. લાજ શરીરની નાડીના ઠેકાણે છે. જ્યાં સુધી નાડી હોય ત્યાં સુધી ઔષધ કામ લાગે છે. નાડી તૂટે તો મૃત્યુ થાય છે. તેવી રીતે લાજ વિનાના મનુષ્યો નીચ સ્થિતિને પામે છે.

★★★★

વેદમાં અજથી યજ્ઞ કરવા કહ્યું છે. તે અજ એટલે ત્રણ વર્ષ જાુની ડાંગર-જેને વાવીએ તો ઉગે નહીં તેવી ડાંગરને વેદમાં અજ કહી છે. અજનો અર્થ બકરો નથી થતો. બકરાદિ વડે થતા હિંસક યજ્ઞો વેદોક્ત નથી. વેદ તો માતા પુત્રની રક્ષા કરે તેમ જીવ પ્રાણી માત્રની રક્ષા કરવાનું કહે છે. વાવ્યું ધાન ઉગે ત્યાં સુધી તેને હિંસાનો સંબંધ કહેવાય માટે તેવું ધાન યજ્ઞમાં હોમવું નહીં. હિંસા વિનાની વસ્તુનો ઉપયોગ જ યજ્ઞમાં પવિત્ર ગણવો.

★★★★

માંસ ભક્ષણ દોષ છે. કોઈ પ્રકારે માંસ નિર્દોષ નથી જ. માટે માંસનું ભક્ષણ કયારેય ન કરવું. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે જીવની હિંસા કરવાની આજ્ઞા કરનારો, કાપનારો, મારનારો માંસ વેચનારો, માંસ રાંધનારો, માંસ ઉપાડીને લાવનારો અને સાતમો માંસ ખાનારો તે સૌ સરખા દોષી છે. તે કયારેય સ્વર્ગને પામતા નથી. નિશ્ચિતપણે નર્કને પામે છે.

★★★★

જે જળમાં ઝીણા જીવ હોય તેમાં સ્નાન ન કરવું. જરૂર પડે એવું જળ ગાળીને સ્નાન કરવું જેથી જીવની હિંસા ન થાય. અહિંસા જ ધર્મ છે. અહિંસાથી જ ધર્મ પાલન થાય છે.

★★★★

યુગ યુગના ધર્મ જાુદા હોય છે. માટે શાસ્ત્રમાંથી સાંભળીને જે આ કળીયુગમાં તપ કરે છે તે તપસ્વી અંતે નરકમાં પડે છે. કોઈ રીતે મહાપાપ થઈ ગયું હોય અને તે થકી પણ જે દેહનો ત્યાગ કરે છે - આપઘાત કરે છે તે પણ અસદ્ગતિને પામે છે.

★★★★

સંસારમાં બધું સુલભ છે પણ સાચા સંતોનો સમાગમ મળવો દુર્લભ છે. સાચા સંત તો દૃષ્ટિ માત્રથી જીવોને પવિત્ર બનાવી દઈ શકે. આવા સંતની સેવા-સમાગમ કરનાર આત્માઓ બ્રહ્મપુરધામને પામે છે.

★★★★

કોઈપણ જીવ, પછી તે જ્ઞાની હોય કે અજ્ઞાની, ગમે તેવો હોય, એણે ધર્મનું પાલન કરવું જોઈએ. ધર્મવાળો પુરૂષ નીચા કુળનો અને નીચી જ્ઞાતિનો હોય તો પણ બ્રહ્માદિકને પૂજવા યોગ્ય છે. અને બ્રહ્માદિક જેવા પણ ધર્મહિન હોય તો તે નિંદવા યોગ્ય છે.

★★★★

સત્ય, અહિંસા, અસ્તેય, કામ ક્રોધનો ત્યાગ, તેમજ મદ્ય, માંસ, પરસ્ત્રી પ્રસંગ અને વ્યસનનો ત્યાગ, સજ્જનોની સેવા એ પરમાત્માની ભક્તિ આ બધા સાધારણ ધર્મો છે. ક્ષમ, દમ, તપ, સંતોષ અને ક્ષમા આ બ્રાહ્મણના ધર્મ છે. શૂરવીરપણુ, ધીરજ, ઉદાતા, સાધુ, ગાય અને બ્રાહ્મણની રક્ષા કરવી એ ક્ષત્રિયના ધર્મ છે. ખેતી, પશુપાલન, વેપાર વગેરે વૈશ્યના ધર્મ છે અને ત્રણે વર્ણની સેવા (નોકરી) તે શુદ્રનો ધર્મ છે.

★★★★

બ્રાહ્મણ અને ક્ષત્રિયે આપત્તિકાળ આવે તો વૈશ્યવૃતિથી જીવવું અને શુદ્રને આપત્તિ કાળ આવે તો કોઈપણ અહિંસક માર્ગથી મહેનત કરી પોતાની આજીવિકા ચલાવવી.

★★★★

ગૃહસ્થ પુરૂષોએ સદ્ગુણી અને પોતાની જ્ઞાતિની કન્યાને પરણવું. ન્યાયથી દ્રવ્ય એકઠું કરવું. સ્નાન, સંધ્યા અને ઈશ્વર ભજન એ નિયમો પાળવા. માતા-પિતાની સેવા કરવી, પત્ની, બાળકો અને નોકર એનું અવશ્ય પોષણ કરવું. દરરોજ સંતોનો સમાગમ કરવો. દુર્જનોથી દૂર રહેવું. મૂર્ખની માફક ઘરમાં અતિ આશક્ત થવું નહીં.

★★★★

પથ્થરથી ઘાસ ઉત્તમ છે. તેનાથી અન્ન ઉત્તમ છે. તેનાથી વૃક્ષો, તેથી કીડી અને તેથી પતંગિયા, તેથી ચકલાં તેથી સસલાં, તેથી ગાયો

અને તેથી મનુષ્યો ઉત્તમ છે.

મનુષ્યોમાં બ્રાહ્મણ ઉત્તમ છે. બ્રાહ્મણ કરતાં ધાર્મિક માણસ ઉત્તમ છે. કારણ કે એવા ભક્તોના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. ભગવાનને અર્પણ કર્યા સિવાય ફળ, પત્ર, પુષ્પ આદિ કોઈ ચીજ વાપરવી નહીં. જે દેવની આગળ મદ્ય-માંસનું નૈવેદ્ય થતું હોય તે મંદિરમાં જવું નહીં.

★★★★

ભક્તોએ સમય અને શક્તિ પ્રમાણે તીર્થ કરવા, વ્રત કરવા. જેની પાસે સંપત્તિ હોય તેણે પ્રભુના મંદિરો બંધાવવા અને તેમાં દેવની પૂજા તથા આજીવિકા ચાલે તેવી વ્યવસ્થા કરાવવી. યજ્ઞ કરાવવા અને દુઃખી માણસોને દાન આપવું. જીવ પ્રાણી માત્ર ઉપર દયા રાખવી.

★★★★

પોતાની માતા, બહેન કે દીકરી સંગાથે પણ સુખી થવા ઈચ્છતા ગૃહસ્થોએ એકાંતમાં ન રહેવું. સધવા સ્ત્રીઓએ પોતાના પતિની સેવા કરવી. કોઈપણ સતકર્મ પતિની આજ્ઞા લઈને કરવું. વિધવા સ્ત્રીઓએ પરમાત્માને પોતાના પતિ માનીને પૂજવા. નજીકના સગા સિવાયના પુરૂષ માત્રને સ્પર્શ ન કરવો.

★★★★

કળીયુગમાં વાનપ્રસ્થ અને સંન્સાય આશ્રમોનો નિષેધ કરેલો છે. માટે ૫૦ વર્ષની ઉમર પછી વાસુદેવીય દીક્ષા લઈ ઘેર રહીને પ્રભુ ભજવા અથવા ગૃહ ત્યાગ કરી સાધુના મંડળમાં રહી પ્રભુ ભજવા.

★★★★

સાધુ પુરૂષોએ મનમાંથી સંસાર અને વ્યવહારના સંકલ્પો છોડી દેવા. કામક્રોધ આદિ નર્કના દ્વાર છે. માટે એનો પણ ત્યાગ કરવો. ભગવાનની ભક્તિ સિવાય બીજી કોઈપણ પ્રવૃતિ કરવી નહીં.

★★★★

ભગવાન કૃષ્ણ પરમાત્મા છે. દિવ્ય ગુણોથી યુક્ત છે. માયા કે માયાના કાર્ય ભગવાનને સ્પર્શી શકતા નથી. માટે ભગવાનને નિર્ગુણ કહે છે. વિષ્ણુ, નારાયણ, વાસુદેવ વગેરે અનંત નામોથી ભક્તજનો સંબોધે છે. ભગવાન સ્વતંત્ર છે. સ્વયં પ્રકાશ છે. સર્વના કારણ છે અને અનેક મૂક્તાઓ માટે ઉપાસના કરવા યોગ્ય છે. અક્ષરબ્રહ્મ એમનું ધામ છે અને તેઓ અંતરર્યામી છે.

★★★★

પરમાત્માને જ્યારે સૃષ્ટિ કરવાની ઈચ્છા થાય ત્યારે અક્ષર પુરૂષ રૂપે થઈને મૂળ પ્રકૃતિ સામે જુએ છે. તેથી તે મૂળ પ્રકૃતિ અનેક પ્રધાન તત્વો ઉત્પન્ન કરે છે અને એનાથી મહત્તત્વની ઉત્પતિ થાય છે. આ રીતે અનેક બ્રહ્માંડો ઈશ્વર ઈચ્છાથી ઉત્પન્ન થાય છે. આમ પ્રધાન તત્વમાંથી મહત્તત્વ થાય. મહત્તત્વમાંથી અહંકાર થાય. આ અહંકાર સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો છે.

તામસ અહંકારથી શબ્દ ઉત્પન્ન થાય છે. તેમાંથી આકાશ, આકાશમાંથી સ્પર્શ અને સ્પર્શથી વાયુ, તેનાથી રૂપ, તેજ, રસ અને રસમાંથી જળ, જળમાંથી પૃથ્વી અને ગંધ. આ રીતે એક બીજાથી ઉત્પત્તિ થાય છે. 'આકાશ' આદિકને પંચમહાભૂતો કહેવાય છે. રાજસ અહંકારમાંથી પાંચ જ્ઞાન ઈન્દ્રિયો, પાંચ કર્મ ઇન્દ્રિયો, પાંચ પ્રાણ અને બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

સાત્વિક અહંકારમાંથી ઈન્દ્રિયો, અંતકરણના દેવતાઓ ઉત્પન્ન થાય છે. તેનાથી મનની ઉત્પતિ થાય છે. વાયુ, સૂર્ય, વરૂણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઈન્દ્ર, વિષ્ણુ, મિત્રદેવ, પ્રજાપતિ, આ દશ ઈન્દ્રિયોના દેવ છે. ચંદ્રમા, બ્રહ્મા, ક્ષેત્રજ્ઞ અને વાસુદેવ આ ચાર અંતકરણના દેવ છે. આ બધા મળીને વિરાટ ઉત્પન્ન કરે છે. વિરાટે પોતાના શરીરમાંથી પેદા થયેલા જળમાં શયન કર્યું તેથી તે નારાયણ કહેવાયા. એ નારાયણની નાભિમાંથી બ્રહ્મા થયા. બ્રહ્મા સર્વ સૃષ્ટિ ઉત્પન્ન કરે છે.

★★★★

દરેક જીવો પોતપોતાના ગુણ પ્રમાણે કર્મ કરે છે. નિર્ગુણ જીવો ભગવાનની ભક્તિ કરે છે. ભગવાન સર્વને કર્મ પ્રમાણે ફળ આપે છે. પરમાત્મા સિવાય સર્વ પરતંત્ર છે. એક પ્રભુ જ સ્વતંત્ર છે. આ જ્ઞાન જાણવા પછી બીજું કોઈ જાણવાનું બાકી રહેતું નથી. જે પુરૂષો સંતોનો સમાગમ કરીને આત્મા પરમાત્માનું જ્ઞાન મેળવીને ભગવાનની ઉપાસના કરે છે તે સંસાર બંધનમાંથી મૂક્ત થાય છે.

★★★★

ભગવાન સિવાય બીજા પદાર્થમાં પ્રેમ ન હોય તેનું નામ વૈરાગ્ય. એવા વૈરાગ્યની ઉત્પત્તિ લોકના દુઃખ અને નાશ જોવાથી થાય છે. નિત્ય પ્રલય, નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય અને આત્યંત્તિક પ્રલય આ ચાર પ્રલયમાં સર્વ કોઈનો નાશ થાય છે.

★★★★

પાપી અને વિષયી મનુષ્યના સંગથી પાપમાં પ્રવૃતિ થાય છે. કુસંગને લીધે સારી બુદ્ધિ અને સારા ગુણનો નાશ થાય છે. દેહ અને દૈહિક પદાર્થમાં અહંતા અને મમતા વધે છે. તેના પરિણામે માણસો એક બીજાને છેતરે છે. ખોટા આરોપ મૂકે છે. પાપ કરીને પૈસા લાવે છે. એ જાણે જિંદગીનું કર્તવ્ય હોય તેમ વર્તે છે.ભગવાનના ભક્તોનો, ગાયોનો અને સાધુ પુરૂષોનો દ્રોહ કરે છે. એવા માણસો અંતકાળે મહાદુઃખી થાય છે.

★★★★

વાંકા મોંઢાવાળા, અતિ ભયંકર યમના દૂતો પાસ લઈને પાપી જીવને પકડવા આવે છે અને તે જીવને બાંધીને યમપુરીમાં લઈ જાય છે. એને અનેક પ્રકારના દંડ આપે છે. યમરાજા દરેક જીવના બધા કર્મોને જાણે છે. તેથી ક્રોધ કરીને અનેક પ્રકારના નર્કકુંડોમાં નાખે છે. તામિક્ષ, રૌરવ, કુંભિપાક, કાળસૂત્ર, અસિપત્રવન, લાલભક્ષ્ય, ઈત્યાદિ હજારો નર્ક કુંડો છે. જેવું પાપ તેવી શિક્ષા.

★★★★

ભગવાનની કૃપાથી મનુષ્ય શરીર મળે છે. તે શરીરથી જે સત્કર્મ કરે અને પ્રભુની ભક્તિ કરે તો જીવ મૂક્ત થાય છે, નહીં તો ફરી પાછો યમપુરી અને ચોર્યાસીમાં ફરે છે. આવી રીતે દુઃખ, દોષ અને નાશવંતપણાનો વિચાર કરવાથી સંસારમાં વૈરાગ્ય થાય છે અને ભગવાનમાં પ્રેમ થાય છે.

★★★★

પતિવ્રતા સ્ત્રીની જેમ અનન્ય ભાવથી પરમાત્માને ભજવાના નવ પ્રકાર છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસંવાહન, પૂજન, વંદન, દાસ્યપણુ, સખાપણું અને આત્મસમર્પણ. આ નવ પ્રકાર ભક્તિના છે. તેમાંથી ગમે તે એક ભક્તિનો આશ્રય કરે તો તે મનુષ્ય આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

નવધા ભક્તિથી જે ઈશ્વરની આરાધના કરે છે તે ભક્ત કહેવાય છે. તે ભક્તો સકામ અને નિષ્કામ એમ બે પ્રકારના હોય છે. સકામ ભક્તને ભગવાન એની ઈચ્છા પ્રમાણે સુખ આપે છે. નિષ્કામ ભક્તને સુખની કોઈ ઈચ્છા હોતી જ નથી. નિષ્કામ ભક્તની વૃતિ સતત ભગવાનમાં જ રહે છે. જગતમાં જે વસ્તુ સુખદાયી જણાય છે એ પદાર્થો ભક્તને દુઃખરૂપ લાગે છે. એને અંદર અને બહાર ભગવાન જ સાંભળે છે. ભગવાનના દર્શનથી કયારેક આ ભક્ત એકલો હસે છે તો કયારેક વિરહથી રડે છે. આવા લક્ષણો જેમાં હોય તે પરમાત્માનો નિષ્કામ ભક્ત જાણવો. આવા ભક્તના પગલા જ્યાં પડે છે તે સ્થળ પવિત્ર બને છે. અને આવો ભક્ત ભગવાનના ધામમાં જાય છે.

★★★★

જળાશયમાં જેમ દેડકાં, માછલા આપોઆપ આવે છે, એમ ધાર્મિક પુરૂષોને ત્યાં સંપતિ આપોઆપ આવે છે. ધર્મ જીવનો મિત્ર છે. ધર્મ માતા છે. ધર્મ પિતા છે. ધર્મ એ ભાઈ છે. કોઈપણ પ્રકારના ભયથી, ઉદ્વેગથી પણ ધર્મનો ત્યાગ કરવો નહીં. ગમે તેવા દુઃખમાં પણ ધર્મને છોડવો નહીં. ડાહ્યા માણસોએ વિદ્યા ભણવી હોય ત્યારે ધૈર્ય રાખવું પરંતુ ધર્મનું આચરણ કરવું હોય ત્યારે તત્કાળ કરવું.

★★★★

ધર્મ છ પ્રકારનો છે. વર્ણ ધર્મ, આશ્રમ ધર્મ, વર્ણાશ્રમ ધર્મ, ગૌણ ધર્મ, નિમિત્ત ધર્મ અને સાધારણ ધર્મ, દરેક આશ્રિતોએ પોતપોતાના નિયમ પ્રમાણે ધર્મનું પાલન કરવું.

★★★★

બહુ ઉપવાસથી કે બહુ પૈસાથી ધર્મ સિદ્ધ કરી શકાતો નથી. શ્રદ્ધાવાળો માણસ જ ધર્મ પ્રાપ્ત કરી શકે છે. શ્રદ્ધા વગરના માણસો પોતાની સર્વ વસ્તુઓ બીજાને અર્પણ કરે કે જીંદગી બીજાને આપે છતાં એ દાનનું ફળ તેને મળતું નથી. શ્રદ્ધા સર્વશ્રેષ્ઠ છે. ધર્મનું સુક્ષમ સ્વરૂપ શ્રદ્ધા છે. શ્રદ્ધા એ તપ, ઈન્દ્રિયનિગ્રહ, સ્વર્ગ અને મોક્ષ પણ શ્રદ્ધા જ છે. શ્રદ્ધા એ સર્વ જગત છે. આત્મા અને પરમાત્મા શ્રદ્ધા માત્રથી જ પ્રાપ્ત થાય છે. ગુરૂ અને વેદ વાકય શ્રદ્ધાથી જ ગ્રહણ કરાયા છે. શ્રદ્ધા એ જ્ઞાન-વૈરાગ્યની માતા છે. શ્રદ્ધાવાળા અનેક ભક્તો મોક્ષને પામ્યા છે. શ્રદ્ધાવાળો પુરૂષ સદ્‌ગુણોને પ્રાપ્ત કરીને સંસાર તરી જાય છે.

★★★★

શ્રદ્ધાળુ હોવા છતાં નિયમમાં રહેવું તલવારની ધાર જેવું કઠણ છે. રાગી અને લોભી માણસોને નિયમ પાળવા બહુ કઠણ પડે છે. નિયમના કારણે ઈન્દ્રાદિક દેવતાઓ દેવત્વ પામ્યા છે. આકાશના તારા પણ નિયમિત પ્રકાશે છે. સમુદ્ર પોતાના નિયમનું ઉલ્લંઘન કરતો નથી. અગ્નિ, સૂર્ય એ નિયમ પ્રમાણે જ વર્તે છે. વાયુ નિયમ પ્રમાણે વાય છે. નિયમવાળા માણસોને કર્મનું ફળ મળે છે અને નિયમ વગરના માણસો અનેક રીતે દુઃખી થાય છે. એટલે શ્રદ્ધા અને નિયમમાં રહી ધર્મનું પાલન કરવું.

★★★★

ધર્મ સિદ્ધિ માટે દેશ, કાળ, ઉપાય, દ્રવ્ય, શ્રદ્ધા, પાત્ર, ત્યાગ આ સાત વસ્તુ ધર્મનું મૂળ છે. એ સાત જો શુદ્ધ હોય તો ધર્મની વૃદ્ધિ થાય છે અને અશુદ્ધ હોય તો અધર્મની વૃદ્ધિ થાય છે.

★★★★

શુદ્ધ અને અશુદ્ધના જ્ઞાન માટે હમેશા સંતોનો સમાગમ કરવો. સાધુ પુરૂષોના સંગથી માણસની બુદ્ધિ પવિત્ર બને છે. કુસંગથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. માટે પરીક્ષા કરીને સાધુ પુરૂષોનો સંગ કરનાર હંમેશા સુખી થાય છે. અધમ પુરૂષોના સમાગમથી બુદ્ધિનો નાશ થાય છે. મધ્યમ પુરૂષોના સમાગમથી બુદ્ધિ મધ્યમ બને છે અને ઉત્તમ પુરૂષોના સમાગમથી બુદ્ધિ ઉત્તમ બને છે.

★★★★

જે શાસ્ત્ર સાકાર ઉપાસનાવાળાં હોય, વેદના અર્થને અનુસરતા હોય, પરમાત્માના સ્વરૂપને સત્યપણે પ્રતિપાદન કરતા હોય છે એવા શાસ્ત્રો મને પ્રિય છે. તેમાં પણ ચાર વેદ, વ્યાસસૂત્ર, ભગવદ્‌ગીતા, વિષ્ણુ શહસ્ત્રનામ, શ્રીમદ્‌ ભાગવત, વાસુદેવ મહાત્મ્ય, વિદુર નિતિ અને યાજ્ઞ વલ્કય સમૃતિ એ બધાં શાસ્ત્રો અમને અત્યંત પ્રિય છે. તેમાં પણ રામાનુજાચાર્યે રચેલું ગીતા ઉપરનું ભાસ્ય અને વ્યાસ સૂત્ર ઉપરનું શ્રીભાસ્ય એ અમને ઈષ્ટ છે. માટે ભક્તજનોએ પોતાની શક્તિ પ્રમાણે એ શાસ્ત્રોનો અભ્યાસ કરવો. તેમાં પણ ભાગવતના દશમ, પંચમ એ બે સ્કંધ અને યાજ્ઞવલ્કપ સ્મૃતિ એ ત્રણ શાસ્ત્ર અમને અત્યંત પ્રિય છે.

★★★★

સ્વસ્વરૂપમાં રહેનારા મહાન પુરૂષોનો જન્મ લોકકલ્યાણ માટે જ હોય છે. અને જન્મ તથા તિરોભાવ તેમાં તે સ્વતંત્ર હોય છે. કયારેય પણ કર્માધિન હોતા નથી. દેવી જીવો મોટા પુરૂષોની આ એક લીલા છે.

★★★★

અમારા આશ્રિત ગૃહસ્થ કે ત્યાગી જે મુખ્ય હોય તેમણે પોતાના અનુયાયીને જમાડીને પછી જ જમવું. કયારેય પણ પંક્તિ ભેદ ન કરવો. પંક્તિભેદ કરનાર નર્કમાં પડે છે. અમારા આશ્રિતોએ એકાદશી, જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રી એ વૃતના દિવસોએ અન્નનો ત્યાગ કરીને ઉપવાસ કરવો. મદ્ય-માંસનો સ્પર્શ પણ ન કરવો. વ્યસન માત્રનો ત્યાગ કરવો.

★★★★

ભગવાન અને ભગવાનના અવતારોની વાત જે શાસ્ત્રમાં હોય તે શાસ્ત્ર સાંભળવા, વાંચવા અને ભણવા. પ્રભુ ભક્તના મુખેથી કથા સાંભળવી. જે શાસ્ત્રમાં સાકાર રૂપનું પ્રતિપાદન ન કરેલું હોય તો તે ન સાંભળવા, સ્ત્રીના મુખેથી જ્ઞાનવાર્તા ન સાંભળવી. પરમાત્માના ચરિત્ર, ભક્તના ચરિત્ર એનું સ્મરણ રાખવું. સંતોનો સમાગમ કરવો. અભક્તથી હમેશા દૂર રહેવું. સાધુ પુરુષોની સાથે મિથ્યા વિવાદ તેમજ વિતંડાબાદ ન કરવો. કોઈ દિવસે અપશબ્દો બોલવા નહીં. જૂઠુ બોલવું નહીં. ગાળો બોલવી નહીં. સાધુનો સમાગમ છોડી દેનાર પુરૂષો કામ ક્રોધાદિકનો શિકાર બનીને સત્સંગમાંથી પડી જાય છે. દુર્જનોની નીંદાથી ડરીને કયારે પણ સત્સંગ છોડવો નહીં.

## પ્રવાસન વર્ષ.... (પાના ૩૬થી ચાલુ)

અદાણી મુન્દ્રાનું પોર્ટ (ખાનગી) માંડવી વિગેરે ઈકો ટુરિઝમને વેગ આપે છે. આમ કચ્છ તમામ પ્રકારના ઈકો ટુરિઝમની ભૂમિ બની શકે એમ છે. હુન્નરકળા કોઈપણ પ્રવાસીઓને આકર્ષવા પૂરતી છે. કચ્છમાં તો તેનો ખજાનો છે. બાંધણી કળા, ભરત કામ, ધડકી કળા, અજરખ કામ, રોગાન કામ, હાથવણાટ કળા, નામદા, બારીક, મશરૂ, જરદોશી વિગેરે સાથે નિરોણા જેવું આખું ગામ કળામાં કંડારાયેલું છે તો ધમડકા આખું અજરખનગર તરીકે વિકાસ પામ્યું હોવાથી પર્યટનનું મહત્વનું પાસું બની શકે એમ છે.

આ સાથે કચ્છનો માંડવી બીચ તો કયારનો ય પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બની ચૂકયો છે. શહેરી વિકાસ વર્ષમાં માંડવી નગરપાલિકાએ તો ત્યાં સુવિધા ઉભી કરી છે. પર્યટન વિભાગે ગેસ્ટ હાઉસ બનાવ્યું છે. હજુ વધુ સુવિધા થાય તો તે કચ્છનું ગોવા બની શકે એમ છે. એજ પ્રકારે પિંગલેશ્વરનો દરિયો પણ મહત્વનું કેન્દ્ર છે. માંડવી અને નલીયા વચ્ચે એવા અનેક બીચ અને રેતીના છે જે લોકાર્ષણના કેન્દ્રો સમાન છે. આમ કચ્છમાં આ બધું જોતાં હેરિટેઝ, મેડિકલ ટુરિઝમ, આગવું ધામ બની શકે એમ છે અને આ માટે ગ્રામ પ્રવાસન, ફાર્મ હાઉસ, વિલા ટુરિઝમ, ભૂંગા ટુરિઝમ, ભૂંગા-આવાસ રિસોર્ટની જરૂર છે. જાણકારોના મતે કચ્છ અંગે વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે. કચ્છ આવતાં શહેરી વિદેશી પ્રવાસીઓએ પુસ્તકો લખ્યા છે તો એ બધામાંથી વિગતો મેળવી પ્રવાસીઓને આકર્ષી શકે એવું કલ્ચર ઉભું કરવાની જરૂરત છે. રાજસ્થાનની આભા અહીં ઉભી કરવાની જરૂરત છે. દેશના મોટા શહેરોમાં રોડ-શો, હેરિટેજ હવેલીઓ, મુબઈ-કચ્છની સફારીકાર, રેલીનું આયોજન કરાય તો કચ્છના પ્રવાસન ઉદ્યોગને મોટો વેગ મળે એમ છે. કચ્છ માટે ખાનગી ટ્રાવેલ્સ ઉદ્યોગ સાથે કચ્છની કલા સંસ્કૃતિને જોડી દેવામાં આવે તો તેને પ્રોત્સાહન મળે એમ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક કચ્છીઓ મહત્વના સ્થાને બેઠા છે તેઓ પણ કચ્છની અદ્‌ભૂત વારસાને વિશ્વ સમક્ષ મૂકવા પ્રયાસ કરે તો કચ્છમાં પર્યટનધામને નવી જ દિશા મળે એમ છે.

શાંતિલાલ સોની
માહિતી ખાતું, ભુજ-કચ્છ.

# ભુજ નગરપાલિકા

## મારૂં ભુજ સ્વચ્છ ભુજ, સ્વસ્થ ભુજ

નગરને રળિયામણું બનાવવા માટે સર્વ રીતે સહકાર આપો.

સમયસર વેરો ભરી નગરના વિકાસમાં સહભાગી બનો.

જન્મ-મરણની નોંધ સમયસર કરાવો.

નગરને સ્વચ્છ અને સુંદર રાખવા ગંદકી કરશો નહીં.

કચરો કચરા પેટીમાં નાખો. ગંદકી રોગોનું મૂળ છે.

વૃક્ષો વાવીને નગરને હરિયાળું બનાવો.

પાણીનો કરકસરથી ઉપયોગ કરો. આપણે પાણીને બચાવીશું તો પાણી આપણને બચાવશે.

**બાપાલાલ જાડેજા**
પ્રમુખ

**જયશ્રીબેન મકવાણા**
ઉપપ્રમુખ

**રસીકભાઈ મહેતા**
કારોબારી ચેરમેન

**બી.વી. લીંબાસીયા**
મુખ્ય અધિકારી

**એવમ્ સર્વે કર્મચારીગણ**

# કચ્છીને બોલી કહી ઉતારી ન પાડો

## બોલી અને ભાષા બન્ને સમાનાર્થી શબ્દો છે

**રામ કરશનદાસ ઠક્કર**

દરેક ભાષાને પોતાનો ઈતિહાસ હોય છે દરેક ભાષા કોઈને કોઈ ભાષામાંથી ઉતરી આવી હોય છે. એટલે આ ભાષા પે'લી ભાષામાંથી ઉતરી આવી છે તેમ કહીને તેનો ભાષા તરીકેનો અસ્વીકાર ન થઈ શકે.

કચ્છી સિંધીમાંથી ઉતરી આવી છે તેમ કહીને તે ભાષા નથી પણ સિંધીની બોલી છે એવો દાવો કયાંક થયો છે. પણ મને એ પૂછવા દો કે ભાષા અને બોલીમાં ફરક શું છે ? કદાચ કોઈ કહેશે કે આ બે શબ્દો વચ્ચે પાતળી ભેદ રેખા છે. તો હું કહીશ કે આવું અર્થઘટન તે કરનારાને મુબારક.

ભાષા મૂળ સંસ્કૃત શબ્દ છે જે જેમનો તેમ ગુજરાતી, હિન્દી, સિંધી, મરાઠી વગેરે ભાષામાં ઉતરી આવ્યો છે. બોલી એ સીધો ગુજરાતી શબ્દ છે. ભાષ્ય ઉપરથી ભાષા અને બોલ ઉપરથી બોલી શબ્દ બન્યો છે. ભાષા અને બોલી બન્ને સમાનાર્થી શબ્દો છે.

કેટલાક લોકો કહે છે કે ભાષા એટલે લખાય તે અને બોલી એટલે બોલાય તે. હું આની સાથે સહમત થતો નથી. ભાષા શબ્દ બોલતી વખતે તેમાંથી લખાણનો કોઈ ધ્વનિ સંભળાતો નથી. ભાષા અને બોલી બન્ને બોલાય છે અને સાંભળી શકાય છે. રાષ્ટ્રભાષાના પ્રચાર સમિતિ-વર્ધા દ્વારા પ્રકાશિત એક શબ્દ કોષના પાના નંબર ૫૨ ૩૮૩ ઉપર ભાષાનો અર્થ જીુબાન, બોલી, ભાષણ એમ બતાવાયો છે. જ્યારે બોલીનો અર્થ ભાષા બતાવાયો છે. મતલબ કે ભાષા અને બોલીમાં કોઈ જ અર્થભેદ નથી. કચ્છી સાહિત્યકારોએ આ અર્થભેદ શા માટે સ્વીકારી લીધો છે તે મને સમજાતું નથી.

અનડા બુક ડીપોના એક હિન્દી શબ્દકોષમાં ભાષાનો અર્થ બોલનાર કહ્યો છે. ભાષાનો અર્થ લખનાર કે લખેલું એવો અર્થ કોઈ શબ્દ કોષમાં હોય તો બતાવો અને પછી કહો કે ભાષા એટલે લખાય તે.

ભાષા તરીકેનું સન્માન મેળવવા કચ્છી માટે કચ્છીઓએ નહીંવત મહેનત કરી છે. થોડા કેટલાક કચ્છી સાહિત્યકારોએ (આ સાહિત્યકારો મને માફ કરે) પોતાના કચ્છી પુસ્તકો છપાય તે માટે પ્રોત્સાહન કે આર્થિક સહાય મેળવવા તેને સિંધીની બોલી તરીકે સ્વીકારવા એક વખત તૈયાર થઈ ગયા હતા. સિંધથી આવેલા સિંધીઓ સિંધી ભાષાને સાચવવા બચાવવા ઘણો સંઘર્ષ કરી રહ્યા છે. એ માટે એમને સિંધી ભાષાનું પોતાનું આકાશવાણી કેન્દ્ર હોય તો સિંધીનું સંરક્ષણ સારી રીતે થાય એવો ખ્યાલ આવ્યો એટલે કેન્દ્ર સરકાર સુધી એ માટે પ્રયાસ હાથ ધરાયા. લાલકૃષ્ણ અડવાણી કેન્દ્રમાં માહિતી પ્રસારણ મંત્રી બન્યા ત્યારે આ માટે તેમણે અધિકારીઓ સાથે ચર્ચા કરી પણ કોઈ ભાષા માટે અલગ રેડિયો સ્ટેશન ઉભું કરવાની જોગવાઈ નહોતી. પ્રદેશ માટે આવી વ્યવસ્થા થઈ શકે પણ સિંધીઓનો પ્રદેશ તો પાકિસ્તાનમાં રહી ગયો છે. એટલે સિંધીનો પ્રદેશ શોધતાં તેમની નજરમાં કચ્છ અને તેની 'અનાથ' જેવી કચ્છી ભાષા આવ્યા. કચ્છી એ સિંધીનો જ એક પ્રકાર છે તેવા પ્રયાસ ચાલુ થઈ ગયા અને પોતાની કચ્છી કૃતિઓના પ્રકાશન માટે સિંધી સાહિત્ય અકાદમીની નાણાંકીય સહાય મેળવવાની લાયમાં શરૂ શરૂમાં કચ્છીને સિંધીને સોંપી દેવાની કેટલાક સાહિત્યકારોએ તૈયારી સુધાં બતાવી દીધી. જો આ યોજના સફળ થઈ હોત અને કચ્છને સિંધનો ભાગ ગણીને કચ્છના રેડિયો સ્ટેશનને સિંધી ભાષાનું સ્ટેશન બનાવી દેવાયું હોત તો કચ્છી ભાષા વધુ સિંધીમય બની ગઈ હોત અને આગળ જતાં પાકિસ્તાન સિંધના ભાગ તરીકે કચ્છ ઉપર દાવો ઠોકી દે તેવો ભય પણ ઉભો થયો હોત.

કચ્છીને સિંધી ભાષાનો એક ભાગ ગણવા સામે વિરોધ થયો. 'વાવડ' આ વિરોધમાં આગળ હતું. આ વિરોધના કારણે કે કચ્છને સિંધનો ભાગ બતાવવા સામેનો ભયસ્થાનોના કારણે આ પ્રયાસ નિષ્ફળ નિવડયો.

કચ્છી સાહિત્યના પ્રકાશન માટે નાણાંકીય સહાય માટે અને ભાષાના વિકાસ માટે કચ્છી સાહિત્ય અકાદમીની સ્થાપના જ શ્રેષ્ઠ રસ્તો હતો. તેવા પ્રયાસો થયા. બહુ નબળા પ્રયાસો છતાં કચ્છી ભાષાને અનાયાસે અકાદમી મળી ગઈ છે. તેમાં હજી ઘણી કચાસ છે. તેના મહાપાત્ર તો કચ્છી ભાષી નથી પણ અકાદમીના ચુંટાયેલા બધા જ સભ્યોનું કચ્છી સાહિત્ય ક્ષેત્રે કોઈ પ્રદાન નથી. અકાદમીનું બંધારણ ઘડવાની જવાબદારી કચ્છના જ લેખકોને સોંપાઈ પણ તેમનું કચ્છી ભાષામાં કોઈ પ્રદાન છે કે નહીં તે જોવાયું નહી. બંધારણ ગુજરાતીમાં ઘડવાનું હતું એટલે ગુજરાતીમાં તેમની વિદ્વતાને ધ્યાનમાં લેવાઈ. તેને પડકારવાનું પણ કોઈ કારણ નથી. કચ્છી સાહિત્યમાં તેમનું કોઈ પ્રદાન નહોતું છતાં કદાચ પોતાના હાથમાં આવેલી તકનો લાભ લઈને તેમણે સાહિત્ય અકાદમીના સભ્યપદ માટેની લાયકાતોમાં કચ્છી ભાષાના સાહિત્ય ક્ષેત્રેના પ્રદાનને જ પ્રાધાન્ય આપવાને બદલે એવી આડકતરી જોગવાઈ રાખી દીધી જેથી કચ્છીમાં કયારેય કંઈ જ લખ્યું નહોય તેવી વ્યક્તિ પણ સાહિત્ય અકાદમીના સભ્ય કે હોદેદાર બની શકે. કચ્છી સાહિત્યના ઉત્થાન માટે કંઈ કર્યું હોય કે કરતા હોય તેમને કચ્છી સાહિત્યમાં જાતે ન લખ્યું હોય પણ કચ્છી ભાષાના ઉત્થાન માટે કંઈ કર્યું હોય તેમનો આમાં સમાવેશ સમજાય પણ માત્ર કચ્છી ભાષી હોવાના કારણે કે કોઈ સંસ્થા તેમનું નામ સૂચવે એટલે તેમને અકાદમીમાં સ્થાન મળી જાય તે વ્યાજબી નહોતું.

'કચ્છમિત્ર' દૈનિકમાં ૨૫ વર્ષથી કચ્છી કોલમ પ્રસિદ્ધ થાય છે અને તે માટે તેના તંત્રી કીર્તિભાઈ ખત્રીનું પ્રદાન છે. તેમના વડપદ હેઠળ કચ્છી સાહિત્ય અકાદમીની રચના થઈ છે તેથી અકાદમી કચ્છીના વિકાસ ક્ષેત્રે સારી શરૂઆત કરશે તેવી આશા રહે છે. પણ કચ્છી સાહિત્ય સાથે સીધો સંબંધ ન હોય તેવી કેટલીક વ્યક્તિઓની નિમણુંક અકાદમીમાં થઈ જણાય છે. તેમની ચુંટણી નથી થઈ પણ કોઈ સંસ્થા દ્વારા નામાંક્તિ કરવાથી તેઓ નીમાયા છે. (અહીં તેમની અન્ય યોગ્યતાઓ સામે કોઇ પડકાર નથી.)

કચ્છી અકાદમીની રચના ઘાંચમાં ન પડે તે હેતુથી આવી વ્યવસ્થા સામે કોઈ વિરોધ નથી થયો પણ તેમાં કચ્છી ભાષાની સેવા નથી થઈ.

અલબત અકાદમીના ચુંટાયેલા કે નીમાયેલા મોટા ભાગના સભ્યોએ અલબત કચ્છી ભાષા સાહિત્યમાં કંઈ ને કંઈક ખેડાણ કર્યું છે. તેઓ બંધારણમાં ઘટીત સુધારો આગળ જતાં કરશે તો કચ્છીના વિકાસને જ ફાયદો થશે. કચ્છી સાહિત્ય અકાદમીને સાહિત્ય અકાદમી રહેવા દેવી હોય તો આ જરૂરી છે.

કચ્છી ભાષાને જેમ બોલી કહીને તેનું અવમુલ્યન કરાય છે તેમ તેના બોલનારાઓની સંખ્યા ઓછી બતાવીને પણ કચ્છી સાથે અન્યાય થઈ રહ્યો છે. કચ્છમાં કચ્છીભાષી લઘુમતીમાં છે એવો દાવો ૨૦૦૧ની વસતિ ગણતરીના આધારે કરવામાં આવ્યો છે પણ શું કચ્છમાં ૨૦૦૧ની વસતિ ગણતરી વાસ્તવિક રીતે થઈ છે ખરી ? ભૂકંપ પછીની પરિસ્થિતિમાં કચ્છીઓ વેરણ છેરણ હતા. ગણતરીકારોએ ઘર ઘર ફરવાને બદલે ટેબલવર્કથી જ કામ પતાવ્યું હોય એવું મોટાભાગે બન્યું જણાય છે. મને યાદ છે ત્યાં સુધી મારા ઘેર કોઈ આવ્યું નથી.

આજે કચ્છી ભાષીઓમાં બાળકોને ગુજરાતીમાં વાત કરતા કરવાની એક ફેશન થઈ ગઈ છે. ગણતરીકારને આવા મોટા થઈ ગયેલા બાળકો મળી ગયો હોય અને એની પાસેથી પરિવારની માહિતી મેળવી હોય તો સંભવ છે કે તેની ભાષા ગણતરીકારે અંદાજે ગુજરાતી લખી દીધી હોય.

બન્નીના જતો બોલે છે તેને ઘણા સિંધી કહે છે. પણ તમે સિંધના કોઈ સિંધી સાથે વાત કરો અને બન્નીના જત સાથે વાત કરો પછી કહો કે તમને કઈ ભાષા સરળતાથી સમજાય છે ? કચ્છી સિંધીમાંથી ઉતરી આવી છે એટલે સિંધને વધુ નજીક કચ્છના પ્રદેશમાં બોલાતી ભાષામાં સિંધીની છાંટ વિશેષ હોય તે દેખીતી વાત છે. તેથી તે સિંધી ભાષા બની જતી નથી. ભાષાશાસ્ત્રી કે. કા. શાસ્ત્રીએ પણ જતોની બોલીને કચ્છીનો એક પ્રકાર ગણાવી છે. તેમણે કયાંક કહ્યું હતું કે કચ્છી જુદા જુદા સત્તર પ્રકારે બોલાય છે. વાગડમાં ઓસવાળો બોલે છે તે કચ્છી જ છે પણ તેમાં ગુજરાતી અને મારવાડીની વધુ છાંટ છે. મારવાડ અને ગુજરાત પ્રદેશો નજીક હોવાથી ઓસવાળોની કચ્છીમાં આ અસર છે. જેમ જતોની કચ્છીમાં સિંધીની છાંટ મળે છે.

વાગડમાં મુખ્યત્વે ગુજરાતી બોલાય છે ઓસવાળો આપસમાં કચ્છીમાં વાત કરે છે પણ ત્યાત લોકો સાથે ગુજરાતીમાં વાત કરે છે. એટલે વસતિ ગણતરીકારોએ તેમની ભાષા પણ ગુજરાતી લખી નાખવાની થાપ ખાઈ હોઈ શકે છે. માંડવી અને મુન્દ્રાના કંઠી વિસ્તારના ઓસવાળો પણ આપસમાં કચ્છીમાં વાત કરે છે પણ બારાતું સાથે તેઓ ગુજરાતીમાં જ બોલતા જણાય છે.

કચ્છી માત્ર કચ્છમાં જ બોલાય છે તેવું નથી. સૌરાષ્ટ્રના ખોજાઓની ખોજરી અને મેમણોની મેમણી કચ્છીનો જ એક પ્રકાર છે. જોડીયાના લોહાણાઓ કચ્છી બોલે છે. સૌરાષ્ટ્રના સંધીઓ બોલે છે તે સિંધી કરતાં કચ્છીની વધુ નજીક છે. માળિયાના મિયાણાઓની બોલી પણ કચ્છી છે.

કચ્છમાં કચ્છીઓ પોતાના ઘરમાં બાળકો સાથે ગુજરાતીમાં વાત કરવામાં ગૌરવ અનુભવે છે પણ પાકિસ્તાનમાં વસી ગયેલા કચ્છીઓ કચ્છીને સાચવી બેઠા છે. ત્યાંના કચ્છી સાહિત્યકારો કોઈ અકાદમીના મોહતાજ નથી. છતાં ત્યાં કચ્છીમાં ત્રિઅંકી નાટકો ભજવાય છે. મુંબઈમાં કચ્છીમાં નાટક ભજવવાનો પ્રયાસ થયો પણ 'ચોરી જા ફેરા ચાર' નામનું નાટક જોવા કચ્છીઓ જ ગયા નહીં. હવે કચ્છ યુવક સંઘ-મુંબઈ કચ્છી નાટકો તૈયાર કરી ઠેર ઠેર ભજવવાનું શરૂ કરી કચ્છી ભાષાની સારી સેવા કરે છે. આ કામને બિનસાહિત્યકારો પ્રોત્સાહન આપે છે. કચ્છી સાહિત્યકારો પોતાના લખાણો છપાવવા કચ્છી ભાષાનું ચીરહરણ કરવા તૈયાર થઈ જાય છે ત્યારે સાહિત્ય સાથે સંબંધ ન હોય તેવી કચ્છી યુવાનો કચ્છની સારી સેવા કરી રહ્યા છે.

## વેર, ઝેરને ઝઘડા

જીવતા કોંદિ સામું ન જોયું
હવે બન્યા વારસ
જગત જુએ છે જાહેરાતોમાં
કુટુંબીઓના કારસ
હે ઈશ્વર તું આપ સદ્‌બુદ્ધિ
માર્ગ ભુલ્યા છે સઘળા
ઉપર કોણ કોણ લઈ જવાના
વેર, ઝેરને ઝઘડા ?

ચંદ્રવદન મહેતા 'સારસ'

## સાચું ઘર તું ધ્યાન

ઉપરવાળો એ જ કહે છે કે સાચું ઘર તું ધ્યાન,

મનમાં મેલ રાખીને ભજાય નહીં ભગવાન,

ગંદા લોકો ધર્મસ્થાનોને વધુ ગંદા બનાવે,

સાચા સંતો સંયમ રાખી ધર્મ ધજા ફરકાવે,


## ટૂંકી વાર્તા

# ઝંઝાવાત...

કાળી ડિબાંગ રાત્રિ હતી. ભયભીત લોકોના હૃદયમાં જાણે સોપો પડી ગયો હતો. સર્વના મનમાં કયાંક નાસી જવાના વિચારો ધોળાતા હતા પણ સમુદ્રની અસીમ જળરાશિ પાર કરવી શી રીતે એ વિષમ કોયડાએ સૌના મોઢા પરથી નૂર હરી લીધું હતું !

પરંતુ....એ ત્રણે તાલેવંત આસામીઓએ તો પોતાની અસ્કયામત ને જાનમાલની સુરક્ષા માટે નાસી છૂટવાની પહેલેથી જ સુવિધા કરી રાખી હતી.

૧૯૬૧ની ૧૬મી ડિસેમ્બરનો એ દિવસ એટલે ભારતીય ઈતિહાસનો અમર દિવસ એટલે ભારતીય ઈતિહાસનો અમર દિવસ. એ દિવસે ભારતીય સૈન્ય ગોવામાં પ્રવેશી ચૂકયું હતું ત્યારે ગોવાના સૌથી વધુ તાલેવંત એ ત્રણે આસામીઓ ફેડ્રીકો, બોસાર્ડ અને મુસો સહકુટુંબ પોતાની જાનમાલની સલામતી તેમજ પોતાની અસ્કાયમત બચાવવા ખાતર પૂર્વ નિર્ધારિત યોજના પ્રમાણે કિનારા પર આવી પહોંચ્યા. સારોય કિનારો ભયભીત લોકટોળાથી ભરચક હતો.! સ્કુનરમાં ચડી બેઠેલા લોકોને મહા પરાણે ઉતાર્યા બાદ તેઓ સર્વ સ્કુનરમાં ચઢી બેઠા અને મુસાના દિકરા ઈસ્માઈલે જેટી સાથે બાંધેલું દોરડું કાપી નાખ્યું તે સાથે જ સમુદ્રની અફાટ જળરાશી પર સ્કુનર વિહરવા લાગી...



**લેખક બાબુલાલ ગોર**
**ભુજ-કચ્છ**

.....પણ આશ્ચર્ય...! એકાએક તિમિર ગળતો સર્ચલાઈટનો તેજ ઝબકારો પળ બે પળ સ્કુનરની ચોતરફ થયો ! ને જાણે આફતના એંધાણ કળી ગયો હોય તેમ સુકાની બનવા ઉત્સુક ઈસ્માઈલે સૂચિત નજરે ફેડ્રિકો તરફ જોયું, જે નજરમાં સ્કુનર કઈ દિશા તરફ હંકારવી એ પુચ્છા વર્તાઈ રહી હતી. અને બીજી જ ક્ષણે પશ્ચિમ દિશાનું સૂચન થતાં સ્કુનર ઝડપી ગતિએ વિહરવા લાગી. ત્રણેય આસામીઓ ઉપર ડેક પર બેઠા છે. તેમના કુટુંબીઓ નીચે ભંડકીયામાં દિલમાં ઝંખના ભરી છે. સહીસલામત મોઝામ્બિક પહોંચવાની !

ગજબ સાહસ ! એક નાનકડી સ્કુનર, લાંબુ સાગર ખેડાણ ને વળી સાગર અને વહાણવટાના કાર્યથી અજ્ઞાત એવા આ માનવીઓ દ્વારા !

ગોવાના દરિયાની હદ હજુ ઓળંગાઈ નહોતી. મશીનગનમાંથી ગોળીઓ છૂટવાના છૂટપુટ અવાજો હજી સંભળાઈ રહ્યા હતા. છતા પણ પોતાને હવે ઉપર ડેક પર જવામાં કશો ય ભય નથી એમ માની ફેડ્રીકોની પત્નિ હેલેના પોતાની બે પુત્રીઓ સાથે ડેક પર ગઈ એ જોઈ ફેડ્રીકો તરત જ ગર્જી ઉઠયો ''નીચે જાવ.....નીચે જાવ.....'' એ ગર્જના સાંભળી હેલેના નીચે ભંડકીયામાં જવા ઉતરવા લાગી....ત્યાં જ જાણે એ અવાજ-ગર્જના સાંભળી દૂરના કિનારા પરથી મશીન ગનમાંથી છૂટેલી ગોળીઓ પૈકી એક ગોળી સનન....કરતી આવીને ભંડકીયામા જઈ રહેલ હેલેનાની મોટી પુત્રી ગ્રેસીએલાના ઉદરને નિશાન બનાવ્યું ! તે સાથે જ વિધ્ધ ગ્રેસીએલા માના ખોળામાં ઢળી પડી. ભાન વિહોણી ગ્રેસીએલાને પોતાના ખોળામાં લઈ હેલેના જોરશોરથી આક્રંદ કરવા લાગી. એ કારમી ચીસને કરૂણ આક્રંદ સાંભળી નીચે ભંડકીયામાં દોડી આવેલો ફેડ્રીકોએ દશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગયો ! ગોળી વાગવાથી થયેલા ઘાવને બોસાર્ડની પત્નિ સાફ કરી રહી હતી. તે મૂઢ મૂક બની નીરખી રહ્યો હતો ત્યાં જ તેની પત્નિ કહેવા લાગી ''મારી પ્યારી ગ્રેસીએલા ખાતર....મારી પ્યારી પુત્રીનો જાન બચાવવા ખાતર ચાલો આપણે પાછા વળીએ...! ચાલો આપણે હોસ્પિટલ પહોંચીએ...!''

રૂંવાડા ઉભા કરતો આ આર્તનાદ સાંભળી ફેડ્રીકો ઘણો જ દુ:ખી થયો. પણ થાય શું ? તે નિશ્ચત સમજી ચૂકયો હતો કે આવી અંધાધૂંધીમાં પાછા વળવું એ છઠ્ઠીના ધાવણ મોઢે આવવા સમાન કપરૂં કાર્ય હતું !

પણ હેલેન એક માતા હતી.....! તે વિચાર મગ્ન ફેડ્રીકોને સજ્જડ વળગી રહી અને પાગલની જેમ લવલવી રહી....તમે...તમે મારી...ગ્રેસીએલાને તો.....મરવા....દેવા જ....માંગો છો..!

આર્તનાદ ભરપૂર આ એકેક શબ્દથી ફેડ્રીકોનું હૃદય જાણે દુ:ખથી વલોવાઈ રહ્યું પણ ભીષણ ઝંઝાવાત સાથે બાથ ભીડાઈ હતી ત્યારે બલભર મુકાબલો એ જ એક ઉપાય હતો અને વધુ વિચારવા માટે સમય પણ કયાં હતો ? ઉપર ઈસ્માઈલને મદદ કરવાની પણ અનિવાર્ય જરૂર હતી. એક વત્સલ પિતા માટે આ ઘણો જ કપરો સંજોગ હતો. પણ વ્યથા ભોગવ્યા સિવાય અન્ય કોઈ ઉપાય કયાં હતો ? ''સમય સમય બલવાન'' ! ફેડ્રીકો મુસાની પત્નિ મરીયમને સાર સંભાળ રાખવાની ભલામણ કરી ઈસ્માઈલને મદદ કરવા ઉપર પહોંચ્યો. એ કાળ ભેંકાર રાત્રી વીતી અને સવાર પડી ત્યારે ગ્રેસીએલાની લાશની દફન ક્રિયા હલકારા મારતા મહેરામણમાં થઈ ચૂકી હતી ! બિચારો ફેડ્રીકો પોતાની વ્હાલ સોઈ પુત્રીને હવે કયારે પણ હસતી કૂદતી જોઈ શકવાનો નહોતો અને હેલેના માટે તો આ આઘાત કારી ઘા સમાન બન્યો. તેણીએ તો એ આર્તનાદને આક્રંદ ચાલુ જ રાખ્યા. તેની સ્થિતિ છેક પાગલ જેવી બની ગઈ. અને પુત્રીના વિયોગમાં ઝૂરતી એ હતભાગી નારીએ દરીયામાં પડતું મૂકી જળ સમાધી લઈ જાણે નિજ પુત્રી સાથે કાયમને માટે ઐકય સાધી લીધું !

બિચારો ફેડ્રીકો પોતાની જિંદગીમાં એકાએક બનેલ આ દુર્ઘટનાથી એવો તો ખિન્ન ને પરેશાન બની ગયો કે તેની ઉંઘ પણ હરામ

થઈ ગઈ. વ્યથાપૂર્ણ હૃદયથી ગોવા છોડવા માટે તે અફસોસ કરી રહ્યો. પોતાની અઢળક ધનરાશીને સોનાને સલામત બનાવવા જતાં ગુમાવેલી વહાલ સોઈ પત્નિ અને લાડલી કન્યાની વેદનાએ તેને અજંપો જગાવ્યો. તે અભિભૂત માનવી હવે સલામત સ્થળે પહોંચી પોતાની એક પુત્રીને ઉછેરી શાંતિથી જીવવા ઝંખી રહ્યો !

પણ આફતની નાગચૂડમાં સપડાયેલા આ માનવીઓ પર આફતના ઘેરા વાદળ ઉમટયા....! પવન જોરશોરથી ફુંકાવા લાગ્યો. અત્યાર સુધી સાગરના જળ જે શાંત હતા તે તોફાની માતારિશ્વાના સહયોગથી ચક્રાવાતી સ્વરૂપ ધારણ કર્યું...! પવનનો એક ઝબ્બર સપાટો....એક પ્રચંડ મોજું...ને તે સાથે જ અનર્ગળ નીરમાં બિંદુ સમાન સ્ફુનર એક પડખે ખાંગી ગઈ ! બ્રિજ પર રહેલો મુસાનો દિકરો ઈસ્માઈલ સમુદ્રમાં ફેંકાઈ ગયો ! કાળો કેર વર્તી ગયો ! ઈસ્માઈલને બચાવવા તરત જ ''લાઈફ બોલ્ટ'' ફેંકાયા. સુક્ષ્માતિ સુક્ષ્મ શોધ કરાઈ પણ બધું ય વ્યર્થ ! નિરાશા જ સાંપડી ! જાણે કે ''સમુદ્ર ફેન'' તેને ગળી ગયું !

આંખની કીકી જેવા એકના એક દુધમલિયા પુત્રની આ ગમખ્વાર અકસ્માત જન્ય અકળ ઘટનાથી મુસો વિવશ અને કીકર્તવ્યમુઢ બની ગયો ને ગાંડોતુર બની દરિયામાં કૂદી પડવા તૈયાર થયો પણ તેના સાથીઓ તેની એ નેમ કળી ગયા ને તેને બાથમાં લઈ તેમ કરતાં અટકાવ્યો. પણ પુત્ર વિયોગના આઘાતે જાતે કે મુસાનું સઘળું શાણપણ હરાઈ ગયું હોય તેમ તે સાથીઓના પાસમાંથી છટકી દરિયામાં કૂદવા ઝનુની બની ગયો પણ સચેત સાથીઓએ તેને મજબુત દોરડાથી મુશ્કેરાટ બંધનગ્રસ્ત બનાવ્યો !

મુસાને બાંધ્યો તે સાથે જ તોફાનને પણ કુદરતી બંધન આવ્યું ! દરિયાના ભમ્મરીયા જળ હવે શાંત બની ગયા ને સ્ફુનરને યોગ્ય સંતુલનથી નિર્ધારિત પ્રવાસ દિશા પ્રતિ આગળ આગળ જવા માટે મદદરૂપ થઈ રહ્યા. હવે આ દુઃખિયા જીવોને કાંઈક ધરપત થઈ અને નવજીવનની આશા બંધાણીને તેઓ મનોમન પ્રભુને વંદી રહ્યા.

અને એક સવારે જ્યારે બાળ રવિ પોતાના કુમળા કિરણો અવની પર રેલાવી રહ્યો હતો ત્યારે જેની સ્થિતિ ખરેખર દયાજનક બની ગઈ હતી એવા મુસો, બોસાર્ડને ફ્રેડ્રીકો પોતાના શેષ બચેલા સ્વજનો સાથે અરબી સમુદ્ર પાર કરી આફ્રિકાના પેમ્બા ટાપુ પર પહોંચી ગયા છતાં પણ એ દહેશત તેઓને જાણે સતાવી રહી કે, રખેને કોઈ આફની ઝડી વરસશે !

પેમ્બા ટાપુ પર થોડો સમય આરામ કરવા માટે રોકાયા બાદ આ હતભાગી દુઃખિયા જીવો મોઝામ્બિક જવા રવાના થયા ત્યારે બરાબર બપોરના તપ્ત સૂર્ય પોતાની અગન જવાળાઓ ઓકી રહ્યો.

## ગઝલ

ખિલી કિત સગોંતા રૂઈ કિત સગોંતા
જુલમ આંજા એડા ચિઈ કિત સંગોંતા ?

અસી આંજા ગોલા ભન્યાસીં જડેનૂં
રાજેં જી મેફલ મેં વિઈ કિત સગોંતા ?

લગો મન જડેંનૂ ખિલ્યો મન તડેંનૂ
અસર કેંજી એડી ચિઈ કિત સગોંતા ?

અસી ફૂલ ભન્યાસીં ભગીચે જે મનમેં
હી પનખર જી મુંધ મેંખિરી કિત સગોંતા ?

કવિતા ગઝલ મેં ભલેં નિત ફિરોંતા
છડી માણસાઈ ફિરી કિત સગોંતા ?



søtŒe~t øttuh
“~thBtt¤”

## ....ભળતો નથી

લખવું છે પણ મુદો મજાનો મળતો નથી,
મુદો મળે છે તો અંગુઠો આંગળીને મળતો નથી,

તમે જ કહો એ સમયની બલિહારી નહીં તો શું ?
એકને સમય મળતો નથી એકનો સમય નીકળતો નથી

લ્યો આજે ભેદ બતાવું તમજો તળીયે પડેલ મોતીનો
કોણે કહ્યું કે સાગર કોઈ દિ' રડતો નથી ?

બાળક જેવો છે એટલે કદાચ ડરતો પણ હોય,
પડછાયો મારો અંધકારમાં નીકળતો નથી.

દર્દ-આંસુ-ગમ-બેકારી-બિમારીને ઈન્તઝારી,
હવે કહેતા નહીં કે ''સોમૈયા'' કોઈથી ભળતો નથી.

**અરવિંદ સોમૈયા**
નખત્રાણા (કચ્છ)

# કચ્છી ભાષા સાહિત્યમાં ગૌત્તમ જોશીનું મહત્વનું પ્રદાન

## પ્રીતમલાલ

કચ્છી ભાષા અને સાહિત્યના વિકાસની સોનેરી તક સાંપડી છે. કચ્છી સાહિત્ય અકાદમીની સ્થાપના થઈ ગઈ છે. તે વહેલી તકે કાર્યાન્વિત થાય તે માટે કચ્છના સાહિત્યકારો અને સાહિત્ય રસિકોએ સનિષ્ઠ પ્રયત્નો કરવા જોઈએ. કચ્છી સાહિત્ય ક્ષેત્રે આજે ખૂબ જ સુંદર વાતાવરણ છે. આપણા લેખકોએ કચ્છી ભાષામાં સાહિત્ય સર્જન કરીને ભાષાના વિકાસના પગરણ માંડી દીધા છે તે પ્રસંશનીય છે.

કચ્છી સાહિત્ય અકાદમીના ઉપક્રમે સૌથી પહેલું કામ કચ્છી ભાષાની લિપિને અધિકૃત સ્વરૂપ આપવાની જરૂર છે. તેમાં દુર્બોધતા ન આવે અને લેખન પ્રવાહી બને તે રીતે લિપિને સ્ટાન્ડર્ડાઇઝ કચ્છી જોઈએ અને બધા લેખકોએ તેનું અનુસરણ કરવું જોઈએ એથી કચ્છી સાહિત્ય સર્જનને વેગ મળશે તે સાથે તેના વાંચક વર્ગ વિકાસ થશે.

કચ્છી ભાષાના વિકાસ માટે સાહિત્યના વિવિધ સ્વરૂપોનું ખેડાણ થાય તે મહત્વનું છે. કચ્છી કાવ્ય તો વર્ષોથી કહો કે સદીઓથી લખાતું આવ્યું છે. અન્ય ભાષા સ્વરૂપોના ખેડાણમાં પણ પ્રગતિ થઈ રહી છે. કચ્છી નવલકથાના ક્ષેત્રમાં ધનજી ભાનુશાલી, ''કડક બંગાળી'' અને જટુભાઈ પનિયાની કૃતિઓ મારા જોવામાં આવી હતી. ગૌત્તમ જોશીએ સારી નવલકથાઓ આપી છે. કવિતાના ક્ષેત્રમાં તો કવિ ''તેજ'' વગેરે અનેક કવિઓ કલમ ચલાવી રહ્યા છે પરંતુ ગૌત્તમ જોશી સતત વિકસતા રહેલા સાહિત્યકાર છે. તેમણે નવલકથા, વાર્તા, કાવ્ય, પ્રવાસ વર્ણન અને ધાર્મિક સાહિત્યનું કચ્છીમાં સર્જન કર્યું છે. ઝવેરચંદ મેઘાણી લિખિત 'માણસાઈના દીવા'નો કચ્છી અનુવાર ''માણસાઈ જા ડિયા'' આપણને ગૌત્તમ જોશી દ્વારા સાંપડે છે. એ રીતે ગુજરાતી સાહિત્યની ઉભી કૃતિઓના અનુવાદ કચ્છીમાં કરવાની આવકાર્ય પ્રવૃતિનો પ્રારંભ થાય છે. ગૌત્તમ જોશીનું સાહિત્ય પ્રદાન જોતાં તેઓ હાલના કચ્છી સર્જકોમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

તેમનો કાવ્ય સંગ્રહ 'નિમોરિયું' મને ગમ્યો છે. 'નિમોરીયું' નામમાં જ કચ્છીયત ઝળકે છે. લિંબોલીઓ કચ્છમાં જ વધારે થાય છે અને પાકી લિંબોલીઓનો સ્વાદ કચ્છી પ્રજા જ માણી શકે છે. આવું અર્થસૂચક નામ પસંદ કરવા માટે કવિને અભિનંદન.

'નિમોરિયું' કાવ્ય સંગ્રહમાંની કવિતાઓનો મદનકુમાર અંજારીયાએ સુંદર પરિચય કરાવ્યો છે. તેમાં કવિની કચ્છી ભાષા-ભક્તિ ઠેર ઠેર પ્રકટ થઈ છે.

(૧) અંઈ ભાષાથી વલા પ્યાર કર્યો.

(૨) ગૌત્તમજી ગાલમેં ગુજો-ગુઢાર્થ ?

કચ્છી સાહિત્ય અમાં અઆં આય પેટી પેક

(૩) કવિ કવિતા લિખેં તીં લેખક લિખેં ગદ્ય અપરંપાર

(૪) ભાષા પાંજી ખાક ભનેતી ખબર કીં પેતી ?

આ બધા કાવ્યોમાં કવિનો કચ્છી પ્રત્યેનો પ્રેમ છે, તેના વિકાસની ચિંતા છે. જે બધા જ કચ્છી માડુઓની ચિંતા બનવી જોઈએ. કચ્છી ગીતનો પ્રયોગ પણ આવકાર્ય છે. 'મન તું મોભત જો મેળો ભનાય' 'મોભતજી સોભતમેં માડૂ વિટાણું' વગેરે પંક્તિઓ આકર્ષે છે. કવિએ કચ્છી ગઝલનો પણ પ્રયોગ કર્યો છે. કેટલીક સુંદર ગઝલોમાં સંગ્રહમાં જોવા મળે છે.

(૧) તહોમતનામું ઐંઈ મું મથે કુરે જો તા લગાયો ?

ગુન્હેગાર ઐંઈ જ અયો ઐં ઈ સચી વાટ વતાયો.

(૨) સમજો અસીં ય સાન મેં કુછી સગો નથા-

અષાઢી બીજ વિશેની કચ્છી સંગર પણ અહીં જોવા મળે છે. આજે સમય એવો છે કે તેમાં માણસ ખોવાઈ ગયો છે. માણસાઈ વિરલ બની ગઈ છે. ચિંતકોને આજે એ વાતની જ ચિંતા છે વિશ્વ સાહિત્યમાં પડઘાતી આ ચિંતા ગૌત્તમ જોશીએ કચ્છી કવિતામાં પ્રગટ કરી છે તેની નોંધ લેવી જ જોઈએ.

''કિભરજી નગરી મેં આંઉ માડૂ તો ગોતિયાં !'' એ પંક્તિ માણસની શોધ કરવાની કવિની ચિંતા દર્શાવે છે. તેમાં ગોધરાના હત્યાકાંડનો પ્રતિઘોષ પણ ઉઠયો છે. એવો જ આક્રોશ કવિની આ પંક્તિઓમાં પણ જોવા મળે છે.

(૧) કેંજો હિત ધર્મ ને કેંજો હિત મઝહબ ?

જિંધગી કાયમ રઈ ત રોંધા મથે પાગા !

કચ્છનો દુષ્કાળ પ્રજા જીવનને સદૈવ વિપરિત રીતે કનડે છે અને જીવન અસ્ત વ્યસ્ત થઈ જાય છે તેની વેદના કવિએ આ શબ્દોમાં વ્યક્ત કરી છે.

કેર રૂએતો તો તો તેં હિતે ખેતર તોજા ઐં ખાલી

તું પણ ખાલી સમજ ડાકિયા ! સુખ કે ભુલાય ગિન

કચ્છી કવિતામાં અખાના છપ્પાની પેઠે કટાક્ષમય ચાબખા કવિ રાઘવે લખ્યા અને એક સીમા સ્તંભ ઉભો કર્યો. એજ પરંપરામાં ગૌત્તમ જોશીએ પણ તેમની કવિતામાં કટાક્ષનો ઉપયોગ કર્યો છે. તેમના ગીતોમાં આલંકારિક શબ્દ ચિત્રો સાંપડે છે. 'કાલિન્દી જો કાન ડિસ અચી અભ મેં ઉભો !' ગોરંભાતા મેઘનું કૃષ્ણ સાથેનું રૂપક ગમી જાય તેવું છે. આવા રૂપક કાવ્યો ગૌત્તમ જોશી પાસેથી વધારે મળશે તો કચ્છી ભાષા સમૃદ્ધ થશે.

**નિવાસી તંત્રી :નયા પડકાર-નડિયાદ**

# શોપિંગ મોલ મધ્યમ વર્ગ માટે

ભારતના અનેક શહેરોમાં બિલાડીના ટોપની જેમ આલિશાન શોપિંગ મોલ્સ શરૂ થઈ રહ્યા છે. શહેરના ગરીબ અને મધ્યમ વર્ગ માટે તો આ મોલ્સ ખરીદી કરવાના નહીં પણ પર્યટન માટેના સ્થળ ગણાય છે. શોપિંગ મોલ્સમાં ચિક્કાર ભીડ થતી જોઈને તેમાં મોંઘીદાટ દુકાનો ખોલનારાઓ પ્રારંભમાં હરખાય છે, પણ પછી તેમને ખ્યાલ આવે છે કે આ બધા ગ્રાહકો નથી પણ દર્શકો છે. તેઓ અહીં ખરીદી કરવા નથી આવ્યા પણ મફતમાં એર કન્ડિશનરની ઠંડી હવા ખાવા આવ્યા છે. કેટલાક શહેરીજનો તો બહારગામથી પોતાને ત્યાં મહેમાન આવે ત્યારે તેમને જેમ એસ્સેલવર્લ્ડ અને ફેન્ટસીલેન્ડ જોવા લઈ જાય છે તેમ હાજીઅલી ખાતે આવેલું ક્રોસરોડ પણ જોવા લઈ જાય છે. શોપિંગ મોલના માલિકો વિચારે છે કે આજે ભલે મધ્યમ વર્ગના લોકો તેમની દૂકાનો જોવા આવતા, એક દિવસ તેઓ આ ઝાકળમાળથી અંજાઈને ખરીદદાર બનવાના જ છે. આવી આશા જ્યારે નિરાશામાં પરિણમતી જણાય ત્યારે શોપિંગ મોલ્સના માલિકો મફતિયા ગ્રાહકોના પ્રવાહથી મુક્તિ મેળવવા માટે એવા ઉપયો શોધી કાઢતા હોય છે, જે તેમના માનવંતા ગ્રાહકો માટે અપમાનજનક હોય છે.

**શ્રેણિક શેઠ**

ભારતની પ્રજાની સમૃદ્ધિ વધી રહી છે તેમ આ સમૃદ્ધિમાંથી કમાણી કરવા માટે અનેક કંપનીઓ મેદાનમાં આવી રહી છે. ઈ.સ. ૨૦૦૧ની સાલમાં આખા ભારતમાં માત્ર ત્રણ જ શોપિંગ મોલ્સ હતા. ઈ.સ. ૨૦૦૭ સુધીમાં આપણા દેશમાં શોપિંગ મોલ્સની સંખ્યા ૩૪૩ ઉપર પહોંચી જશે. તે પૈકી એકલાં દિલ્હી શહેરમાં જ નવા ૫૪ મોલ્સ બની રહ્યા છે. અત્યારે ભારતના ૧૪ શહેરોમાં ૯૩ નવા મોલ્સનું બાંધકામ ચાલી રહ્યું છે. પૂના જેવા નાના શહેરમાં ૨૩ નવા મોલ્સ તૈયાર થઈ રહ્યા છે. મુંબઈ શહેરમાં અત્યારે આશરે ૧૦ મોલ છે પણ બીજા ૨૨ તૈયાર થઈ રહ્યા છે. એક અભ્યાસ મુજબ ભારતમાં ઈ.સ. ૨૦૦૪ની સાલમાં છૂટક વેચાણ ૧૫.૦૩ લાખ કરોડ રૂપિયાનું હતું. આ વેચાણ ઈ.સ. ૨૦૦૯ની સાલમાં વધીને ૨૭.૭૦ લાખ કરોડ રૂપિયા ઉપર પહોંચી જવાની ધારણા રાખવામાં આવે છે. મુંબઈના ઈન ઓરબિટ જેવા મોલમાં રવિવાર અને રજાના દિવસે ૮૫,૦૦૦ જેટલા મુલાકાતીઓ આવે છે પણ તેમાંથી ખરેખર ખરીદી કરનારાઓની ટકાવારી ખૂબ જ ઓછી હોય છે. મોલના માલિકો આ ટકાવારી વધારવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે.

રવિવારે અને રજાના દિવસે શહેરોની ચાલીઓમાં અને ઝુંપડપટ્ટીઓમાં રહેતા હજારો લોકો નવાં કપડાં પહેરીને જાણે પિકનિક કરતા હોય તેમ મોલની મુલાકાતે પહોંચી જાય છે. હાલતીચાલતી નિસરણીઓ, સિગારેટના કસ લેતી આધુનિક યુવતીઓ અને વિદેશી ચીજવસ્તુઓ જોઈ તેઓ અનેરા રોમાંચનો અનુભવ કરે છે. આવા મફતિયા ગ્રાહકોથી બચવા માટે મુંબઈના ક્રોસરોડમાં રજાને દિવસે ક્રેડિટ કાર્ડ બતાવે તેને જ એન્ટ્રી આપવાનો નિયમ બનાવવામાં આવ્યો હતો પણ કેટલાક શ્રીમંત ગ્રાહકોને જ આ નિયમ અપમાનજનક લાગતા તે પડતો મૂકવામાં આવ્યો હતો. આ કારણે શોપિંગ મોલ્સમાં કયારેક રમુજી દશ્યો જોવા મળે છે. માર્કર્સ એન્ડ સ્પેન્સરના સ્ટોરમાં એક લિંગરીની કિંમત ૩,૦૦૦ રૂપિયા લખવામાં આવી હતી. આ જોઈને એક મધ્યમ વર્ગની સ્ત્રીએ સેલ્સગર્લને પ્રશ્ન કર્યો કે, આ કિંમત એક નંગની છે કે એક ડઝનની ? સેલ્સગર્લે જ્યારે જણાવ્યું કે, આ એક નંગની જ કિંમત છે, ત્યારે મધ્યમ વર્ગની ગૃહિણીએ સામો સવાલ કર્યો કે, શું તેમાં હીરા જડવામાં આવ્યા છે ? આ સવાલ શોપિંગ મોલના કલ્ચર વિશે ભારતીય મધ્યમ વર્ગ શું વિચારે છે, તે બાબતમાં ઘણું કહી જાય છે. ભારતની જે બજાર છે, તે ભાવતાલની બાબતમાં અત્યંત સંવેદનશીલ છે. મધ્યમ વર્ગના લોકો ભારે જહેમત કરીને રૂપિયા કમાય છે, તેઓ શોપિંગ મોલની ઝાકઝમાળથી અંજાઈને પોતાની મહેનતની કમાણી ફેંકી દેવા જરાય તૈયાર નથી. કોઈ પણ મોલ માત્ર શ્રીમંત ગ્રાહકો ઉપર ચાલી શકે નહીં. શોપિંગ મોલના માલિકો જ્યાં સુધી મધ્યમ વર્ગના ગ્રાહકોને પોતાના ખરીદદાર નહીં બનાવી શકે ત્યાં સુધી તેઓ સફળ થઈ નહીં શકે.

શોપિંગ મોલ્સમાં ખરીદી કરનારાઓને બદલે પિકનિક કરવા આવતા લોકોની વધતી સંખ્યાને કારણે કેટલાક માલિકો ચિંતાતુર થઈ ગયા છે. કોઈપણ મોટું જુથ તેમની દૂકાનમાં પ્રવેશ કરે એટલે તેઓ સતર્ક બની જાય છે. તેઓ હવે પોતાન સેલ્સમેનોને આવા ગ્રાહકોને ઓળખી કાઢવાની અને તેમનાથી પીછો છોડાવવાની તાલીમ પણ આપી રહ્યા છે. આ તાલીમના ભાગરૂપે સેલ્સમેનો છટાદાર અંગ્રેજીમાં સવાલો પૂછીને મુલાકાતીને ગભરાવી મૂકે છે. કેટલીક દુકાનોમાં આવા મફતિયા દેખાતા મુલાકાતીના કાંડા ઉપર એક ખાસ જાતની પર્ફ્યુમ છાંટવામાં આવે છે, જેની તીવ્ર ગંધથી કંટાળી મુલાકાતી બહાર પ્રયાણ કરી જાય છે. ઘણી વખત આ પ્રકારના નુસખાઓ ખરેખરા ગ્રાહકોને અપમાન જેવા પણ લાગે છે અને તેઓ ફરીથી આ દુકાનમાં પગ નહીં મૂકવાના સોગંદ સાથે નીકળે છે.

શોપિંગ મોલ્સનું કલ્ચાર મૂળભૂત રીતે તો વંશપરંપરાગત ધંધો કરનારા છૂટક દુકાનદારોનો ધંધો તોડવા માટે ઉભું કરવામાં આવી રહ્યું છે. એક શોપિંગ મોલના બાંધકામમાં ૧૦થી ૭૫ કરોડ રૂપિયા જેટલું રોકાણ કરવામાં આવે છે, જે માટે બેંક પાસેથી લોન લેવી પડે છે અને વ્યાજ ચૂકવવું પડે છે. તે ઉપરાંત શોપિંગ મોલના નિભાવ માટે એરકન્ડિશનિંગથી લઈ સફાઈનો ખર્ચ કરવો પડે છે. સલામતી માટે પણ મોટો સ્ટાફ રાખવો પડે છે. આ ઉપરાંત સેલ્સ કાઉન્ટર ઉપર પણ જે સ્ટાફ હોય છે, તેમનાં પગારનાં ધોરણો ખૂબ જ ઉંચા હોય છે. આ બધા જ ખર્ચાઓ સ્વાભાવિક રીતે ગ્રાહકો પાસેથી જ વસૂલ કરવામાં આવતા હોય છે. આ કારણે શોપિંગ મોલ્સમાં વેચાતો માલ બજારભાવ કરતાં સસ્તો હોય તેવી શક્યતા બહુ ઓછી છે. મધ્યમ વર્ગના જે

માણસોમાં આ સમજણ છે, તેઓ આજે પણ શોપિંગ મોલ્સમાંથી ખરીદી કરવાથી દૂર જ રહે છે, પણ જેમની પાસે આવી સમજણનો અભાવ છે, તેઓ શોપિંગ મોલ્સને સ્ટેટસ સિમ્બોલ ગણી તેમાં ખરીદી કરવાથી દૂર જ રહે છે, પણ જેમની પાસે આવી સમજણનો અભાવ છે, તેઓ શોપિંગ મોલ્સને સ્ટેટસ સિમ્બોલ ગણી તેમાં ખરીદી કરવા દોડે છે અને સરવાળે સસ્તી વસ્તુના વધુ દામ ચૂકવીને હરખાયાછે. આ કારણે શોપિંગ મોલમાં જેમ જેમ ઘરાકી વધતી જાય છે તેમ તેમ મધ્યમ વર્ગ ખર્ચના ખાડામાં ઉતરતો ાય છે. શોપિંગ મોલમાં ચીજવસ્તુઓ એટલી તો આકર્ષક રીતે ગોઠવવામાં આવી હોય છે કે ઘણી વખત તો મધ્યમ વર્ગની ગૃહિણીઓ ઘરમાં જે વસ્તુની જરૂર ન હોય તે પણ ખરીદી લાવે છે.

શોપિંગ મોલ્સના માલીકો પોતાની દુકાનમાંથી કોઈ વસ્તુની ચોરી ન થાય તે માટે એટલા બધા સજાગ હોય છે કે ઘણી વખત તેઓ ચોરીની ખોટી શંકાના આધારે પોતાના ગ્રાહકોનું અપમાન કરવામાં પણ સંકોચ અનુભવતા નથી. પૂનાના શોપર્સ સ્ટોપમાં થોડા દિવસ અગાઉ એક યુવતી પાસે શસ્ત્ર છે, તેવી શંકાના આધારે તેનાં બધાં જ વસ્ત્રો ઉતારી તેની તપાસ કરવામાં આવી હતી. આ યુવતી જેવી શોપિંગમોલમાં પ્રવેશી કે તેના પ્રવેશદ્વારામાં મૂકવામાં આવેલા મેટલ ડિટેકટરમાં બીપ.. બીપ અવાજ આવવા લાગ્યો હતો. આ યુવતીને બે મહિલા સિકયોરિટી ગાર્ડ ચેકીંગ માટે લઈ ગયા અને તેના આખા શરીરની જડતી લેવામાં આવી હતી. તેના શરીરી ઉપર કોઈ જ ધાતુની ચીજ મળી નહોતી. અડધા જાંચતપાસના અંતે આ યુવતીને શોપિંગ મોલમાં પ્રવેશ કરવાની પરવાનગી આપવામાં આવી ત્યારે પાછું મેટલ ડિટેકટર બીપ.. બીપ અવાજ કરવા લાગ્યું હતું. આ ઉપરથી યુવતીને ખ્યાલ આવ્યો હતો કે મેટલ ડિટેકટરમાં જ ખામી હતી. યુવતીએ પોલિસ સ્ટેશનમાં જઈ સિકયોરિટી ગાડર્સ સામે ફરિયાદ કરી હતી, જેને પગલે બે મહિલા કર્મચારીઓની મહિલાની મર્યાદાભંગ કરવાના આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. શોપર્સ સ્ટોપના ચીફ ઓપરેટિંગ ઓફિસરે કબૂલ કર્યું હતું કે આ રી ગ્રાહકોને નિર્વસ્ત્ર કરીને તેમની તપાસ કરવાનો તેમને કોઈ જ અધિકાર નથી. તેમ છતાં ગ્રાહકોને પોતાના અધિકારોનો બરાબર ખ્યાલ નથી હોતો એટલે તેઓ શોપિંગ મોલ્સના માલિકોના અપમાનજનક વર્તાવને બરદાસ્ત કરી લેતા હોય છે.

શોપિંગ મોલ્સની આચારસંહિતા એવી છે કે જો ગ્રાહક ખરીદી કરીને બહાર આવતો હોય ત્યારે તેના દરવાજામાં રહેલું સ્કેનર રણકી ઉઠે તો દુકાનનો જે સૌથી સિનિયર મેનેજર હોય તેની હાજરીમાં તેના શરીરનું હાથમાં પકડવાનાં સાધન વડે બહારથી પરીક્ષણ કરવામાં આવે છે. તેના શરીર ઉપર કોઈ ચીજ છૂપાડેલી જોવા મળે તો પણ તેને વિનયપૂર્વક તેની કિંમત ચૂકવવાનું જ કહેવામાં ાવે છે પણ તેનેઅપમાનિત કરવામાં આવતો નથી. જો ગ્રાહકના શરીર ઉપર કોઈ ચીજ છૂપાડેલી જોવા ન મળે તો દુકાનના સિનિયર મેનેજરે ની માફી માંગે છે. આ આચારસંહિતાનો અમલ ભાગ્યે જ કોઈ શોપિંગ મોલમાં થતો અહીં તો દરેક ગ્રાહકોને શંકાની નજરે જોવામાં આવે છે.

ભારતમાં અત્યારે શોપિંગ મોલ્સનું જે નેટવર્ક ઉભું થઈ રહ્યું છે તે હકીકતમાં છૂટક વેચાણનો અબજો ડોલરનો ધંધો કરતી વિદેશી કંપનીઓ માટે ભૂમિ સાફ કરવાની કસરત જ છે. અમેરિકી વોલ-માર્ટ જેવી મલ્ટીનેશનલ કંપનીઓ ભારતમાં પોતાનો ધંધો વિકસાવવા માંગે છે, જે અત્યારે ભારત સરકાર સાથે કુલડીમાં ગોળ ભાંગી રહી છે. આવી કંપનીઓના લાભાર્થે જ ભારત સરકાર છૂટક વેપારમાં સીધા વિદેશી રોકાણને છૂટ આપવા માટે પોતાની નીતિમાં પરિવર્તન કરવાની તૈયારી કરી રહી છે. જે દિવસે રિટેઈલ વેપારના ક્ષેત્રમાં આ મલ્ટીનેશનલ કંપનીઓનો પગપેસારો થશે તે દિવસે ભારતના કરોડો છૂટક દુકાનદારો પાયમાલ થઈ જવાના. જો આ વિદેશી કંપનીઓને ભારતમાં પગદંડો જમાવતી અટકાવવી હોય તો ભારતના મધ્યમ ભારતના મધ્યમ વર્ગે સજાગ અને સંગઠીત બની વૈભાવશાળી શોપિંગ મોલ્સના કલ્ચર સામે અસહકારનું આંદોલન જગાવવું પડશે.

(સમસ્ત મહાજન ફીચર્સ)

## દહેજ

દહેજ કોઈ દેશો નહીં, દહેજ કોઈ લેશો નહીં,
જે જીવતરમાં આગ લગાડે,
એને આંગણીયે આવવાનું કહેશો નહીં.....
કહેજ કોઈ દેશો નહીં, દહેજ કોઈ લેશો નહીં,

રૂપિયાથી રૂપની જયાં થાતી ખરીદી
એને કહેવો સંબંધ કે, બજાર ?
લાગણીની કિંમત જયાં લૂંટમાં અંકાય
એને કહેવો સંબંધ કે, વેપાર ?
છતાં ભણતરની આંખ તમે ખોલશો નહીં ?
કહેજ કોઈ દેશો નહીં, દહેજ કોઈ લેશો નહીં,

લાલચની કેડી જયારે થતી કાંટાળી
ત્યારે એનાયર ચાલે તે કેવા ?
જોઈ ભલે જીવ જીવતરની ઝીંઝી દિવાળી
તોય પોતાને બાળે તે કેવા ?
"દિકરી ને ગાય, જયાં દોરે ત્યાં જાય"
હવે એવા શબ્દ કોઈ બોલશો નહીં.
કહેજ કોઈ દેશો નહીં, દહેજ કોઈ લેશો નહીં,

-મહેશ સોલંકી "બેનામ"

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયિક સંગીત કચ્છી પધ્ધને કચ્છ........

**મહેશ સોલંકી**

સંગીત મેં નાદબ્રહ્મ ને સબધકે પ બ્રહ્મ ગણે મેં અચેતો. સંગીત ને સબધજે સમન્વય ભેરો ભક્તિ માર્ગજો પ્રચાર-પ્રસાર થિયે તેં લા સંગીત કે પ પ્રાધાન્ય ડિને મેં અચેતો. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયજો મૂર ઉદ્ધવ સંપ્રદાય મેં આય, જેં મેં કૃષ્ણ ભક્તિ મુખ્ય આય. શ્રી કૃષ્ણલીલાજે ગેય પદ્ય મેં ભગતી ભરલ વે તી. શ્રી સહજાનંદ સ્વામી પ ભક્તિ માર્ગ પરંપરાનું સંપ્રદાય કે પખડેલા કરે ને ભુજમેં રાઓશ્રી લખપતજી ચાલુ ક્યાં ઈ 'વ્રજભાષા પાઠશાળા' મેં બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી કે પીંગલ - કાવ્ય સાસ્તરજો ગિનાન ગિનેલા હલાયાં વા. હીન પાઠસાલામેં કાવ્ય કલા ભેરી સંગીત, નૃત્ય જેડી કલા પ સીખાયમેં અચીંધી વી.

સાહિત્ય-સંગીત જે માધ્યમ સે સતસંગમેં માડૂકે રસ ગિનધા કરે ને માનવ જીઅણ મીંજાંનું અગનાન, કુટેવ, કુરિવાજ, અંધશ્રદ્ધા કે હટાય જો પ્રચાર કરેમેં આયો. હીન બોય કલામેં પારંગત એડે સાધુ-સંત વટાં ભક્તિ પદ, કિર્તનજો સરજન કરાયાં ને પ્રસાર-પ્રચાર મેં હલાયાં. હિન જે પરિણામ સે સંપ્રદાયજો ફેલાવો ઝટ થી સગ્યો વો. તાલ, લયવારા ગેય ભગતી પધ-કીરતન સજે ગુજરાત મેં પખડાજી વ્યા. સાહિત્ય કે સંગીત સે સણગારેલા, ભાવજી પુષ્ટિ લા સાધુ સંત સંગીત કલા સીખેં ઈન મથાં ય ભાર ડિનેમેં આયો ને સંગીત શિક્ષણજી વેવસ્થા કે મેં આવૈ.

કિર્તન લા ગેય પધ લિખાજે તેં લા હિક લેખક મંડલીજી રચના કરેમેં આવઈ તીં સંગીત મંડલી પ ઉભી કરેમેં આવઈ ને સતસંગમેં ઈનીજો ઉપજોગ કરેમેં આયો.

હીન રીતેં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમેં બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, ''પ્રેમ સખી'', નિષ્કુળાનંદ સ્વામી, જેડા નંદ સંતેંજા ભક્તિમય, આધ્યાત્મિક ગેય પદ્ય સે ગુજરાત મેં સંપ્રદાયજો ભગતી સંગીત ગુંજધો થઈ વ્યો. ઈ મિડે અજ પ સતસંગીએં લા ભગતીમેં પ્રેરક બલ ભની યોં આય.

સંપ્રદાયજા ઠેકઠેકાણે સમૈયા, કથા, કિર્તન, મિંધરજી થાપના ઉત્સવ, સતસંગ ને વારતેવાર તે હી ભગતી સંગીત સે બોરો ખાસો પ્રસાર પ્રચાર થ્યો. જેમેં બ્રહ્માનંદ સ્વામીજો સિં ફાળો આય.

ઇં ચોવોજેતો ક, બ્રહ્માનંદ સ્વામી ૬૪ લલીત કલા મિંજાનું ૨૪ કલામેં પ્રવિણ વા. કચ્છજે રાઓશ્રી લખપતજીજી થાપેલી 'વ્રજભાસા પીઠશાલા' ભુજમેં ડો વરે રઈને કાવ્ય છંદસાસ્તર સંગીત જેડી નોખી નોખી કલાએંજો અભ્યાસ કયોં વો. ઈનીકે શ્રી સહજાનંદ સ્વામી ભેરો પેલવેલો મેલાપ પ કચ્છમેં જ થ્યો વો. ને હીડાં જ ઈ શિષ્ય ભન્યા વા. બ્રહ્માનંદજી પેલાં રાજકવિ થ્યા પોય સંતકવિ ભન્યા. ધમડકા (કચ્છ) ગોઠમેં રઈ સાસ્ત્રી (સંસ્કૃત) ભાષાજો પ અભ્યાસ કયાં વા. તેં પૂઠિયાં ઈ કાશી વિનીને સંગીતાચાર્યજી પધવી પ ગીડાં વાં, અઠ હજારનું ય મથાં ઈનીજા ગેય ભગતી પદ્ય ગુજરાતી, વ્રજ, હિન્દી, મારવાડી મેં લિખ્યાં ઈતરો જ ન પ કચ્છ મેં ડો વરેજે અનુભવસે કચ્છી ભાષા પ સીખી ગિડાં ને કચ્છી મેં ભગતી પધ રચ્યાં વાં તેંમેં કચ્છી કાફી ય લીખેજી અજમાઈસ કયાં વાં. ભુજજી વ્રજભાસા પાઠસાલામેં તૈયાર થિંધલ ૩૫૦ જિતરે કવિએ મીંજાનું કિતરાય નિંઢે રાજ-રજવાડે મેં રાજકવિ થ્યા તેં મેં બ્રહ્માનંદ સ્વામી મીણીનું શિરમોર ઉત્તમ રાજકવિ જ ન ભક્તકવિ તરીકે બોરા લોકપ્રિય યસસ્વી કવિ થ્યા. હિં ચોવાજેતો ક બ્રહ્માનંદજીજી પદ્ય નિત્ય પ્રાથનામેં સુણીને રાષ્ટ્રપિતા માતમા ગાંધીજી પ ભાવવિભોર થીંધા વા. ગુજરાતજો ભગતી સંગીત બ્રહ્માનંદજે પદ્ય વગર અધુરો જ લેખાજે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર પ ઈનીજે ભગતી પદ્યસે પ્રભાવિત વા. હિન્દી ભાસા વિકાસમેં પ ઈનીજે પદ્યજો થાન મહત્વજો યોં આય.

શ્રી સહજાનંદ સ્વામીજા બ્યા પ્રિય શિષ્ય મુક્તાનંદ સ્વામી પ ભુજજી વ્રજભાષા પાઠશાલામેં કાવ્ય-પીંગલજા પાઠ ભણ્યા વા. ઈનીસે જ ઈનીજા ય ભગતી પદ્ય ગેય સંગીતમય ભન્યા. હીન પાઠશાલામેં નૃત્યકલાજો ય ગિનાન ડીનેમેં અચીંધો વો.

મુક્તાનંદ સ્વામી નૃત્ય કલામેં માહિર વા. શ્રી હરિ સામા કથ્થક નૃત્ય સંગીત ભેરો રજૂ કરે ને ખુસ કંઈધા વા. ઉન ટાણે મેં વીયાંજે ગીતેમેં બિભત્સતા વી સે હટાયલા ''રૂક્ષ્મણી વિવાહ'' લગનગીતેંજો ગ્રંથ તિયાર કરે શિષ્ય લગનગીત સમાજ વટાં પેસ ક્યાં વા. મુક્તાનંદજી જા ગેય પદ્ય અજ પ ઘરોઘર ગૂંજેતા.

સ્વામિ દેવાનંદ ને સ્વામી પ્રેમાણનંદ તાં અસલ સંગીતજા જાણધલ સંગીતજ્ઞ વા. સંપ્રદાય કે સંગીતમય પદ્ય સે સુરીલો ભનાયા વાં. હી બોય સંત પ કચ્છીમેં પદ્ય લીખ્યાં વા. તીં કૃષ્ણનંદ સ્વામી પ કચ્છીમેં લીખેજો પ્રયાસ ક્યોં વો. હી મિડે સંત કવિએંજી રચના હું હિન સંઘરેમેં રખઈ આય. હી સંપ્રદાયજો વડે ભાગજો અનુયાયી વર્ગ ગુજરાતી આય નેં કચ્છી ભાસી વર્ગ નિંઢો આય. ઈતરે હી કચ્છી પદ્ય જિજા પ્રકાસમેં નાંય આયા.

બ્રહ્માનંદ સ્વામી સં. ૧૮૪૯નું કરે નેં સં. ૧૮૫૬ લગી-ઈતરે ડો વરેં ભુજ-કચ્છમેં ર્યા વા ઈતરે કચ્છી ભાસા સીખી વ્યા નેં ૧૯ જિતરા કચ્છી પદ્ય લીખ્યાં વા. સે પ કચ્છી રાગેંજો પ્રયોગ કરીને. ડારાઈડો, પરજ, ટોડી, પરદેશી ને કચ્છજી ખાસ વિશેષતાવારો પ્રકાર કચ્છી કાફીજો ય પ્રયોગ ક્યાં વા. ભેરાભેર બ કચ્છી રાસ પ લિખ્યાં

ઈનીજે પદ્યજી ભાસા સરલ ને કીર્તન ભગતી મેં ગાઈ સગાજે તેડી ગેય ડિસજેતી.

કચ્છ રાજજા હજૂરી જેષ્ટીમલ ઘેલા ત્રિકમજી ''દાસ ઘેલો'' ભુજમેં જ રોંધા વા ને સ્વામિનારાયણ સંપ્રદાયજા ચુસ્ત અનુયાયી ને ભક્તકવિ વા. ગુજરાતી, હિન્દી ને કચ્છીમેં ભગતીપદજી રચના કંઈધા વા. ઈનીજો ''કીર્તન ભક્તિ''નાં સે હિકડો ભગતીપદ્યેંજો સંઘરો પ પધરો કયાં વા. તેંમેં ૨૦ જિતરા કચ્છી પદ્ય પ ડિના ઐં. ઈનીજો પ હીન સંઘરેમેં સમાવેશ ક્યો આય. ઈનીજા પદ્ય પ કચ્છી રાગ ને કચ્છી રચનાએંજે ઢાર મથાં ને કચ્છી કાફી મેં પ ભગતી પદ્ય લીખ્યોં ઐં. ઈનીજી પ ભાસા સરલ કચ્છી વૈ.

હી મિડે સંતકવિએંજી ૪૨ પદ્ય કાવ્ય રચનાઉં ઈનીજે જ અસલ પદ્યજી ભાસા લિપિમેં જ લિખલ આય. ''દાસ ઘેલો'' કચ્છજા ઐ તેં સિવા બિનકચ્છી મિડે, સંત કવિ ઈનીજે હિસાબસે કચ્છી મેં લિખ્યાં તેંમેં અસલ તાં ઈનીજો ભગતીભાવ જ ડીસી સગોંતા. મીણી કે ઈશ્વર પ્રાપ્તીજી વાટ જુડે નેં સંપ્રદાયજો ફેલાવો થિયે તેં લા હી અમુલો સરજન ક્યાં સે છૂટો છવાયો વો. ઈન સરજનજો આઉં સંકલન કરીઆંતો. જિતરો સરજન મિલ્યો ઈતરેજો ઈનમેં સમાવેશ કયો આય. મુંકે લગેતો ક કચ્છી ભાસા વિકાસ મથાં સંશોધન કંઈધલેંકે ઉન અગિયાજે ટેમજી કચ્છી ભાસા તે ખાસો એડો અભ્યાસ થી સગધો.

ભુજ સ્વામિનારાયણ મિંધરમેં પ ભગતીસંગીતજી પરંપરા હલઈ અચેતી. તેંમેં ભગતી પદ્ય ગાઈધલ સંગીતજ્ઞ સાધુ-સંત થી વ્યા. ભગતી પદ્ય, કિર્તન ગાઈ સગે એડે સંતેં કે 'ગવૈયા સંત' ચેંતો. ભુજમેં હરિકૃષ્ણદાસજી ગવૈયા, સ્વામી મુકુન્દદાસજીજા શિષ્ય પાર્સદ કાલીદાસ ગવૈયા એડે નાં જો ઉલ્લેખ મિલેતો, સ્વામી હરિવલ્લભદાસજી તબલાવાદનમેં નિષ્ણાત ઐં. સાધુ-સંત નિત્ય ભજન-કિર્તન, સતસંગ મેં સંગીત કલાજો ઉપજોગ કરીએંતા. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયજા સ્વામી વલ્લભદાસજી ને ઈનીજા શિષ્ય સ્વામી હરિદાસજી તબલાવાદનમેં માહીર ઐં ને સજી ધુનિયામેં ઘુમી ફંડ ભેરો કઈ ને મુંભઈમેં (સાયન) વલ્લભ સંગીત મહાવિદ્યાલયજી થાપના ક્યોં અયોં ને તેંમેં શિષ્ટ સંગીત સીખાયજી વેવસ્થા ક્યોં અયોં. ઈનમેં સંપ્રદાય જે અનેક શિષ્ય ભગતી સંગીતજા પાઠ સિખેંતા ને ઈ ગુજરાત જે સંગીત વિકાસમેં ય નોંધપાત્ર પ્રદાન કયોં અયોં. ભુજજા શંભુરામ જોશી પ મુંભઈ મેં સાધુ-સંતે કે સંગીતજો શિક્ષણ ડીંધા વા. ભુજમેં ભૂકંપ પુઠિયાં ભગતી સંગીતજે કાર્યક્રમમેં ઈનીજો જાહેર સનમાન પ થ્યોં વો.

જૂને જમાનેનું રાજમેલમેં નગારખાના રોંધા વા, તીં વડે વડે મિંધરમેં પ નગારખાના વા. સંગીત કલામેં ઉસ્તાદ એડી લંગા (મુસલમાન) કોમજા કલાકાર કુટમ પરંપરાગત હી નગારાખાના સંભારીંધા વા. કચ્છ પોલીસ બેન્ડજા નિવૃત બેન્ડ માસ્તર શ્રી હાસમભાઈ ભચુભાઈ ખાવરા (કચ્છી ગીતેંજા જુનેમેં જુના રેડિયો કલાકાર) ઈનીજા વડિલ-મોભી ભુજ સ્વામિનારાયણ મિંધરજો નગારખાનો સંભારીંધા વા. છેલ્લે ઈનીજા પુત્તર અબ્ધુલભા ખાવરા (ક્લેરીઓનેટ વાદક) પ વેંધા વા. હાસમભાજા અધા ભચુભા ને ડાડા ઈસ્માઈલભા નોબત-સેર્ણાઈજા સૂર ઉગેજે પોરમેં ચોઘડિયા વજાઈંધા વા. ઈસ્માઈલભા સેર્ણાઈજા સૂરીલા નામી કલાકાર વા. ઈનીજી સેર્ણાઈવાદન કલાસે કચ્છ રાજજા રાજગાયક નાસીરખાં પ સ્વામિનારાયણ મિંધર વટાનું વટાઈંધે ઉભા રઈ વેંધા વા. કચ્છજે મીલીટરી બેન્ડ. જા સૂરીલા ઈફ્લેટવાદક લંગા કાસમભા જા ભા આકાસવાણી ભુજજા સેર્ણાઈવાદક સ્વ.જુસબભા ખાવરા સેણાઈ વજાઈંધા વા ને નોબત મથાં નજૂ બાયા લંગા સાથ ડીંધા વા. ઉગેજો પંઝ-છ વગેજે વિચાં પરભાતીયાં ને સાડા ડોનું અગિયારો લગી ભગતી સંગીતજો સૂર છેડાજે ઈનભેરાં ભગવાન કે થાર ધરાવાજે. ને સાંજી-સવારજો સંગીતસે મિંધરજો વાતાવરણ સૂરીલો-ભક્તિવારો થઈ વેંધો વો. મિંધરજે નગારાખાને જે સંગીત કલાકારેકેં ઈનીજે મેનતાણે મથાં વાર-તેવારજો મીઠાણજો પિરસાદ ડેવાંધો વો. ઈતરો જ ન પ...કો..... બુઝર્ગ કલાકાર ગુજારે વિને તડેં ઈનીજે કિરીયાકરમજી મિડે જણસું પ મિંધર મિંજાનું જ મીલધી વી. નગારાખાનેજા મિડે કલાકાર ઈસ્લામ ધરમ પારીંધા વા તય કી પ ભેધ વિગર હી પરંપરા લમું હલૈ વી. બુઝર્ગ સંગીતજ્ઞ શ્રી હાસમભા ખાવરા અજ પ એંસી વરે થ્યા. ઈનીજા સાક્ષી અંઈ, મિંધરજા સમૈયા, ઉત્સવ, સતસંગમેં પ હી કલાકાર ભગતી પદ્ય ભેરી સંગથ કંધા ર્યા ઐં.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયજે ભગતી પદ્યેંજી કેસેટ, સી.ડી. સતસંગજો મહિમા વધારેલા તિયાર કેમેં અચેતી.

શ્રી સ્વામિનારાયણ ભગતી સંગીત જી કેસેટું પ્રસિદ્ધ થીંધી રેતી તેંમેં કચ્છ જે સુગમસંગીત જે ક્ષેત્રજા સંગીતકાર શ્રી નિરંજન અંતાણી, શ્રી જ્યોતિષ વોરા પ એડી કેસેટેંમેં સંગીત ડીનાં અયોં સે ભગતી પદ્ય બોરા લોકપ્રિય થ્યા ઐં.

કચ્છ મેં ફિલમ સંગીત જે ક્ષેત્ર મેં અગિયા વધલ સંગીત કલાકાર પ સ્વામિનારાયણ ભગતી સંગીત જે રંગસે રંગાજી વ્યા ઐં, તેંમેં અનિલ-નરેન્દ્ર ઓરકેસ્ટ્રાજા શ્રી અનિલ ધોળકીયા ને શ્રી નરેન્દ્ર ભટ્ટ સંતેં જે સંતસંગ જે સાનિધ્ય મેં અચીંધેવાર સ્વામિનારાયણ ભગતી સંગીત કે જ પ્રાધાન્ય ડીએંતા.

અનુયાયી પ ભની વ્યા. ઈન મેં સુગમ સંગીત જે ગાયક મિંજાં આદિપુરજા શ્રી કૌશલ છાયા ત ભુજજા શ્રી પ્રશાંત ભટ્ટ, શ્રી રાજેન્દ્ર ખીરા, તબલાવાદક શ્રી તનસુખ પરમાર ને ગાંધીધામજા ફિલમ સંગીત ઓરકેસ્ટ્રાજા શ્રી અશોક સચદે પ ભગતી સંગીત મેં સંપ્રદાય જે સંત કવિએંજી વાણી કે સંગીત જે સૂરસે સજાઈ ને સતસંગ મેં કાયમ રજૂ કંઈધે ભગતીભાવ વધારીઐતા.

ડુકારજે ટેમ તે જીવદયા લા સ્વામિનારાયણ મંદિરજા મોભી પ ભગતી સંગીતજા કાર્યક્રમ રખેંતા તેંમે કચ્છ કુન્ધરોડીજા કચ્છી ફિલમ સંગીતકાર શ્રી કલ્યાણજી-આણંદજી જાહેર કાર્યક્રમ રખી સહયોગ ડિનાં તીં ફિલમ ગાયક શ્રી રૂપકુમાર રાઠોડ, સોનાલી રાઠોડ પ જાહેર કાર્યક્રમ રખ્યાં વા. તી સંપ્રદાય જે સાધુ-સંતેજી સંગીત મંડલી પ ભગતી પદ્યેંજા કાર્યક્રમ રખેંતા....ઈ નાદ ને સબધ બ્રહ્મ જે સમન્વયસે કચ્છભૂમિજો વાતાવરણ ને માડૂજા મન પવિતર ભનેંતા.

# બૈઈ ભાષાએં જે સાહિત્યજો કચ્છી ભાષા મેં અનુવાધ

માડૂ જી રજૂઆત જો કોઈ પ માગ હુવે ત સે આય ભાષા. કો પ ભાષા હુવે, ઉન મથે ઉન વખત જોં, ઉન ડેશ ને ઉંન સમાજ જો પડછાઈઓ પોંધો હુંવેતો, વખત જી માર જો પડછાઈઓ હરે-હરે ઉભો થીંએતો ઇ પડછાઈઓ ડિસજે નથો, પાંજી કચ્છી ભાષા જો પ એડો જ આય. કચ્છી ભાષા હજાર વરે નું કુચ્છાજેતી, લિખાજેતી, ને ગવાજેતી. છેલ્લી ચાર સદીયે મેં કચ્છી ભાષા મેં ગુન્ધ પ્રકાર જા પરિવર્તન આયા ઐંઈ. કચ્છી ભાષા જો બૈંઈએ ભાષાએ વાંગે જ ભધલાવ આયો આય ને હુંઈએ ભાષા ઈતા વહીંધી નધી આય ને ફેરફાર ઈજ ભાષા જી ગતિ ને પ્રગતિ હુંવેતી. અજનું ત્રી વરે પેલા પાંજો કચ્છી સાહિત્ય કિડા હુંવો ? કિંજ ચોંધે પાં વટે કિંજ ન હુંવો. પ અજ પાં પાંજી ભાષા મથે પરિસંવાદ કરીધા થી વ્યા ઐંઈયું સે ગૌરવ જી ગાલ આય.



-ગૌત્તમ એસ. જોશી

અનુવાધ મથે કચ્છી સાહિત્ય મેં કિતરો કમ થેયો, તેંજી જાણકારી આં વટે રખે જી કોશિશ કરીંધો સેં. પ તે પેલા મુંજે મન મેં અનુવાધ વિષય મથે જૂકો વિચાર જન્મયા અંઈ તેં જી પેલી ગાલ કઈંધો સે. અનુવાધ જી ગાલ કરેલા આયો ઐંયા.

અનુવાધ ઈતરે કુરો ? ત અનુવાધ ઈતરે હિકડી કળા !

અનુવાધ ઈતરે ડિણ-ગિનણ જો હિકડો રિવાજ !

અનુવાધ ઈતરે સામાજીક જીયણ જો નક્કી કરે મેં અચિન્ધલ રૂપ.....

અનુવાધ ઈતરે આંજી લાગણી ભેરો બૈઈ ભાષા જો ન ડિસી શકો એડો સંબંધ. હિકડી ભાષાનું બૈઈ ભાષા જી તાસિર તૈઈ પુજે જો હિકડો સેતુ....

અનુવાધ ઈતરે રૂપાંતર.

અનુવાધ ઈતરે અખેપાતર.

ઐંઈ ચોંધા છડ હાંણે અગ્યા ચોં અનુવાધ જા પ્રકાર કિતરા ઐંઈ ?

ત મુંજા અઝીજ ધોસ્ત સુણો અનુવાધ જા ગુન્ધ પ્રકાર ઐંઈ જેમેં શબ્ધાનુવાધ, અર્થાનુવાધ, સારાનુવાધ, વિવરણાનુવાધ વિગેરે....વિગેરે.....

હાણે શબ્ધાનુવાદ ઈતરે કૂરો ? સે આઉ સમજ્યો ઐયાં સે આં વટે રખાંતો.

★ શબ્ધાનુવાધ : ઈતરે શબ્ધનું શબ્ધ જો કો પ ફેરફાર વિગર જો સચો અર્થ. ચોખો ચિત્તર....ઈન પ્રકાર જો અનુવાધ કિડા થીએતો ? ત સુંણો કાયધે જી ગાલીએંમેં, વિજ્ઞાનજી ગાલીએંમેં ટેકનીકલ જભાનમેં શબ્ધાનુવાદ થીએતો. જિનમેં હિકડો શબ્ધ શબ્ધ જો ફેર માડૂ કે ગુન્ધ નુકશાન પુજાઈ વિનેતો...

★ બ્યો આય ભાવનુવાધ. હીન રીતજે અનુવાધમેં ભાવ વતાય જો આય. ડો. વિશન નાગડા હિકડી અંગ્રેજી કવિતા જો કચ્છીભાષા મેં અનુવાધ કરેલા કચ્છી કવિએંકે કે નોંતરો ડિનોં હુંવો. ને પોય ઉંન કવિતા મિંજાનું ત્રે કચ્છી ભાવાનુવાધ પગડદી મેં છપાણાં હુવા.

હાંણે ઐંઈ જ ભરાભર ન્યારયા હુંવો ત ઉં ત્રોય કવિતાજી નજરે ઢબ છબ ગુન્ધ ધાર-ધાર હુંવા, ઈનજી ચર્ચા પાં અગ્યા કઈંધા સી.

હાણે ત્રે અનુવાધ જો પ્રકાર આય અર્થાનુવાધ.

અર્થાનુવાધ ઈતરે 'લક્ષ્ય' મથે વ્યંજનાત્મક સાહિત્ય કે ખણી વેંણું, મુર સાહિત્યકૃતિ કે પૂરેપૂરો વિશ્વાસ મે ખણી અનુવાધ કેણું સેં અર્થાનુવાધ....

પોય અચેતો 'સારાનુવાદ'

સારાનુવાધ ઈતરે વડે રૂપ જો સટુકડો (ચરિત્ર લેખન) આકાર ! જીં શ્રીમદ્ ભાગવત જો મું ૮૦ પન્ને મેં બારોય બારો સ્કંધ ઉતાર્યા. પ ઉંન જો મૂર રયો ભાગવત મેં. હાંણે ભાગવત આખો તાં મહાન ગ્રંથ જે રૂપ મેં આય ઈન કે આખે આખી વાંચે જો અજ જે જુગમેં કે વટે ટેમ આય ? ઈતરે મૂરતત્વ જો સાર ખણી વાંચકે વટે રખો તેંકે ચોવાજે 'સારાનુવાધ'

એડી જ રીતે અનુવાધ જા પ્રકાર ઐંઈ. પ મુંજા અઝીઝ ધોસ્ત આંકે સચો ચાં પાં પગ-પગ ને પલ-પલ કેંજો ન કેંજો ક અનુવાધ કરીંધા જ રોંતા ઐંઈ ચોંધા જોશી સેં કી ?

ત સુંણો પ્રકૃતિ હિકડી ભાષા આય, ઈન ભાષા કે આઉ મુંજી રીતે ન્યારી ને વાંચીયાંતો, ઐંઈ આંજી રીતે ઉંન કે મુલ્યોતા.

અનુવાધ જી અનુભૂતિ :-

ન્યારો આંજે ધિલ મેં જુકો ભાષા રચાજેતી તેંકે ઐંઈ અનુવાધ કરીને જ આંજી જિન્ધગી મેં વિરાયોતા, ધિલ જી પ ભાષા આય ભાવર ! કુલા ક, ધિલ મેં જુકો ભાષા રચાણી તેંજો અનુવાધ ઐંઈ આંજે ભાવમેં કયાં, આંજી લાગણી મેં આંજી કલ્પના મેં કયાં, ચો સચી ગાલ આય. છેલ્લે ઐંઈ ધિલ જી ભાષા જો અનુવાધ આંજી વાણીમેં કયાં. સમજણ પૈંઈ નાંય પૈઈ ? ત સુંણો અનુવાધ ઈતરે પ્રકૃતિ જો હિકડો નિયમ હાંણે આંજે મનમેં હિકડી ભાષા ઉભી થઈ જેંજો અનુવાધ ઐંઈ આંજે હાવભાવ મેં કયાં. હાવભાવ જો અનુવાધ આંજી લાગણીમેં કયો. ઈતરે ઐંઈ આંજો પ્રતિભાવ (બોડી લેંગ્વેજ) મેં પધરો કયાં, પ્રતિભાવ ભેરો જ આંજે મગજ અનુવાધ કે કલ્પનાજો, ને ઈન કલ્પના જો અનુવાધ આંજી જીભ કે જુકો હેવર પ આંકે અનુવાધ કે સમજેતા ચૈંઈ રૈઈ આય,

માફ કરીંજા ભાવર, અનુવાધ જી ફિલોશોફી ડિયા હલ્યો વ્યો સેં.

હા ! ત અનુવાધ જી ગાલ કરીંધા હુવાસી, પાંજો ભારત દેશ બહુભાષીએં જો ડેસ આય, મિણી જી જુધી જુધી ભાષા આય, ઈની ભાષાએ મેં લિંખાધી સાહિત્ય કૃતિએં જો પાં પાંજી પ્રાદેશિક ભાષા મેં અનુવાધ કરી ઉંન સાહિત્યરચના ભેરો ઉંન પ્રદેશ જો, સમાજ જીયણજો, સાહિત્યજી પરિકલ્પનાજો, ઉડાં જી ભૌગોલિક પરિસ્થિતિ, ઉડાં જી પ્રકૃતિ જો ને સાંપ્રત સાહિત્યજો અભ્યાસ પાંજી માંબોલી મેં કરી શગો ઈતરે જ અનુવાધ, ને ઈતરે જ ધુનિયા મેં અનુવાધ હિકડો સાહિત્ય મેં સન્માન ભરલ નાલો આય.

અનુવાધ મેં કાળજીઃ-

અનુવાધ કેણું સેં ભારી ઓખો કમ આય ભાવર, કુલા ક જીન ભાષા મેં લિંખલ સાહિત્ય આય, તેજો ઉંન જ રૂપેં ઉંન જ વાતાવરણ મેં અનુવાધ થીએ ત જ સચો અનુવાધ ચોવાજે, નકાં અર્થ જા અનર્થ થઈ વિને. 'શબ્દસૃષ્ટિ' જે સપ્ટે/૦૪ જે અંક મેં પન્ના નં. ૫૧ મથે શરીફાભેણ વીજળીવારા લખ્યો અયોં. ક 'હિન્દી/અંગ્રેજી અનુવાદકો મુળ શિર્ષક આપતા નથી અને પોતાને ગમે તે શીર્ષકો આપે છે એને કારણે હિન્દી/અંગ્રેજીમાંથી ગુજરાતી અનુવાદ કરનાર આ બદલાયેલા શીર્ષકથી જ રોડવે છે. દા.ત. મંટોની જાણીતી વાર્તા 'હતક'ના હિન્દી અનુવાદકે 'સૌગંધી' શીર્ષક આપ્યું. મોહન દાંડીકરે ગુજરાતીમાં 'સુગંધી' કર્યુ. એ વાર્તા આપણે ત્યાં 'સુગંધી' શીર્ષકથી જાણીતી થઈ.'

હકીક્તે હતક =અપમાન (=અપમાનિત) થાય છે. અર્થાત શીર્ષકમાં સમગ્ર વાર્તાની વ્યંજના પડેલી છે.

શરીફાભેણ જી ગાલ નિપટ સચી આય, અનુવાધક કે ભારી ચાંવતનું બૈંઈ ભાષા જી સાહિત્યરચના જો અનુવાધ કયો ખપે.

અગિયામું ચયો તી મુંભઈનું પગદંડી માસિક મેં ડો. વિશન નાગડા હિકડે અંગ્રેજી કવિ થિયોડોર ટિલ્ટન જી કવિતા જો કચ્છી ભાવાનુવાધ કરલ ત્રે રચનાઉં પ્રગટ કયાં હુઆ. ઇ ત્રોય કવિતાઉ જુધે જ ભાવનું જુધે-જુધે ખ્યાલ મેં ભાવાનુવાધ થીયેલીયું મુંકે લગ્યું. વરી ઉંન ત્રોય કવિતા જ મથાડા ૫ મુંકે જુધા લગા, ઉં મથાડા હુંવા : 'હી પણ સમેં જે વઈધે વોંધે હલ્યો વેંધો' અનુવાધક જાણીતા કવિ મહેશ સોલંકી બેનામ, બ્યો મથાડો હુવો 'આખર હી ૫ થીંધી હકડો ડી રવાની' અનુવાધક જયશ્રી મોરારજી ગાલા ને ત્રેંઓ મથાડો હુવો, 'હિં ૫ વખત જે ધ્રોં મેં ધુવાજી વેંધો' અનુવાધ ગૌત્તમ જોશી ઈતરે ક આઉં. હાંણે મથલે ત્રોય મથાડે જો મૂર કવિતા અંગ્રેજી આય ને ત્રોય જે વિચારે જૂકો અનુભૂતિ કયોં સેં ત્રોય જેણે અનુવાધ મેં રખ્યોં. હાંણે ન્યારે જો ઈ આય ક ત્રોય અનુવાધ મ્યાંનું મૂર કવિતા જી લગોલગ કલ્પના કરી શગ્યો કેર આય ? ત ઈનલા ઈન કાવ જી મુલવણી ન્યારૈઈ ખપે. ત જ સચે ભાવ, લય, તાલ, ગાલ જી ખભ્મર પૈંઈ શગે. ન કાં તા શરિફાભેણ લિખ્યોં તીં મથાડેનું જ પાં માર ખાઈ વિનો. કચ્છી ભાષા મેં અનુવાધ કઈંધલે કેં ભસ ઈતરિજ અરધાસ આય કે મુર સાહિત્ય કૃતિ કે પૂરી વાંચ્યો, સમજો ને જીં ભને તીં સંસ્કારી ભાષામેં આંજા ભાવ રજૂ કર્યો,

કવિતા જી ગાલ આવૈઈ આય તડે આંકે યાધ ડેરાયાં ત કચ્છી ભાષા મેં અનુવાધ કરે જો સીલસીલો ગુન્ધ જુનું આય. ભલા, પાંજા બરૂકા કચ્છી સર્જક ગુન્ધ વખતનું અનુવાધ જી ડિશ મેં પગ ન ધોણું કઢિ આયા ઐંઈ જુકો પાં મિંણીલા ગૌરવ જી ગાલ આય.

કચ્છી સાહિત્ય મેં અનુવાધ ગુન્ધ થેયો આય, અનુવાધ જિન જિન સાહિત્ય વિભાગ મેં થ્યો આય જેંજી ટુંકી નોંધ હિતે રજૂ કરીયાંતો. સાહિત્યકાર અનેક ક્ષેત્ર મેં અનુવાધ કરીએતાં. ઈની મિણી કે અભિનંદન ડિંયાંતો, ભેરાભેર હીંન વખત મું વટે જુકો નોંધાણું આય સે આં વટે રજૂ કરીંયાતો, ઈતરે હી નોંધ કે આખે આખી ન સમજેલા વિનંતી કરીયાતો.

કચ્છી ભાષા મેં કવિતા જો અનુવાધ

કચ્છી ભાષા મેં કવિતાઉં ઘણેં વખતનું લિખાજેતીંયું તીં અનુવાધ ૫ ગુન્ધ ભાષાએં મેં કરે મે અચેંતા. હાંણે કચ્છી કવિતા જો બૈઈ ભાષા મેં અનુવાધ જુકો થ્યો આય તેંજી ગાલ કરીયા.....

ત પાંજે આદરણીય કવિ નિરંજન જે કચ્છી રાષ્ટ્રગીત 'મુંજી માતૃભૂમિ કે નમન' જો અનેક ભાષાએ મેં અનુવાધ થ્યો આય, ગુજરાતી મેં કવિ નાહનાલાલ અનુવાધ કરી પથિક મે પ્રગટ કયોં અયો, ભેરા ભેર ઈતરો વિચ્ચમે ચૈંઈ ડિયા ક મુંજી માતૃભૂમિ જો અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન, બંગાળી, સંસ્કૃત, મરાઠી ભાષાએં મેં ૫ અનુવાધ થયો આય. એડો પથિક જા તંત્રી શ્રી માનસંગજી બારડ નાહનાલાલ જે ગુજરાતી અનુવાધ નીચે નોંધ્યો અયો.

કવિશ્રી મદનકુમાર અંજારિયા 'ખ્વાબ' પ્રાસંગિકતા ભેરા પ્રગટ થીંધા કવિ ઐઈ. કચ્છી ભાષા મેં કવિતા લિંખધલ ગુન્ધ કવિ ભાવર ઐઈ, ૫ શ્રી 'ખ્વાબ' એડા કવિ ઐઈ કે મિણીયાં પેલા પિઢ જી કચ્છી કવિતા જો પિંઢ જ શબ્દસહ ગુજરાતી ભાષાંતર કરી કચ્છી-ગુજરાતી સાહિત્ય કે સરખો સન્માન મિલે ઈન ડિશમેં કમ કયોં અયોં. કવિ 'ખ્યાબ' ૧૯૮૫ મેં 'આઁગન' મથાડે જો કાવ્ય સંગ્રહ ડિનોં. જેમેં મથે ચ્યો તી કચ્છી કાવ્ય જો ગુજરાતી ભાષાંતર ડિનો અયોં.

બૈઈ ભાષાજી કવિતાઉં જો અનુવાધ પગદંડી જા કાવ વિભાગ જા સંપાદક શ્રી ડો. વિશનજી નાગડા ૫ કયોં અયોં, કવિ નિરંજન, મદનકુમાર અંજારીયા, પ્રતાપરાય ત્રિવેદી સંસ્કૃત કવિતાએં જો કચ્છી ભાષા મેં અનુવાધ કયોં અયો, રમેશ ભટ્ટ 'રશ્મિ' ટાગોર જી ગીતાંજલિ જો કચ્છી અનુવાધ કયોં અયોં. જેંજો બ-ચાર કાવ ભાવ કુંજલ મેં પધરા થયા ઐઈ. 'રશ્મિ' હીન અનુવાધ જો પુસ્તક થોડે ડિએં મેં પાંકે ડિનેવારા ઐઈ.

કચ્છી મેં નાટક અનુવાધ :-

કવિ મહેશ સોલંકી 'બેનામ' શ્રી પરેશ નાયક લિખિત ગુજરાતી સ્ક્રીપ્ટ જો કચ્છી અનુવાધ 'કુંજલ પાંજે કચ્છજી' આકાશવાણી ભુજ ને રાજકોટ તાંનું નાટકરૂપે અનુવાધ કયોં અયોં. ભો, હીંન સ્ક્રીપ્ટ જા શરૂઆત જા હપ્તા કવિ મદનકુમાર અંજારિયા ''ખ્વાબ'' ૫ કચ્છીમેં અનુવાધ કયોં હુંવો. હી કાર્યક્રમ ખાસી ચાહના કમાય હુંવે. ને કઈક શ્રોતાજનજા ભીંસયાલ કાગર ૫ આકાશવાણી ભુજ મથે આયા અંઈ. ઈ આય અસલ અનુવાધજી તાસર.....

કચ્છીભાષા મેં ધાર્મિક સાહિત્ય જો અનુવાધ :-

કચ્છી ભાષા મેં ધાર્મિક સાહિત્ય જો ૫ ગુન્ધ અનુવાધ થયો આય. જુકો હિન પ્રમાણે આય :

★ કચ્છી ભાષા મેં ૧૮૩૪ મેં ઈશુ જી ગાલ 'મેથ્યુજી ધરમ આખાણી' નાલે જેમ્સ ગ્રેમાજર પાદરી કચ્છી માડૂએલા કચ્છી અનુવાધ કેં હુંવે, ને ઉન જો સંપાદન જોન રિલ્સન કેં હુંવે. ઉ પેલો કચ્છી અનુવાધ 'ધ-બાઈબલ, સોસાયટી ઓફ ઈન્ડિયા' મુંભઈ નું પધરો કરે મેં આયો હુંવો.

★ કાઠડે જા ગઢવી વજા ગોપાલ સંસ્કૃત ભાષા મેં લિખલ 'શ્રીમદ્ ભગવત ગીતા' જો ૧૯૭૭ મેં કચ્છી ભાષા મેં અનુવાધ કયોં અયોં. જેંજા પ્રકાશક હુવા વિજયસિંહ બારોટ ગામ મડઈ.

★ વજા ભગત પોઆ 'શ્રી મદ્ભગવત ગીતા' જો બ્યો કચ્છી અનુવાધ કવિ ને પાંજા હમધર્ધ દુલેરાય કારાણીજી કયોં ને દુલેરાય કારાણી સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ અમદાવાદ ઉન અનુવાધ કે પધરો કેં હુંવેં જેમેં અઠ અગ્યા જા ને છનું પોઆજા પન્ના હુંવા.

★ મુન્દ્રા જા મરર્હુમ પ્રો. અબુનોમાન મોહમ્મદ સબ્બુર અબ્બાસી સાહેબ 'કુરાને શરિફ' જો અરભી મ્યાંનું કચ્છી અનુવાધ કરી પેલે સીપારે જો પ્રકાશન ૨૦૦૩ મેં પ્રગટ કયોં અયોં. અના ૫ ૨૯ પ્રકરણ પ્રકાશન જી વાટ ન્યારી ર્યા અઇ. જેકેં કિતાબ જો રૂપ ડિનેજી કોશિશ 'ફારૂક' સાપ્તાહિક જા તંત્રી શ્રી જુસુભભા જત કરી ર્યા અઈ. કુલા ક તારીખ ૮-૧૧-૨૦૦૪ જો પ્રો. સાહેબ જનતનશીન થયા અઇ, આંકે

ચે જી રજા ગના ક પ્રો. અબ્બાસી સાહેભ હિંન કચ્છી અનુવાધ કે પધરો કરેલા રૂપિયા બ હજાર ભા જુસુભા જત કે અગાઉનું જ ડઈ ડિનો ઐયોં. હિ કચ્છી ભાષા ડિંયાજો ભાવ વતાયતો.

★ ધાર્મિક સાહિત્ય મથે જે અનુવાધ કે પાં યાધ કરીંયુતાં તડે કચ્છી કવિ ને વિવેચક એડે શ્રી રવિ પેથાણી 'તિમિર' કે યાધ કયો ખપધો. કુલા ક ભગવાન શ્રી સ્વામિનારાયણ જી 'સિકસાપત્રી' જો કચ્છી ભાષામેં અનુવાધ ૨૦૦૩ મેં ઈની કયોં અયોં ને ભુજ સ્વામિનારાયણ મંધિર ઈન કે પ્રકાશિત કેં આય.

★ ધર્મશાસ્ત્ર જી ગાલ હલેતી તડે આઉં ચોંધો સે કે ગૌત્તમ જોશી શ્રીરામ ચરિત માનસ આધારિત 'રામાયણ-બાલાકાંડ' (ચરિત લેખન) ૧૯૯૬ મેં પ્રગટ કયો અયો. ઈ 'રામાયણ' પૂરે પૂરી 'કચ્છ જયોતિ' દૈનિક (તંત્રી મણીલાલ ગંગારામ ગોર) ભુજ મેં ૧૯૯૨નું ૧૯૯૫ તૈઈ રોજ છપાણી હુંઈ ને લાટ વાંચન વર્ગ પ ઉભો કે હુંવે.

★ ઈન લોક ચાહનાનું પ્રેરાઈ ગૌત્તમ જોશી 'શ્રીમદ્ ભાગવત' (ચરિત્ર લેખન) જો સાવ સંક્ષિપ્તસાર કચ્છી ભાષા મેં 'કચ્છજયોતિ' દૈનિક મેં પ્રગટ કરી પુસ્તક રૂપે કચ્છી સાહિત્ય કે ડિનો અયોં. હિંન ભાગવત કે પધરો કરેલા માધાપરજા પટેલ નારાયણભા રૂડાભા લાછાણી જો ખાસો આબર મિલ્યો હુંવો. ને પંજ સો પંજ સો જી ત્રે નકલું કચ્છી ભાષા સાહિત્ય કે મુફત પ્રસાધી મેં ડિંનો હુંવો.

★ સંત કવિ મેકણ ડાડા જી કચ્છી ભાષા મેં લિખિત સાખીએં ને કવિતા જો હિન્દી ભાષા મેં અનુવાધ કચ્છજા કવિ શ્રી અવિનાશ મહેતા 'અજય' કયોં અયોં ને ચોપડી પ ભનાઈ પધરી કયોં અયોં, તેડો મૂંકે ખ્યાલ આય.

કચ્છી અનુવાધ મેં સામાહિકેં જો ફાળો :-

'વાધોડ' કચ્છી ભાષા જો ત્રિમાસિક જેંજા તંત્રી ઐયેં-મણીલાલ ગાલા. સતત કચ્છી સાહિત્ય ભેરા જીંએતા. ઈની વટાનું પાંકે અઆં ગુન્ધ શીખે જો આય ને સાહિત્ય ગિનેજો આય એડી મુંજી જાણકારી આય. ઈતરે અનુવાધ જી નોંધ હિતે રખાંતો. મણીલાલ જા ઈન ઉપરાંત ઘણે અનુવાધ પ હુંધા જેજી ખાતરી આય. અનુવાધ જી ડિસ મેં અજ જે વખત મેં પાં ન્યારીયું ત 'વાધોડ' જે તંત્રી જો પ્રદાન ઉડી ને અખીયેં વડગે તેડો આય.

મણીલાલ ગાલા 'વાધોડ' કે માધ્યમ ભનાઈ અંગ્રેજી લેખકેંજી કચ્છ ડિયાંજી કલમ કે પાં તઈ પુજાયા ઐયોં. જેમેં જેમ્સ મેકમડો જે સાહિત્ય કે 'કચ્છ ડેસ જો વેરતાંત' કચ્છી અનુવાધ 'વાધોડ' અંક-૧, ૪-સને ૨૦૦૦ મેં છાપ્યો અયોં ને ૨૦૦૩ મેં ચોપડી જે રૂપે પ પ્રગટ કયોં અયોં. અંગ્રેજી લેખક જયોર્જ ગેરીસન જો લિખલ 'લિંગ્વિટિસ્ક સર્વે ઓફ ઈન્ડિયા' જો કચ્છી ભાષા મેં શ્રી મણીલાલ ગાલા 'વાધોડ' જે સને ૨૦૦૦ જી સાલ જે અંકમે સજે સજો કચ્છી અનુવાધ કયોં અયો. ગુજરાતી લેખક શ્રી પ્રબોધ પંડિત લિખિત લેખ જો પ ગાલા 'અજ જી કચ્છી ભાષા જા મુર' મથાડે હેઠ 'વાધોડ' જે એપ્રિલ, જૂન-૨૦૦૦ જે અંક મેં અનુવાધ પ્રગટ કયોં અયોં.

'વાધોડ'જે એપ્રિલ, મે-૨૦૦૨ જે અંકનું ગુજરાતી ભાષા જે બરૂકે સર્જક ધરૂ ભટ્ટજી ગુજરાતી લમીં આખાણી જો શ્રી કિશોર શાહ 'ધરીએ વટે પારૂં ખણધલ માડુ' જો કચ્છી અનુવાધ કયોં અયોં, ત મણીલાલ ગાલા રશિયન લેખક તારકોવ્સ કી આન્દરે જી નોંધપોથી જો 'કાર મેન્ટો કાર' જો ભાવાનુવાધ 'વાઘોડ' જે ૨૦૦૨ જે અંકેં મેં કયોં અયોં.

'વાધોડ' જડેનું છપાયજી ચાલુ થઈ આય તડેનું કચ્છી ભાષા કે ગુન્ધ અનુવાધ મલ્યા ઐં. ભા મણીલાલ ગાલા ધુનિયાજી ખાસે મેં ખાસી સાહિત્ય રચના જો આસવાડ઼ કરે પોઆ ઈનજો કચ્છી અનુવાધ 'વાધોડ' મેં પ્રગટ કરીએંતા જુકો ભારી લાટ ગાલ આય.

★ મણીલાલ ગાલા પોઆ અનુવાધ જી ડિશ મેં યાધ કરીંધા રોંધાસી એડા ઐઈ 'કચ્છમિત્ર' જી 'ધિલજી ગાલ્યું' જા સંપાદક ને કચ્છી ભાષા જા વિધવાન કવિ/લેખક/વિવેચક શ્રી જયંતિ જોશી 'શબાબ'. શ્રી 'શબાબ' પ 'ધિલ જી ગાલ્યું' જે માધ્યમનું ગુન્ધ બૈંઈ ભાષાએ જે સાહિત્ય જો કચ્છી સાહિત્ય કે અનુવાધ કરી ડિનો અયોં, 'શબાબ' સાહેબ સંસ્કૃત, હિન્ધી ને અંગ્રેજી જા માહેર હુંધે અઆ પ કચ્છી ભાષા કે ભારી અનમોલ સાહિત્ય મિલધોં તેંજી પ ઉમીધ આય. શ્રી 'શબાબ' જે સાહિત્ય જી ગાલ કેણી ઈતરે 'સીંજ કે ડિયો' વતાય જેડી ગાલ આય. કચ્છી ભાષા કે અજ ડિ તૈંઈ જીરી રખે મેં શ્રી 'શબાબ' સાહેબ જો મહત્વ જો ફાળો યો આય, ભલે 'કચ્છમિત્ર' માધ્યમ ભન્યો પ સંપાદન કેણું સેં પ ભારી ઓખી ગાલ આય. કવિ શ્રી જયંતિભા 'કુંજલ જી કુણકાર' મેં શ્રી રવિશંકર જોશી (બાબુ મહારાજ) લિખિત ગુજરાતી સાહિત્ય જો 'વિચિત્તર આદિવાસી' મથાડે ૨૦૦૦નું ૨૦૦૩ તૈંઈ અનુવાધ કયોં અયો, જૂકો નોંધનીય ગાલ આય.

અનુવાધ લિખિ ને પધરો કૈંઈધલ જી ગાલ અઆ પાં કરીંધાસી પ ગુજરાતી મ્યાંનું કચ્છી અનુવાધ કચ્છી આકાશવાણી ભુજ મથાનું પ્રસારણ કરીંધલ શ્રી બિપિનભાઈ ધોળકિયા કે યાધ ન કરીયાં ત તાં પાં ન ગુણા લેંખાજો. શ્રી બિપિનભાઈ ધોળકિયા ૧૯૬૫નું આકાશવાણી ભુજ મથાંનું ગુજરાતીજો કચ્છી અનુવાધ કરીંધા હુવા. પેલા સ્થાનિક સમાચાર, નાટક ને ચર્ચાએં જો કચ્છી અનુવાધ બિપીનભાઈ કયોં અયોં જેંજી સ્ક્રીપ્ટું આકાશવાણી ભુજ મેં ન્યારી શકાજેતીયું.

'કુંજલ જી કુણકાર' પાં મિડે વાંચીયું જ તા. 'કુંજલ..' જા તંત્રી શ્રી માધવ જોશી 'અશ્ક' ગુજરાતી સાહિત્ય જા સર્જક ને પાંજા કચ્છી માડુ એડા ડો. ધીરેન્દ્રભાઈ મહેતા જી ગુજરાતી કૃતિ જો કચ્છી અનુવાધ 'આઉં ઉનકેં ન્યારીયાં તેનું મોંધ' મથાડે હેઠ લાટમાટ કચ્છી અનુવાધ કરીએતાં. ભેરાભેર આંકે ચૈંઈ ડિયા ક માધવ જોશી 'અશ્ક' સતત કચ્છી ભાષા લા વિચારીંધલ સર્જક ઐંઈ. ઉની 'કુંજલ...' મેં જ ડો. ગુલાબ દેઢિયા જે ગુજરાતી 'સુંગધ પર્વ' જો કચ્છી અનુવાધ કયોં અયોં. માધવ જોશી અઆ પ ગુન્ધ અનુવાધ કયોં હુંનો પ મૂંકે જાણ બાર હુંધે હીંતે વધારે કીં ચૈઈ શકા નથો,

કચ્છી અનુવાધ મેં ડો. વિશનજી નાગડા જો કમ લાટ આય. ૧૯૯૪ મેં પિંઢ જો જ ગુજરાતી લેખ કચ્છી અનુવાધ કરી કુંજલ મેં પ્રગટ કયોં. જેંજો મથાડો હુંવો 'કચ્છી લોકસાહિત્ય મેં મી' હી ગુજરાતી લેખ જન્મભૂમિ પૂર્તિ મેં ૧૦-૭-૯૪ જો છપાણું હુંવો.

કચ્છી સાહિત્ય સભા અષાઢ બીજ અંક પ્રગટ કેં હુંવે જેજો સંપાદન પાંજા વિધવાન સાહિત્યકાર સર્વશ્રી વ્રજ ગજકંધ, માધવ જોશી 'અશ્ક' ને ધનજી ભાનુશાલી હુંવા. ઈની સંપાદકે પ હીન અંક મેં ગુજરાતી સાહિત્ય જો કચ્છી અનુવાધ કયોં અયોં. જે મેં હરેશ ધોળકિયા જો લેખ ઉલ્લેખનીય આય. શ્રી માવજીભાઈ સાવલા જે વડપ હેઠ 'કચ્છ કલામ' જો ખાસ અનુવાધ વિશેષાંક પ્રગટ થયો આય.

'વિકાશશીલ કચ્છ' પ કચ્છી ભાષા વિશેષાંક પ્રગટ કેં આય જેમે ગુજરાતી વાર્તાએં જો કચ્છી અનુવાધ પ્રગટ કરે મેં આયો આય,

ગુજરાત જા લોક સાહિત્યકાર ને રાષ્ટ્રીય શાયર એડે ઝવેરચંદ મેઘાણી જી અમર સાહિત્ય કૃતિ 'માણસાઈ ના દિવા' જો કચ્છી અનુવાધ ગૌત્તમ જોશી કયોં અયોં. ઈ અનુવાધ મુંબઈનું પ્રકાશિત પગદંડી માસિક

૧૯૯૭નું ઓગસ્ટ-૨૦૦૦ ચાર વરે તૈંઈ ધારાવાહિક રૂપે છપાણું પોય શ્રી નારાણભાઈ લાંછાણી ઈન અનુવાધ કેં 'માણસાઈ જા ડિયા' મથાડે ચોપડી ભનાઈ ફેબ્રુઆરી-૨૦૦૩ મેં કચ્છી ભાષા જે પ્રચાર પ્રસાર લા વિના મૂલ્ય વિરાયો અયોં.

અનુવાધ મેં કચ્છી પાઠાવલી જો ફાળો :-

કચ્છી ભાષા સાહિત્ય કલા સંઘ જા પ્રમુખ શ્રી નારાયણ જોશી 'કારાયલ' કચ્છી ભાષા જા પાઈયા મજબુત કરેલા કમ કરીએતાં. ઈની 'કચ્છી પાઠાવલી' જો હિન્ધી-અંગ્રેજી ને ગુજરાતીએલા સર્જન કયોં અયોં. જાણ-સુજાણ નાલેજી પરિક્ષાઉ રખી કરે બઈ ભાષાએં જે વર્ગ કે કચ્છી ભાષા ડિંયા વારેજી, જાણકારી ડિંનેજી કોશિશ કરી રર્યા ઐઈ. ત કચ્છી ભાષા જો પરિચય કરાઈંધલ જી મેનથ કે અભિનંદન ડિણા ખપેં. ઈન પાઠાવલી જો યોગદાન અનુવાધ કરીંધલ લા મૂંકે ખાસો લગેતો, કુલા ક સચોટ અનુવાધ ભાષાજી જાણકારી પોયજ થઈ શકેતો. અકાદમી કે પ વિનાંતી શ્રી પ્રતાપરાય ત્રિવેદી, દુલેરાય કારાણી, મણીલાલ ગાલા ને અન્ય વિધવાન જે સાહિત્ય ને શબ્ધેંજો સહકાર ગિની 'શબ્દકોષ' જો નઉં પ્રકાશન કરીએં ત અનુવાધ કરીધલેં કે અનુવાધ મેં શબ્દ અશલ મૂર જા મિલી રેં. પાં વટે સ્વ. કારાણી બાપાને શ્રી પ્રતાપરાય ત્રિવેદી, મણીલાલ ગાલા વગેરે જા શબ્દકોશ ઐંઈ પ આઉં જાણાતોં તીં હેવર શબ્ધકોશ ઉપલબ્ધ નૈઈ. બ્યું આવૃતિયું પ પધરીયું કયું ખપે.

અનુવાધ જી ડિશ મેં પાં ન્યાયોં ક કચ્છી ભાષા વાંજણી નાંય. ૧૮૩૪નું અજ ડિં તૈંઈ વિવિધ ક્ષેત્રો મેં કચ્છી ભાવાનુવાધ થયા ઐંઈ અને અઆ પણ થીંધા રોંધા.



**કિરણ ઠક્કર**



મો. ૯૮૨૫૩ ૪૦૫૫૬

મો. ૯૮૨૫૩ ૪૪૫૧૭

ફોન : ૦૨૮૩૨ ૫૭૨૩૫૦



# આકૃતિ ટ્રાન્સપોર્ટ


**કાર્ટીંગ કોન્ટ્રાક્ટર એન્ડ કમીશન એજન્ટ**
**(સર્વિસ ઓલ ઓવર ઈંન્ડિયા)**

**: ઓફિસ :**
૨૦૧, શાંતિ ચેમ્બર્સ, રજા માળે,
સ્ટેશન રોડ, ભુજ-કચ્છ-૩૭૦ ૦૦૧

**: નિવાસ :**
૨૬૫, જુની ઉમેદનગર કોલોની,
ભુજ-કચ્છ.

# જનજાગૃતિના અભાવે પ્રજાકીય પરેશાની

## કચ્છના લક્ષ્મીચંદનો વ્યાપક સ્વરૂપની જનહિત સંસ્થા સ્થાપવા વિચારે



શશીકાંત એમ. ઠક્કર
નિવૃત નાયબ ડીડીઓ

લોકશાહી રાજ્ય વહીવટમાં પ્રજા પોતાના પ્રતિનિધિ એટલા માટે ચૂંટી મોકલે છે કે જેથી પ્રજાહિતના કામો વહીવટી તંત્ર, રાજ્ય કે કેન્દ્રસ્તરેથી આ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સુચારૂ રૂપે ઉકેલી સાથે સામાન્ય પ્રજાજન પોતાના દૈનિક રોજીરોટીના જીવનમાંથી બહાર આવી શકતો નથી ત્યારે સાર્વજનિક જનહિતના કામો માટે તેની પાસેથી સંગઠનાત્મક સ્વરૂપે કાર્યવાહી કરવાનું અપેક્ષિત હોતું નથી. પરંતુ કમનસીબે છેલ્લા કેટલાંક વર્ષોથી દેશના રાજકીય વાતાવરણમાં એવો અને એટલો પલટો આવ્યો છે કે જેના પરિણામે મોટા ભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ ચૂંટાયા પછી જનહિતના સાર્વજનિક સ્વરૂપના કામોને ભૂલી જાય છે અને વ્યક્તિગત અગર પક્ષાપક્ષીના કામોમાં સમય બગાડે છે. આમ છતાં પણ પ્રજા જાગૃતિ દાખવવામાં આવે તો ચૂંટાયેલા પ્રતિનિધિઓને કાર્યાન્વિત કરવામાં થોડેઘણે અંશે પણ સફ઼તા મળે.

છેલ્લા એકાદ માસમાં બહાર આવેલા સમાચારો ઉપર ઉડતી દૃષ્ટિ પણ કરવામાં આવે તો જનજાગૃતિના અભાવે કંઈ કેટલીયે ગંભીર બાબતો તરફ જોઈએ તેવી સંવેદનશીલતા દેખાતી નથી. આવા કેટલાક ઉદાહરણો અત્રે એટલા માટે પેશ કરવાનો પ્રયત્ન કર્યો છે કે પ્રજાજીવનમાં પડેલી સંસ્થાઓ અને વગદાર નાગરિકોની આવા પ્રશ્નો તરફની સંવેદના ઉભી થાય અને તેઓ સંબંધિત સ્તરના ચૂંટાયેલા પ્રતિનિધિઓને કાર્યાન્વિત કરવામાં મદદરૂપ થાય.

સેવા બદલ કોટડીનો શિરપાવ

કચ્છ અને મુંબઈ વચ્ચેના રેલવે વ્યવહારમાં એટલી પરેશાની છે કે જેનો અનુભવ લગભગ બધાને થયો હશે. આ પરેશાની થોડીક ઓછી કરવાના હેતુથી મુંબઈના કચ્છી કાર્યકરોએ દરરોજ સયાજીનગરી ટ્રેનના ઉપડવાના સમય અગાઉ રેલવે સ્ટેશને જઈને રીઝર્વેશન વગરના બધા ઉતરૂઓને વારાફરતી વ્યવસ્થિત બેસાડવા માટેની વ્યવસ્થા રેલવે સ્ટેશને કરવાની ગોઠવણ કરી હતી. આથી રેલવેના સ્થાનિક અધિકારી કર્મચારીઓ અને મજુરોની કટકી અને ઉતારૂઓનું શોષણ બંધ થવા પામ્યું હતું. આથી તેમણે કાવતરૂં કરી ‘રેલવેની કામગીરીમાં આ લોકો વિના પરવાનગીએ દખલ કરે છે’ તેમ કહી આ કાર્યકરોની અટક કરાવી તેમના ઉપર કેસ ઠોકી દીધા. આ એક એવો અન્યાય છે કે જેનાથી દરેક માનવીનું લોહી ઉકળી ઉઠવું જોઈએ પરંતુ આ સમાચારો બહાર આવ્યા બાદ તે અંગે પ્રજાકીય પ્રતિનિધિઓની કોઈ પ્રતિક્રિયા જાણવા મળી નથી. એટલું જ નહી પણ છાસવારે સુલ્લક બાબતો પર નિવેદનો ફટકારતા ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પણ આ બાબત તરફ ગંભીરતાથી લક્ષ આપ્યું નથી.

દર્દીઓને અંધાપાની ભેટ

ભુજની જનરલ હોસ્પિટલમાં આંખના મોતીયાના ઓપરેશન દરમ્યાન થયેલ કોઈક બેદરકારી અગર ભૂલના પરિણામે ચાર દર્દીઓની આંખની રોશની ચાલી ગઈ. વર્તમાનપત્રમાં સમાચાર આવ્યા પછી રાજ્ય કક્ષાએથી તપાસ ટીમ આવી અને ગઈ શું તપાસ કરી, શું કારણ જાણવા મળ્યું, કોણ જવાબદાર હતા તેવી કોઈપણ માહિતી પ્રજાને અપાઈ નથી.આથી ઉલ્ટું આંખ ગુમાવનાર દર્દીઓને પણ આ સમિતિએ કંઈ પુછયું નથી કે તેમને મળીને આશ્વાસન આપવાનું પણ સૌજન્ય દાખવ્યું નથી તેવી વાત પણ વર્તમાનપત્રોમાં બહાર આવી. આમ છતાં કોઈ પ્રજાકીય પ્રતિભાવ નહીં, કોઈ સંવેદનશીલતા નહીં, કોઈ જવાબદેયી નહીં. આંખ ગુમાવનાર કોઈ ધારાસભ્ય કે સાંસદનો સગો હોત તો ? ગરીબકી જોરૂ સબકી ભાભી ?

ભૂકંપ વીમો

ભૂકંપ પછી સરકારે ચૂકવેલ સહાયની રકમમાંથી દરેક મકાન દીઠ રૂા. ૩૦૦થી ૩૫૦ જેટલી રકમ ભૂકંપ વીમા પેટે કાપી લેવામાં આવી છે. આ વીમાનું કામ રાજ્ય કક્ષાએથી કોઈ ટોકીયો કંપનીને આપવામાં આવ્યું છે. આ કંપનીએ વીમાના પ્રીમીયમની રકમ ગુપચાપી લીધી છે પણ વીમાની પોલીસીઓ આપી નથી. આ અંગે વર્તમાનપત્ર દ્વારા ઉહાપોહ પછી માત્ર એક અંજાર તાલુકા પંચાયના તત્સમયના પ્રમુખે સરકારને અને જિલ્લા પંચાયતને આ બાબત પગલાં લેવા લખેલ તેવી જાહેરાત થઈ હતી.

પરંતુ તે સિવાય કોઈ ચૂંટાયેલા પદાધિકારીના પેટનું હાલ્યું નથી. ન કરે નારાયણ ને ફરીથી ભૂકંપ આવશે અને તેમાં આવા વીમાવાળા મકાનોને નુકશાન થશે તો પોલીસીના અભાવે કલેમ મળશે ? સમયસર પોલીસીઓ દરેક વ્યક્તિને અપાઈ જાય તેવી અવસ્થા રાજ્ય કક્ષાએથી કરાવવાની ફરજ ધારાસભ્યોની નથી ?

વિકેન્દ્રીકરણ

વહીવટીતંત્રમાં સત્તા અને અધિકારોનું વિકેન્દ્રીકરણ કરવાની રાજયની ઘોષિત નીતિ છે પરંતુ વાસ્તવમાં તમામ સત્તા અને અધિકારો ધીમે ધીમે કેન્દ્રીકૃત થતા રહ્યા છે. રાજ્ય સરકારે નીતિ વિષયક નિર્ણયો લેવાના હોય છે અને તે નીતિની મર્યાદામાં રહીને વ્યક્તિગત કેસોનો નિકાલ સ્થાનિક તંત્રે કરવાનો હોય છે. થોડા દિવસ પહેલાં જ રાજ્યના મંત્રીશ્રીએ વહીવટમાં વિકેન્દ્રીકરણના પગલાં લેવાઈ રહ્યા હોવાની જાહેરાત કરી હતી. આમ છતાં વ્યવહારમાં નાની નાની બાબતો માટે પ્રકણો મોકલતા રહેવા પડે છે. જ્યાં રાજકીય મહાનુભાવોને અસરકર્તા બાબતો હોય ત્યાં વિકેન્દ્રીત વ્યવસ્થા થાય છે અને તે સફળ પણ બને છે

તેનો દાખલો નવી શરતની જરૂતોને જૂની શરતમાં ફેરવવાની ઝુંબેશ ચાલી તે આપી શકાય. આજ પ્રવૃતિ અન્ય બાબતોમાં પણ અપનાવાય તેવી જાગૃતિ પ્રજાકીય પ્રતિનિધિઓ પાસેથી અપેક્ષીત છે.

વિવિધ વીમાયોજનાઓ

રાજ્ય સરકારની જુદી જુદી યોજનાઓ તળે જુદા જુદા વર્ગોના લોકો માટે વીમા યોજનાઓ અમલમાં લાવવામાં આવી છે. આ વીમા યોજનાઓના પ્રીમીયમ રકમ રાજ્ય કક્ષાએથી નિયત થયેલ વિમા કંપનીને જે તે વર્ગ જૂથના લોકોની રાજ્યભરની સંખ્યાના હિસ્સાબે ચૂકવાઈ જાય છે પરંતુ આ કંપનીઓ ત્યાર પછી સંબંધિત વર્ગ જૂથના લોકોને કલેમ દાખલ કરવા માહિતિ કે માર્ગદર્શન આપતી નથી અને જયાં કલેમ થાય છે ત્યાં પણ તે મહામુશ્કેલીએ મંજૂર થાય છે. આવી વીમા યોજનાઓ માટે વર્ષવાર કેટલી રકમનું પ્રીમીયમ અપાય છે અને તે સામે કેટલી રકમના કેટલા કલેમ વીમા કંપની ચૂકવે છે તેના આંકડા જાહેર કરી આ બાબત મૂલ્યાંકન કરવાની જરૂર છે. આ અંગે ચૂંટાયેલા પ્રતિનિધિઓનું જાહેર રીતે ધ્યાન દોર્યા છતાં કોઈએ આ બાબત કાર્યવાહી કરી હોય તેવું બહાર આવ્યું નથી.

અત્રે એ સ્પષ્ટતા કરવા પત્ર છે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓના કામ બાબતમાં ટીકાટીપણ કરવાનો અત્રે આશય નથી અને તે માટે આ લેખક સક્ષમ પણ નથી. સંભવ છે કે કાર્યશીલ પદાધિકારીઓ આવી બાબતો વિશે કાર્યવાહી કરતા પણ હશે પરંતુ તેની જાણકારી જાહેર ન થાય તો સામાન્ય પ્રજાજનને તે વિષે અંદેશો રહ્યા જ કરે એ સ્વાભાવિક છે પ્રજાને રોજબરોજ કનડતા પ્રશ્નો અંગે તેમની સંવેદના જાગૃત થાય અને સામાન્ય જનસમાજ આવી બાબતોમાં જાગૃતિ કેળવી તેમને કાર્યન્વીત કરવાનો પ્રયત્ન કરવા તરફ વર્ષ તેટલોજ આ લેખનો હેતુ છે. કચ્છી દાતાઓ પ્રસંગોપાત થતા કાર્યક્રમો, સેમીનારો વગેરે માટે અઢળક દાન આપે છે પરંતુ એક વખત આ દાતાઓએ કચ્છના જનહિતના સાર્વજનિક સ્વરૂપના આવા પશ્નો ઉઠાવવા માટે એક વ્યાપક સ્વરૂપની કચ્છમાં સ્વૈચ્છીક સંસ્થા ઉભી કરી તેમાં જુદા જુદા વિષયના તજજ્ઞોને જરૂર પડે ત્યાં સવેતનીક રીતે રોકી આવા વિવિધ પ્રશ્નો અંગે સંશોધનાત્મક પેપરો તૈયાર કરાવવા અને પ્રશ્નોના ઉકેલ માટે જરૂરત મુજબ રાજકીય અને કાનૂની પ્રક્રિયાઓ હાથ ધરાવવાનો વ્યાયામ ગોઠવવા વિચારવું જરૂરી નથી. ?

## મેડિકલ ટુરિઝમ (પાના ૩૩થી ચાલુ)

અને હોસ્પિટલોની આંધળી કમાણી કરવાની દાનતને કારણે આપણા દેશમાં આરોગ્ય સેવાઓ અત્યંત ખર્ચાળ બની ગઈ છે. આપણા દેશની ૯૦ ટકા પ્રજાને આવી ખર્ચાળ સારવાર પરવડે તેમ ન હોવાથી આજે મોટા ભાગની પ્રજા આયુર્વેદ અને હોમિયોપથી જેવી વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ તરફ વળવા લાગી છે. આ સંયોગોમાં કરોડો રૂપિયા ખર્ચીને ખરીદવામાં આવેલા મશીનો કાટ ન ખાઈ જાય તે માટે હવે મેડિકલ ટુરિઝમનું ગતકડું ઉભું કરવામાં આવી રહ્યું છે.

મેડિકલ ટુરિઝમના રવાડે ચડેલી હોસ્પિટલોમાં અને ફાઈવ સ્ટાર હોટલોમાં હવે કોઈ જ ફરક રહ્યો નથી. આ હોસ્પિટલો વિદેશી દર્દી માટે પંદર દિવસનું પેકેજ રાખે છે, જેમાં આઠ દિવસ હોસ્પિટલમાં ગાળવાના હોય છે અને એક સપ્તાહ સાઈટસિઈંગમાં પસાર કરવાનું હોય છે, જેમાં આગ્રાના તાજમહેલની મુલાકાતનો પણ સમાવેશ થઈ જાય છે. ભારતની સરકાર આપણી કુલ રાષ્ટ્રીય આવકના માત્ર ૦.૯ ટકા રકમ જ સાર્વજનિક આરોગ્ય પાછળ ખર્ચી રહી છે ત્યારે માત્ર શ્રીમંતોની સારવાર કરવા માટે જ નફાના આશયથી આલિશાન હોસ્પિટલો ઉભી કરવાના ટ્રેન્ડ જોર પકડી રહ્યો છે. આ હોસ્પિટલોમાં મલ્ટીનેશનલ કંપનીઓ કરોડો રૂપિયાનું રોકાણ કરે છે અને હવે તો તેમાં વિદેશી ડોકટરોની પણ મોટા પાયે ભરતી કરવામાં આવી રહી છે. આ હોસ્પિટલો વીજળી, પાણી, રસ્તાઓ વિગેરે આપણી માળખાકીય સુવિધાઓ ઉપર વધારાના બોજા સમાન બની જાય છે. આવી જ હોસ્પિટલોની વધતી સંખ્યાને કારણે આપણા દેશમાં ચિકિત્સાનું ક્ષેત્ર હવે ગરીબ અને મધ્યમ વર્ગની પહોંચ બહારનું બની ગયું છે.

વિદેશી દર્દીઓ આપણા દેશમાં સારવારના બહાને મોટા પ્રમાણમાં આવશે તો તેઓ પોતાના દેશની અનેક ચેપી બીમારીઓના જંતુઓ પણ પોતાની સાથે લેતા આવશે. આ જંતુઓ તેઓ માટે જ્યાં જ્યાં જશે ત્યાં સાથે લેતા જશે. આપણા દેશમાં એઈડ્સ જેવી બીમારીઓ વિદેશીઓના વધુ પડતા આવાગમનને કારણે જ ઝડપથી ફેલાઈ રહી છે. હવે માંદા વિદેશીઓ આપણા દેશમાં અનેક નવી સંક્રામક બીમારીઓનું આસાનીથી પ્રસારણ કરી શકશે. શારિરીક બીમારીઓ કરતાં પણ વધુ નુકશાન તો સાંસ્કૃતિક બીમારીઓના ફેલાવાથી થશે. વિદેશીઓ જે જે પ્રદેશોમાં જાય છે. ત્યાં ત્યાં દારૂ, ડ્રગ્સ, ધુમ્રપાન, જુગાર, વેશ્યા વ્યવસાય, ફ્રી સેકસ, જાહેરમાં બિભત્સ વર્તન વગેરે સાંસ્કૃતિક પ્રદુષણમાં ભારે ઉછાળો આવતો હોય છે. મેડિકલ ટુરિઝમ વધશે તેમ આપણા દેશમાં કલ્ચરલ પોલ્યુશન પણ વધશે જ. મેડિકલ ટુરિઝમમાંથી આપણા દેશની ફાઈવ સ્ટાર હોસ્પિટલો જે થોડીઘણી કમાણી કરશે તેની આકરી કિંમત તો દેશની સમગ્ર પ્રજાએ જ ચૂકવવાની આવશે. મેડિકલ ટુરિઝમનો ફાયદો કેટલાક શ્રીમંતોને અને મલ્ટીનેશનલ કંપનીઓને જ થશે.

આપણી સરકારોને તો મેડિકલ ટુરીઝમનો એવો મોહ જાગ્યો છે કે મહારાષ્ટ્ર સરકારે તો તેને પ્રોત્સાહન આપવા માટે મહારાષ્ટ્ર મેડિકલ ટુરિઝમ કમિટિ નામની સંસ્થાની સ્થાપના કરી છે. આ સમિતિના એક સભ્ય ડો. અનુપમા વર્મા કહે છે કે, મેડિકલ ટુરિઝમ વિના કેટલીક હોસ્પિટલો તેમણે ખરીદેલ મોંઘાદાટ સાધનોની કિંમત પણ વસૂલ કરી શકે તેમ નથી. આપણા દેશની હોસ્પિટલો એવી ખર્ચના ખાડામાં ઉતરી ગઈ છે કે આ ખર્ચ સરભર કરવા માટે હવે તેમણે વિદેશી દર્દીઓના ઓવારણાં લેવા પડે છે.

આને મૂર્ખાઈ ન કહેવાય તો શું કહેવાય ? વિદેશી દર્દીઓને આવકારવા માટે કમ્મરેથી બેવડ વળી જતી આપણી સરકારને અકાળે મરી જતાં દેશના કરોડો દર્દીઓના આરોગ્યની કેમ જરા જેટલી પણ ફિકર નથી ?

-શ્રેણિક શેઠ
(સમસ્ત મહાજન ફીચર્સ)

# મલીર નેચરલ ફાર્મ

નખત્રાણા તાલુકાના વિથોણ દેવપર માર્ગ પર આવેલા ''મલીર નેચરલ ફાર્મ''માં નિજી શોખને પોષવા માટે સમગ્ર કચ્છમાં રખડી ભટકીને એકત્ર કરાયેલા ધરતીના કણકણમાં ધરબાયેલા અમુલ્ય અશ્મિઓનું અનોખું મ્યુઝિયમ તૈયાર કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમમાં ૫૦૦૦ જેટલા બેનમૂન નમૂનાઓનો સંગ્રહ જોવા મળે છે.



પી. જી. સોની ''દાસ''
ભુજ

આ અદ્‌ભૂત અશ્મિઓના સંગ્રાહક મોહનસિંહ સોઢાએ છેલ્લા ત્રીસ વર્ષથી સમગ્ર કચ્છમાં તેમાંય ખાસ કરીને અબડાસા-લખપત તાલુકાની ધરતીના નદી, નાળાં, ડુંગરો, કોતરો, ભેખડો અને દરિયા કાંઠાથી છેક રણના ખારાપાટ સુધીના વિસ્તારમાં રઝળપાટ કરીને અતિ પ્રાચિન અશ્મિઓ એકઠા કર્યા છે. જેમાં ડાયનાસોરના ઇંડા અને હાડપીંજરથી સમુદ્ર જીવોના શંખછીપલાં વિ. તેમજ જાતભાતની વનસ્પતિઓ, પ્રાચીન સમયના ફળફુલ હડપ્પન સંસ્કૃતિના અવશેષો બુદ્ધ અને ગણેશજીની પ્રાચીન મૂર્તિઓ અનેક જાતના સુરીસર્પ વર્ગના પ્રાણીઓના અશ્મિઓ, રાની પશુઓના હજારો વર્ષ પુરાણા હાડકા, ખોપરીઓ તેમજ જળચર, નભચર અને થળચરના નાના મોટા જીવ જંતુઓ અને કિટકોથી ઝળવાયેલા અશ્મિઓનો સમાવેશ થાય છે.

એકત્રિત કરાયેલા નમૂનાઓને ફેસિલ્સના આધાર ભૂત પુસ્તકોમાં આપેલ વિગતો સાથે સરખાવી કચ્છના ઈતિહાસ અને સંસ્કૃતિની ઝાંખી આ નમૂનાઓથી થઈ શકે છે. શ્રી સોઢાના જણાવ્યા પ્રમાણે તેમની પાસે ૫૦થી ૬૦ કરોડ વર્ષનો કચ્છનો ઈતિહાસ રજૂ કરતા નમૂનાઓ છે. તેમના જણાવ્યા અનુસાર વિશ્વના ૮૦ ટકા અશ્મિઓ કચ્છમાંથી મળે છે અને કચ્છમાં આવા જીવ અશ્મિઓનું વિપુલ વૈવિધ્ય જોવા મળે છે. કચ્છ પુરાણ પ્રસિદ્ધ પ્રદેશ છે, પૃથ્વીના લાંબા ઈતિહાસ દરમ્યાન વનસ્પતિ અને જીવોના દેહના ભાગો આકસ્મિક રીતે પલટાઈ જઈ સુરક્ષિત પડયા રહે છે અને કાળક્રમે તેના પર ખડકનો થર રચાતાં આ જીવોના અવશેષોના કઠણ ભાગો ધીમે ધીમે જીવ પરના સિલીકા ચુનો કે અન્ય પદાર્થ લઈ લે જેને બીજા શબ્દોમાં કહીએ તો જે-તે પ્રાણી કે વનસ્પતિ બિબાંઢાળ આકૃતિ બની જાય.

આ તમામ સંગ્રહમાં ઉડીને આંખે વળગે તેઓ નમૂનો કચ્છના નકશાનો છે. કચ્છનો આબેહૂબ નકશો અશ્મિ સ્વરૂપે પથ્થરમાં જડાઈ ગયો છે. ઉપરાંત રમિપથ્થર, મધનો મિનારો, વિગેરેથી પ્રાચિન, અર્વાચિન, કુદરતી અને માનવ સર્જીત નમૂનાઓ બખૂબી પ્રદર્શિત કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મોહનસિંહ સોઢા ૧૯૭૧માં ભારત પાકિસ્તાનમાં યુદ્ધ પછી શરણાર્થીની હેસિયતથી કચ્છમાં આવ્યા છે અને વિથોણના સિમાળે પોતાની ૨૫ એકરની વાડીમાં નિવાસ કરે છે. આ વાડીમાં પર્યટકોને રહેવા માટે સોઢાઓની જીની સંસ્કૃતિના પ્રતિક ગણાતા ભૂંગાઓ પણ બનાવેલા છે.જે પ્રાચિન ધરતીમાં આવા ભયાનક ભૂકંપો આવી શકે છે, એજ કચ્છની ધીંગીં ધરામાં ધરબાયેલા કરોડો વર્ષ પહેલાંના જીદા જીદા કાળના પ્રાણી અને વનસ્પતિના દુર્લભ અને અમૂલ્ય અશ્મિઓનો ભંડાર જોવો હોય તો ભુજ-લખપત હાઈવે પર ભુજથી ૪૫ કિ.મી. દૂર અને ફક્ત ૪૦ મીનીટના અંતરે વિથોણની વાટે આવેલા ''મલીર નેચરલ ફાર્મ''માં મિત્રો સાથે જવું પડે.

વાવડના તંત્રી રામ કરશનદાસ ઠક્કરને
ફુલશંકર એવોર્ડ મળવા બદલ
હાર્દિક શુભેચ્છા......

## રોટરી કલબ ઓફ નખત્રાણા

પ્રેસીડેન્ટ શ્રી અર્જુન દેવસિંહ ચુડાસમા

સેક્રેટરી શ્રી રમેશભાઈ સોની

એવમ્ સમસ્ત મેમ્બરશ્રી

વાવડના તંત્રી રામ કરશનદાસ ઠક્કરને
ફુલશંકર એવોર્ડ મળવા બદલ
હાર્દિક શુભેચ્છા......

## વિથોણ ગ્રામ પંચાયત

સરપંચ બચુભાઈ નાયાણી

ઉપ સરપંચ ગંગારામ પદમાણી

તલાટી જી.એન. ગોસ્વામી.

વાવડના તંત્રી રામ કરશનદાસ ઠક્કરને
ફુલશંકર એવોર્ડ મળવા બદલ
હાર્દિક શુભેચ્છા......

# લખપત તાલુકા પંચાયત

**શ્રીમતી અનીતાબેન શાહ**
**પ્રમુખ**

**સુરેન્દ્રસિંહ હિંમત જાડેજા**
**ઉપપ્રમુખ**

**ઝુજારસિંહ ચૌહાણ**
**કારોબારી ચેરમેન**

**વાઘેલા સાહેબ**
**તાલુકા વિકાસ અધિકારીશ્રી**

# મેડિકલ ટુરિઝમનો રૂપકડો વ્યવસાય આપણા દેશની આરોગ્ય વ્યવસ્થાનું સત્યાનાશ કાઢશે

આપણા આર્ય દેશમાં વિદ્યાદાન અને આરોગ્યદાન એ બે સેવાના ક્ષેત્રો ગણાતા હતા. જેમની સમાજની માત્ર સેવા કરવાની જ ભાવના હોય તેવા વિદ્વાન અને સદાચારી પુરૂષો જ આ ક્ષેત્રમાં આવતા હતા. તેમનું લક્ષ્ય પૈસા કમાવાનું નહીં પણ સમાજની વધુમાં વધુ સેવા કરવાનું રહેતું હતું. આ બે ક્ષેત્રોમાં કોઈ વેપારી ગણતરીઓને કયારેય સ્થાન નહોતું. આ પ્રવૃતિમાંથી નફો કરવાની કે માલદાર બનવાની તો કોઈ કલ્પના પણ કરી શકતું નહીં. આજે આ બન્ને ક્ષેત્રોમાં સેવાનું સ્થાન વેપારે લીધું છે. શિક્ષણ સંસ્થાઓમાં ડોનેશનના દૂષણે પ્રવેશ કર્યો છે અને હોસ્પિટલ ચલાવવી તે એક ઉદ્યોગ બની ગયો હોવાથી મલ્ટીનેશનલ કંપનીઓએ પણ આ ક્ષેત્રમાં માત્ર નફો રળવાના જ હેતુથી પ્રવેશ કર્યો છે. આ કારણે આજે આરોગ્ય સેવાઓ એટલી ખર્ચાળ બની ગઈ છે કે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. આ પરિસ્થિતિમાં આપણી સરકારની ટુરિઝમને પ્રોત્સાહન આપવાની નીતિ આરોગ્ય સેવાઓને એટલી તો ખર્ચાળ બનાવી દેશે કે માંદા પડતા ગરીબો માટે તો મરણ સિવાય કોઈ વિકલ્પ જ બાકી નહીં રહે.

આપણી સરકાર એવી ધારણા રાખીને બેઠી છે કે ઈ.સ. ૨૦૧૨ની સાલમાં મેડિકલ ટુરિઝમનો વ્યવસાય એક અબજ ડોલરના આંકડાને વટાવી જશે. વિદેશથી આવતા માલદાર દર્દીઓની સેવા કરવા માટે હવે દરેક મોટી હોસ્પિટલોમાં ખાસ વિભાગો ખોલવામાં આવ્યા છે અને ખાસ અધિકારીઓની ઉંચા પગારે નિમણુંક કરવામાં આવી છે. ભારત સરકારે આપણા દેશમાં સારવાર કરવા આવતાં વિદેશીઓની સુવિધા માટે ખાસ મેડિકલ ટુરિસ્ટ વિસાની સવલત શરૂ કરી છે અને હોસ્પિટલોમાં અમેરિકાનું એક્રેડિશન મેળવવા માટે સ્પર્ધા ચાલી છે. મુંબઈ શહેરની અમુક હોસ્પિટલમાં તો ફોન કરવામાં આવે એટલે વોઈસ રિસ્પોન્સ સિસ્ટમ જ આપણને જણાવે છે કે તમે જો ભારતમાંથી ફોન કરતાં હો તો એક ડાયલ કરો, અન્યથા બે ડાયલ કરો. અનેક હોસ્પિટલો હવે ડોલરનો ફાલ લણવા માટે કાગડોળે વિદેશી દર્દીઓની રાહ જોયા કરે છે. ભારતના દર્દીઓમાં હવે તેમને રસ ઘટતો જાય છે.

ભારતમાં તબીબી સારવાર અન્ય શ્રીમંત દેશોની સરખામણીએ ભલે સસ્તી રહી પણ આપણા ગરીબ દર્દીઓને આજે ખાનગી હોસ્પિટલોમાં સારવારના જે ખર્ચાઓ આવે છે તે પરવડતા નથી. દાખલા તરીકે બ્રિટનમાં ખભાનું ઓપરેશન કરાવવું હોય તો તેનો ખર્ચ ૧૦,૦૦૦ પાઉન્ડ જેટલો આવે છે. ભારતમાં આ ઓપરેશન ૧,૭૦૦ પાઉન્ડ (આશરે એક લાખ રૂપિયા)માં થઈ જાય છે. બ્રિટનના દર્દીને આ ખર્ચ ઓછો લાગે છે પણ ભારતના ગરીબ કે મધ્યમ વર્ગના દર્દી માટે તો આ ખર્ચ બહુ જ વધારે છે. ભારતના મધ્યમ વર્ગનું એક કુટુંબ તો આટલી રકમમાંથી પોતાનું આખા વર્ષનું ગુજરાન ચલાવતું હોય છે. ભારતના દરવાજા મેડિકલ ટુરિઝમ માટે ઉઘાડા મૂકવાનો અર્થ થાય છે. આ ગરીબ દર્દીઓને શ્રીમંત વિદેશીઓ સાથે સ્પર્ધામાં ઉતરવાનું કહેવું. જે હોસ્પિટલોને આવા થોકબંધ વિદેશી માલદાર બકરાઓ મળતા હશે તેઓ આપણા દેશના દર્દીઓની તો સારવાર કરવાનું જ બંધ કરી દેશે.

તબીબી ક્ષેત્રના અત્યંત પ્રતિષ્ઠિત બ્રિટીશ મેડિકલ જર્નલમાં છપાયેલો એક લેખ કહે છે કે, ભારતમાં મેડિકલ ટુરિઝમનું જે ફુલગુલાબી ચિત્ર ઉભું કરવામાં આવ્યું છે, તેમાં દેશની દિનપ્રતિદિન કથળતી જતી આરોગ્ય સેવાઓની વાસ્તવિક્તાઓની ઉપેક્ષા કરવામાં આવી છે. આપણા દેશમાં ટી.બી. જેવી બિમારીને કારણે વર્ષે પાંચ લાખ લોકોના જીવ જાય છે અને સંગ્રહણીને કારણે ૬,૦૦,૦૦૦ લોકોના મોત થાય છે. આ ગરીબોની સારવારના પૈસા સરકાર પાસે નથી ત્યારે મેડિકલ ટુરિઝમનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા માટેના રૂપિયા સરકાર પાસે કયાંથી આવવાના છે ? એવો પ્રશ્ન તબીબી ક્ષેત્રના સેવાધારીઓ કરી રહ્યા છે. મેડિકલ ટુરિઝમને પ્રોત્સાહન આપવા માટે હવે મોટી મોટી કંપનીઓ માત્ર શ્રીમંત દર્દીઓ માટે જ આલિશાન હોસ્પિટલો ખોલશે, જેની ક્ષમતા ૧૦૦ પથારી આસપાસની જ હશે. હવે ગરીબોની વધુ સંખ્યામાં સારવાર કરવા માટે મોટી હોસ્પિટલો ખોલવામાં તેમને રસ જ નહીં રહે, એવો ડર પણ તબીબી ક્ષેત્રના આ સેવાધારીઓએ સતાવી રહ્યો છે.


આપણા દશમાં જ્યારથી એલોપથીની પ્રતિષ્ઠા વધવા લાગી ત્યારથી ચિકિત્સાના ક્ષેત્રમાં વેપારી ગણતરીઓ વધવા લાગી છે. એલોપથીના આરોગ્યશાસ્ત્રમાં દવાઓ બનાવતી મલ્ટીનેશનલ કંપનીઓની ભૂમિકા અગાઉથી જ સંશયાત્મક રહી છે. ખાસ કરીને ગરીબ દર્દીઓને નકામી દવા વેચીને નો રળવા માટે દાકતરોનો ઉપયોગ કરવાની બાબતમાં મલ્ટીનેશનલ કંપનીઓનો ખૂબ ભૂંડો રેકોર્ડ છે. આ મલ્ટીનેશનલ કંપનીઓએ આપણા દેશના તબીબોને પણ કમાણીનું વળગણ લગાડી તેમને ભ્રષ્ટ કરવાનું કાર્ય કર્યું છે. જે તબીબનું ધ્યાન દર્દીની નાડના બદલે તેના ખિસ્સા ઉપર હોય તે દર્દી માટે દેવદૂત નહીં પણ યમદૂત જ બની જાય. જે આજે હકીકતમાં બની રહ્યું છે. મલ્ટીનેશનલ કંપનીઓ દવાઓ ઉપરાંત પેથોલોજીના અને સર્જરીના અદ્યતન પણ મોંઘાદાટ સાધનોનો પણ અબજો ડોલરનો ધંધો કરી રહી છે.

ભારત જેવા ગરીબ દેશોની ઈસ્પિતાલો આવાં કરોડો રૂપિયાના સાધનોની ખરીદી કરે છે અને તેનો ખર્ચગરીબ દર્દીઓ પાસેથી વસૂલ કરે છે. મોંઘીદાટ દવાઓ, મોંઘાદાટ સાધનો, ડોકટરોની તગડી ફી

(વધુ માટે પાના ૩૦)

# શ્રી શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટ સંચાલિત મા આશાપુરા અંગ્રેજી ઉચ્ચતર માધ્યમિક શાળા
# કચ્છને તેમજ ગુજરાતને સમગ્ર એશિયામાં ગૌરવ અપાવનાર આ છે અમારા તેજસ્વી તારલાઓ







કુમાર રચિત છાયા

કુમારી કૃતિ ભીડે

કચ્છને અને ગુજરાતને ગૌરવ સમગ્ર એશિયામાં બોર્નવીટા ક્વીઝ કોન્ટેસ્ટમાં કોલકાતા ખાતે ભાગ લઈને મા આશાપુરા અંગ્રેજી શાળા ભુજ તથા કચ્છનું તેમજ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર આ બે વિદ્યાર્થીઓ કુમાર શ્રી રચિત છાયા તથા કુમારી કૃતિ ભીડેનું વાર્ષિક દિનની ઉજવણી પ્રસંગે જાહેરમાં તેમનું તથા તેમના માતા-પિતાનું તથા શિક્ષકોનું પણ સન્માન કરવામાં આવશે. આ બન્ને બાળકોનો તા. ૨૦-૧૧-૦૫ના સોની ટીવી ઉપર દેખાવ જોઈને કચ્છમાં કોઈપણ વ્યક્તિને તેમના પ્રત્યે માન ઉપજે. કારણ કે કચ્છમાં ભુજ ખાતે આવેલી મા આશાપુરા અંગ્રેજી શાળાનું નામ તથા કચ્છનું તથા ગુજરાતનું નામ સમગ્ર એશિયામાં રોશન કર્યું છે. કોલકાતા સાથે જનાર આ શાળાની શિક્ષિકા શ્રીમતી ગોપી ત્રિવેદી પણ અભિનંદનને પાત્ર છે.

કચ્છના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સવલતો ઘેર બેઠા મળે તેમજ કચ્છના વિદ્યાર્થીઓ રાષ્ટ્રમાં અને એશિયામાં કચ્છનું નામ રોશન કરે તે માટે ૧૯૯૩માં સ્થપાયેલી શ્રી શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટ આજે પાપા પગલી માંડતી છેલ્લા ૧૩ વર્ષથી કચ્છના બાળકોને અદ્યતન શિક્ષણ આપવા માટેના પ્રયત્નો કરી રહી છે. આ વિદ્યાસંકુલમાં અત્યારે નર્સરીથી ધોરણ-૧૨ સુધીના અંગ્રેજી માધ્યમના વિનયન તથા વાણિજ્ય વર્ગો તેમજ ગુજરાતી માધ્યમના ધોરણ-૯ સુધીના વર્ગો ચાલે છે અને ભુજમાં વસતા ગરીબ અને નોકરી કરતા વિદ્યાર્થીઓ ભણી શકે તે માટે અમો રાત્રિ શાળા શરૂ કરવા વિચારી રહ્યા છીએ. આ ઉપરાંત રાષ્ટ્રની અને એશિયાની પ્રથમ કક્ષાની મહિલા યુનિવર્સિટી શ્રીમતી નાથીબાઈ દામોદર સાથે સંલગ્ન ૧૦૦ સીટની બી.એડ્. કોલેજ વિદ્યાર્થીનીઓ માટે અમોએ ગયા વર્ષે શરૂ કરી છે. આ વર્ષ ૫૦ સીટ પી.ટી.સી.ની કોલેજ શરૂ કરવા માટેની માગણી કરી છે.

કચ્છમાં વસતા તથા કચ્છ બહાર વસતા દાતાઓના સહકારથી એક જ જગ્યાએ રહી અને ભણી શકે તે માટે કન્યા તથા કુમાર છાત્રાલય તથા પ્રાથમિક શાળાના મકાન બાંધવા માટે દાતાઓનો સહકાર અમો માંગીએ છીએ.

શ્રી શિવશક્તિ સ્ટડી સર્કલના ટ્રસ્ટીઓ તથા મા આશાપુરા અંગ્રેજી, ગુજરાતી વિદ્યાસંકુલના સમગ્ર શૈક્ષણિક પરિવારના આ બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે.

**પુષ્પદાનભાઈ ગઢવી**
ઉપપ્રમુખ/ટ્રસ્ટી

**હકુમતસિંહ જાડેજા**
પ્રમુખ/ટ્રસ્ટી

**અમો છીએ આપના**

**ડો. રમેશચંદ્ર ત્રિવેદી – શ્રીમતી કુમુદિની કોલ્હે – શ્રીમતી વિન્સી ટોમી – કુમારી નજમા મહંમદ અને – કુમારી ધ્રુવાબા રાઠોડ**

**સૌજન્ય : શ્રી સૂરેન્દ્રસિંહજી મૂળુભા રાઠોડ**

**ધારા કન્ટ્રકશન કંપની. ભુજ.**

વાવડના તંત્રી રામ કરશનદાસ ઠક્કરને
ફુલશંકર એવોર્ડ મળવા બદલ
હાર્દિક શુભેચ્છા......

# અબડાસા તાલુકા પંચાયત

**ઉમરશી ભાનુશાલી**
પ્રમુખશ્રી

**હાસમ દાઉદ મંધરા**
ઉપપ્રમુખ

**મહેશોજી સોઢા**
કારોબારી ચેરમેન

**બી. વી. પટેલ**
તાલુકા વિકાસ અધિકારી

## પર્યટન વર્ષ : ૨૦૦૬

# કચ્છનું નવનિર્માણ જ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

વર્ષ ૨૦૦૬ પ્રવાસન માટેનું અનેરૂં આકર્ષણ બની રહેવાનું છે. ગુજરાત માટે અનોખી ઘટના છે. તેમાંય કચ્છ માટે તો પ્રવાસન વર્ષ સીમાચિહ્નરૂપ સાબિત થવાનું છે. એક નહીં તેના અનેક કારણો છે. ગુજરાતના અન્ય સ્થળે તો કદાચ એકાદ પ્રાકૃતિક પ્રદેશ પર્યટનનું પથ બની શકે પણ કચ્છ પાસે તો અખૂટ કુદરતી સંપતિ છે. જોવા મળે તેવું ખારાપટનું રણ છે. રણ સાથે દરિયાનું અજીબોગરીબ મિલન છે. પર્વતો છે. રાષ્ટ્ર કક્ષાના તીર્થસ્થાનો છે. ભૂકંપ પછીના માનવીય પુરૂષાર્થના મંદિરો છે. એટલી જ અલભ્ય પશુ-પક્ષીની પ્રાકૃતિક સંપદા છે. આ બધા સાથે ભાતીગળ લોકકલા તો ખરી જ.....અરે....કચ્છની ખીચળી અને રોટલા પણ રાજસ્થાનની દાલબાટીની જેમ પ્રવાસીઓના દિલને બહેલાવી શકે છે, જરૂર છે માત્ર આ બધાના વિકાસની.

પર્યટન વર્ષ દરમિયાન કચ્છમાં તમામ પર્યટન કેન્દ્રોના વિકાસની આશા કચ્છીમાડુને છે. કેટલાક વિકાસ તો આપો આપ થાય છે. ભૂકંપ પછીનું નવનિર્માણ પ્રથમ સોંપાન છે. માથે નળિયા અને ધારમાટીના મકાનોની જગ્યાએ પાકા અને શહેરી વસાહત જેવા મકાનોવાળા ગામો બની ગયા છે. દુનિયા આખી તે જોવા આવે તો નજરે અનુભવ કરી શકે કે માત્ર પાંચ વર્ષમાં આટલું અધધ...ધધ...કામ થઈ શકે ખરૂં ? કચ્છનું નવનિર્માણ જ પર્યટનનું મોટું આકર્ષણ રૂપ બની શકે એમ છે. આજે પણ કચ્છ ફરવા આવતા સહેલાણીઓ નવનિર્માણ જોઈ મૌઢામાં આંગળા નાખી દે છે ત્યારે આ જ બાબતને જો વ્યવસ્થિત ઉજાગર કરાય તો પર્યટકો માટે નવલું નઝરાણું બની શકે એમ છે. સ્વૈચ્છિક સંસ્થાઓએ જેમ પુનઃનિર્માણમાં હાથ આપ્યો એમ આ ક્ષેત્રમાં યોગદાન આપે તો કચ્છની કાયાપલટ ખુદ પર્યટનધામ બની શકે એમ છે.

પર્યટન ધામો તો આમે ય કચ્છમાં મોજુદ છે. નારાયણ સરોવર વગર પાંચ ધામોની યાત્રા અધૂરી રહેતી હોવાથી તેનો વિકાસ પર્યટકો માટે આકર્ષણરૂપ બની શકે એમ છે. લાખો શ્રદ્ધાળુઓ કચ્છની કોમી એકતાના પ્રતિક સમાન બાબા હાજીપીર અને દેશદેવી મા આશાપુરાના ચરણોમાં મસ્તક ઝુકાવવા આવે છે ત્યારે તેમાં જો નવીન્યકારણ ઉમેરાય તો હજુ પણ આકર્ષણરૂપ બની શકે છે. અલબત જીલ્લા વહીવટીતંત્રે ત્યાં વધુ સગવડો ઉભી કરવા પર્યટન વર્ષમાં નિર્ણય કર્યો છે. એ સાથે જો આ સ્થળોએ સ્થાનિક સંસ્થાઓ હાથ મિલાવે તો ત્રણેય કેન્દ્રો મોટાં આકર્ષણ બને એમ છે.

કચ્છમાં માત્ર આ ત્રણ જ ધાર્મિક સ્થાનોથી અબડાસા, મુન્દ્રા, માંડવી અને હવે નખત્રાણા તાલુકામાં જૈનોના તીર્થસ્થાનો આકર્ષણના કેન્દ્રો છે. કચ્છ બહાર અને ખાસ કરીને મુંબઈથી આવતાં જૈનભાઈઓ વર્ષમાં અનેક વખત આવી તપ, ઉપવાસ, દાન અને આરાધના કરે છે. માત્ર મુંબઈવાસીઓ પોતાના એકાદ-બે ઓળખીતા-પાળખીતા ઇતર ગુજરાતીઓને બોલાવી કચ્છદર્શન કરાવે તો કચ્છના પર્યટનધામને ચારચાંદ લાગી જાય એમ છે. જો કે તંત્ર દ્વારા આવો પ્રયાસ કરવાનો પણ નિર્ણય કરવામાં આવતાં પર્યટન માટે મહત્વનો આ ધામ બની રહેવાનો છે. મકરાણના આરસ દ્વારા નવું બંધાઇ રહેલું શ્રી સ્વામિનારાયણનું મંદિર પણ પર્ટકો માટે આર્ષણનું કેન્દ્ર બની રહેવાનું છે.

અહીંનો સાંસ્કૃતિક વારસો અણમોલ વિરાસત છે. ભુજની છતેડી, મ્યુઝિમ, કેરા કોટ, સૂર્ય મંદિર આવા અનેક સ્થળો છે, પણ ધોળાવીરા તેમાં શિરમોર છે. હડપ્પન સંસ્કૃતિની આખેઆખી વસાહત આ ગામમાં ધરબાયેલી બહાર આવી છે. માત્ર કચ્છીઓ, ગુજરાતી અને ભારતીયો જ નહીં સમગ્ર વિશ્વ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેનારી ધોળાવીરા સંસ્કૃતિ કચ્છના પર્યટનધામ માટે હનુમાન કુદકાનું કામ કરી શકે એમ છે. રાજ્ય સરકારને હકીક્તનો અંદાજ હોવાથી ત્યાં તમામ પ્રકારની માળખાગત સુવિધા ઉભી કરવાની શરૂઆત કરી દીધી છે. કચ્છનો પ્રત્યેક ભણતો બાળક આ વિરાસતની મુલાકાત લે એ માટે શિક્ષણ સંસ્થાઓને અનુરોધ કર્યો છે. પર્યટન વર્ષ પૂર્વ મુલાકાત પણ શરૂ થઈ ગઈ છે અને પર્યટન વર્ષ દરમિયાન ધોળાવીરા કદાચ સહેલાણીઓના આકર્ષણ માટે સુસજ્જ થઈ ગયું હશે.

સાંસ્કૃતિક વારસાની સાથે કચ્છના પક્ષીઓ પણ ટુરિસ્ટો માટે આકર્ષણનું કેન્દ્ર છે. કચ્છના રણમાં ઘુડખર અભયારણ્ય પ્રવાસીઓને આકર્ષે છે. તે મોટારણનો મોટો ભાગ સાચવી બેઠો છે. જંગલી ગધેડાઓને જોવાનો લહાવો મળે છે. તો બીજી તરફ ખાવડા-ખડીર વચ્ચે ફ્લેમિંગો સીટી, દુનિયાભરના પક્ષીઓ માટે પ્રજનનનું સ્થળ છે. અબડાસાનું ધોરાડ અભયારણ્ય, નારાયણ સરોવર-અબડાસાનું ચિંકાર અભયારણ્ય તો નખત્રાણા તાલુકાની ભોંયડ નદીમાં જોવા મળતા અનેકવિધ પક્ષીઓ અબડાસા, ખડીર, વાગડ વિગેરે વિસ્તારોમાં નવા નવા પક્ષીઓ જોવા મળે છે. આ પક્ષીઓ જ્યાં ધામા નાખે છે એવા ડુંગરો પણ રળિયામણાં છે. કચ્છનો કાળોડુંગર સરહદનો સંત્રી બનીને ઉભો છે. કચ્છની ધરતીને નિહાળવાનો અદ્ભૂત લ્હાવો છે. એવો જ ધીણોધર છે. ટ્રેકિંગ માટેનું મહત્વનું સેન્ટર બની શકે એમ છે.

કચ્છમાં ભૂકંપ પછી નવા ઉદ્યોગો આવ્યા છે. કયારેય કલ્પના ન કરી હોય એવા મોટા ઉદ્યોગો અહીં ધમધમી રહ્યા છે. સૂકા ગણાતા કચ્છ માટે આ નવી જ ઘટના છે. જેમ પશ્ચિમ કચ્છમાં છે તેમ પૂર્વ કચ્છમાં હજારો કરોડના ખર્ચે ઔદ્યોગિક તીર્થ સ્થાનો થયા છે, ઉદ્યોગોને કારણે હોટેલ ઉદ્યોગ વિકસી શકે છે તેવો એ પ્રવાસને જ બળ આપે છે. એજ પ્રકારે કંડલા બંદર અને કંડલા આખું ઈકોનોમિક ઝોન છે.

(વધુ માટે પાના ૧૩)